ICE®

# MIRACLES

EXCLUSIVE FOR GPSC

(CLASS 1/2, P.I., S.T.I., DY.SO., DY. MAMLATDAR)

સંપાદક : મૌલિક ગોંધિયા | VOLUME 9 | 16 to 31 August - 2020




PAGE 21 રાષ્ટ્રીય ભરતી એજન્સી




PAGE 19

સ્વચ્છ સર્વેક્ષણ રિપોર્ટ - 2020




PAGE 23

નિકાસ તત્પરતા સૂચકાંક - 2020

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

Contact us at : 9375701110/9328001110

# સંપાદકની કલમે

વર્તમાન પ્રવાહો એ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન પ્રવાહો પરીક્ષા માટે અગત્યતા ધરાવે છે પરંતુ તેનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે પ્રશ્નો કોઈપણ ઘટના આધારીત પૂછવામાં આવતા હોય છે. વર્તમાન પ્રવાહોની આ અનિશ્ચિતતા દૂર કરી, વિદ્યાર્થીઓને એક જ સ્ત્રોતમાંથી તૈયારી કરવાની મહેનત થાય અને સમયમાં પણ બચાવ થાય તે આધારે જ **'ICE Miracle'** નામનું આ મેગેઝિન તૈયાર કરવામાં આવ્યું છે. જે દર **15** દિવસે પ્રકાશિત કરવામાં આવશે.

વર્ષ **2017**થી લેવામાં આવતી **GPSC**ની બધી જ પરીક્ષાઓના વર્તમાન પ્રવાહોના પ્રશ્નોનું વિશ્લેષણ કર્યા બાદ **GPSC** દ્વારા આવરી લેવામાં આવતા તમામ પાસાઓને આ મેગેઝિન અંતર્ગત આવરી લેવામાં આવેલ છે. **GPSC** દ્વારા લેવામાં આવતી પરીક્ષા માટે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઘટનાઓનું વિશ્લેષણ કરવાની જરૂરીયાત રહેતી હોય છે અને વિશ્લેષણનું કૌશલ્ય ત્યારે જ કેળવી શકાય જ્યારે આ ઘટનાઓને વિવિધ દષ્ટિકોણથી જોવામાં આવે અને ખાસ કરીને આવી માહિતી ગુજરાતીમાં ઉપલબ્ધ હોય તો વિદ્યાર્થીઓને તૈયારી કરવામાં સરળતા રહેતી હોય છે. આથી આવો બહુ–દષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ આ મેગેઝિન દ્વારા **ICE**ના માધ્યમથી કરવામાં આવેલો છે. અમને ચોક્કસ એવી આશા છે કે આ મેગેઝિન તમારી મહેનતને સરળ અને સચોટ બનાવશે અને આવો જ પ્રયાસ કરવા **ICE** કટિબદ્ધ છે.

# INDEX


## 1. બંધારણ અને રાજયવ્યવસ્થા...1

- મહિલાઓ માટે વિવાહની ન્યૂનત્તમ ઉંમર........1
- જમ્મુ-કાશ્મીર માટેના નિયમોની સૂચના.........1
- જારવા જનજાતિ.......................................2
- આરોગ્ય ડેટા મેનેજમેન્ટ પોલિસી પર ડ્રાફ્ટ......3
- રાજીવ કુમારની ચૂંટણી કમિશનર તરીકે નિયુક્તિ ..................................................3
- ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય પરિષદ......4
- DNA બિલ..........................................5
- AFSPA................................................5
- અવિશ્વાસ પ્રસ્તાવ.....................................6
- ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ 2020...............7

## 2. અર્થતંત્ર............................08

- PURA પહેલ.........................................8
- વસ્તુ અને સેવા કર(GST)માં ઘટાડો.............8
- નાણાકીય શિક્ષા માટે રાષ્ટ્રીય વ્યૂહરચના.......9
- પી-નોટ્સ.............................................10
- દિવ્યાંગ વ્યક્તિઓ માટે ખાદ્ય સુરક્ષા..........10
- મુંબઈ ઉપનગરીય રેલવે પ્રણાલીની ક્ષમતા વિસ્તાર પર કરાર.........................................11
- સંરચિત નાણા અને આંશિક ગેરેંટી કાર્યક્રમ...11

## 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ.....12

- બ્રિક્સ એન્ટિ-ડ્રગ વર્કિંગ ગ્રુપની બેઠક........12
- બાળ મજૂરી પર કન્વેન્શન નંબર 182..........13
- આસિયાન-ભારત આર્થિક મંત્રીઓની સલાહ-સૂચન બેઠક...............................13
- કવકાઝ / કાકેશસ - 2020 લશ્કરી કવાયત....13
- આસિયાન-ભારત નેટવર્ક ઓફ થિંક ટેંક.....14
- ભારત વિયેતનામ સંયુક્ત આયોગની બેઠક ..................................................15

## 4. વિજ્ઞાન અને ટેકનોલોજી....16

- વિજ્ઞાન અને ટેક્નોલોજી સંકેતક 2018........16
- એસ્ટ્રોસેટ ટોલિસ્કોપ.............................16
- પિનાકા રોકેટ.....................................17

## 5. યોજના/પોર્ટલ/રિપોર્ટ.........18

- અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટ્યુશન્સ ઓન ઈનોવેશન અચિવમેન્ટ્સ (ARIIA) 2020........18
- જીવનની ડિજિટલ ગુણવત્તા સૂચકાંક 2020....18
- જનજાતીય સ્વાસ્થ્ય અને પોષણ પોર્ટલ- 'સ્વાસ્થ્ય' ..................................................19
- સ્વચ્છ સર્વેક્ષણ રિપોર્ટ 2020......................19
- સ્વદેશી માઈક્રોપ્રોસેસર ચેલેન્જ...................20
- રાષ્ટ્રીય ભરતી એજન્સી..........................21
- પોષણ માસ.........................................22
- રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન 'એશિયા'....22
- નિકાસ તત્પરતા સૂચકાંક 2020................23
- ઉડાન યોજના.......................................24
- "ચેલેન્જ" નેક્સ્ટ જનરેશન સ્ટાર્ટ-અપ ચેલેન્જ સ્પર્ધા..........................................24
- ટ્રાઈબ્સ ઈન્ડિયા ઓન વ્હીલ્સ....................25

- હરિત પથ.........................................25
- રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર-2020.........26
- ભારતીય રિઝર્વ બેંકનો વાર્ષિક રિપોર્ટ.........26
- નેશનલ બેસ્ટ ટીચર્સ એવોર્ડ-2020..............28

## 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ.........................29

- ભાડભૂત પ્રોજેક્ટ...................................29
- વિશ્વ સૌર ટેકનોલોજી સંમેલન..................29
- સતલુજ-યમુના લિંક નહેર.........................30
- તીસ્તા નદી જળ વિવાદ : ભારત અને બાંગ્લાદેશ.........................................31
- અટલ બીમિત વ્યકિત કલ્યાણ યોજના........31
- થુંબી મહોત્સવમ 2020..............................32
- BIS દ્વારા પેયજળ માનકો પર ડ્રાફ્ટ..........32
- અર્થ ઓવરશોટ ડે.....................................33
- રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ......................34

## 7. ઈતિહાસ અને સંસ્કૃતિ.......35

- લિંગરાજ મંદિર........................................35
- ઓણમ...................................................35
- ASIના સાત નવા વહીવટી વર્તુળો..............35
- પ્રકાશ પર્વ..............................................36
- નુઆખાઈ જુહાર......................................36

## 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો..............................37

- ફિટ ઈન્ડિયા યૂથ કલબ..........................37
- રાકેશ અસ્થાના 'સીમા સુરક્ષા બલ'ના નવા ડાયરેક્ટર જનરલ.....................................37
- ચેસ ઓલિમ્પિયાડ...................................37
- રાણી લક્ષ્મીબાઈ સેન્ટ્રલ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી ...........................................................37
- માનસિક સ્વાસ્થ્ય માટે હેલ્પલાઈન નંબર.......38
- આફ્રિકાએ વાઈલ્ડ પોલિયો મુક્ત જાહેર.......38
- સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર..........38
- ગજાનંદ યાદવ........................................38
- રોપ વે...................................................39
- માય IAF એપ.........................................39
- INS વિરાટ.............................................39
- ફાસ્ટૈગ..................................................39
- ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMO).............40
- સંસદીય અધ્યક્ષોનું વૈશ્વિક સંમેલન...........40
- નિંજા UAV............................................40
- વૈશ્વિક માનવતાવાદી દિવસ......................40
- લેબર બ્યૂરોનો નવો લોગો........................40
- IBM અને NSDC વચ્ચે કરાર...................40
- બ્રિટન દ્વારા ભારતમાં ઈનોવેશન ચેલેન્જ ફંડ ...........................................................41
- રમેશચંદ્ર ટાસ્ક ફોર્સ.................................41
- ઈન્ટરનેશનલ બુકર પુરસ્કાર......................41
- આંતરરાષ્ટ્રીય મહિલા વ્યાપાર કેન્દ્ર.............41


INSTITUTE FOR COMPETITIVE EXAMS


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# 1. બંધારણ અને રાજ્યવ્યવસ્થા

## મહિલાઓ માટે વિવાહની ન્યૂનત્તમ ઉંમર

➤ 74માં સ્વતંત્રતા દિવસ દરમિયાનના પોતાના સંબોધન દરમિયાન ભારતના પ્રધાનમંત્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, કેન્દ્ર સરકાર મહિલાઓ માટે વિવાહની ન્યૂનત્તમ ઉંમર પર પુનઃવિચાર કરશે.

### પ્રધાનમંત્રીની જાહેરાતની મુખ્ય બાબતો :

➤ કેન્દ્ર સરકારે મહિલાઓ માટે વિવાહની ન્યૂનત્તમ ઉંમર મર્યાદા પર પુનઃવિચાર કરવા હેતુ એક સમિતિનું પણ ગઠન કર્યું છે.

➤ પ્રધાનમંત્રી અનુસાર કેન્દ્ર સરકાર સમિતિ દ્વારા રિપોર્ટ પ્રસ્તુત કર્યા બાદ આ વિષય પર નિર્ણય લેશે.

➤ વર્તમાન નિયમો અનુસાર પુરુષો અને મહિલાઓ માટે વિવાહની ન્યૂનત્તમ ઉંમર એ ક્રમશઃ 21 અને 18 વર્ષ છે.

### ભારતમાં વિવાહની ન્યૂનત્તમ ઉંમર સંબંધિત ઐતિહાસિક તથ્યો :

➤ વર્ષ 1860માં લાગુ કરવામાં આવેલ ભારતીય દંડ સંહિતા મુજબ 10 વર્ષથી ઓછી ઉંમરની છોકરી સાથે કોઈપણ પ્રકારના શારીરિક સંબંધનો અપરાધની શ્રેણીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

➤ વર્ષ 1927માં બ્રિટિશ સરકાર દ્વારા કાયદાના માધ્યમથી 12 વર્ષથી ઓછી ઉંમરની કોઈ છોકરી સાથેના વિવાહને અમાન્ય ઘોષિત કર્યા હતા.

➤ વર્ષ 1929માં બાલ વિવાહ વિરોધી અધિનિયમના માધ્યમથી મહિલાઓ અને પુરુષોના વિવાહની ન્યૂનત્તમ ઉંમર ક્રમશઃ 14 અને 18 નક્કી કરવામાં આવી હતી.

➤ વર્ષ 1949માં નિયમોમાં સુધારો કરી મહિલાઓના વિવાહની ન્યૂનત્તમ ઉંમર વધારીને 15 વર્ષ કરવામાં આવી હતી.

➤ ત્યારબાદ વર્ષ 1978માં અધિનિયમમાં ફરી સુધારો કરવામાં આવ્યો અને મહિલાઓ તથા પુરુષો માટે વિવાહની ન્યૂનત્તમ ઉંમર ક્રમશ : 18 અને 21 વર્ષ કરવામાં આવી હતી.

➤ વિવાહની ન્યૂનત્તમ ઉંમરના સંબંધે મહિલાઓ અને પુરુષો વચ્ચેના અંતર બાબતે કોઈ કાયદાકીય તર્ક જોવા મળેલ નથી. ઘણાં લોકો આ બાબતને અનુચ્છેદ 14 (સમાનતાનો અધિકાર) અને અનુચ્છેદ 21 (ગરીમાપૂર્ણ જીવન જીવવાના અધિકાર)નું ઉલ્લંઘન માને છે.

➤ વર્ષ 2018ના કાયદા પંચના પોતાના ભલામણ પત્રમાં પણ જણાવવામાં આવ્યું હતું કે, મહિલાઓ અને પુરુષોની વિવાહ માટેની અલગ–અલગ ઉંમર એ સમાજમાં રૂઢિવાદિતાને પ્રોત્સાહન આપે છે.

## જમ્મુ-કાશ્મીર માટેના નિયમોની સૂચના

➤ તાજેતરમાં જ ગૃહ મંત્રાલયે જમ્મુ–કાશ્મીર શાસિત પ્રદેશ માટે વેપાર વ્યવહાર માટેના નિયમોની સૂચના આપી છે.

### જમ્મુ-કાશ્મીર માટેના નિયમોની મુખ્ય બાબતો

➤ આ નિયમોને જમ્મુ–કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, 2019 ની કલમ 55 હેઠળ સૂચિત કરવામાં આવ્યા છે.

➤ જમ્મુ–કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, 2019ની કલમ 55 મુજબ, 'ઉપરાજયપાલ' મંત્રીઓને જવાબદારીઓ ફાળવવા અને ઉપરાજયપાલ અને મંત્રીમંડળ અથવા એક મંત્રી વચ્ચે તફાવત હોવાના કિસ્સામાં વ્યવસાયના વધુ અનુકૂળ વ્યવહાર માટે મંત્રીપરિષદની સલાહ ઉપર નિયમો બનાવશે.

➤ આ નિયમોમાં જમ્મુ–કાશ્મીરમાં કામની ફાળવણી વિભાગો અને તેમની સત્તાઓમાં વેપારનું વિતરણ ઉપરાજયપાલની કારોબારી સત્તા વગેરેની વિગતો આપવામાં આવી છે.

➤ નિયમો મુજબ જમ્મુ અને કાશ્મીરમાં શાળા શિક્ષણ, કૃષિ, ઉચ્ચ શિક્ષણ, બાગાયતી, ચૂંટણી, સામાન્ય વહીવટ, ગૃહ, ખાણકામ, વીજળી, જાહેર બાંધકામ વિભાગ, આદિજાતિ બાબતો અને પરિવહન વગેરે જેવા 39 વિભાગો હશે.

➤ પોલીસ, જાહેર હુકમ, અખિલ ભારતીય સેવાઓ અને ભ્રષ્ટાચાર વિરોધી કાર્યો ઉપરાજયપાલના કારોબારી કાર્યો હેઠળ આવશે.

➤ કેન્દ્રશાસિત પ્રદેશોની શાંતિ અને અમન કે કોઈપણ લઘુમતી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સમુદાય અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને પછાત વર્ગોના હિતને અસર કરે છે તેને અનિવાર્ય રૂપથી મુખ્યમંત્રીને સૂચિત કરતા મુખ્ય સચિવના માધ્યમથી ઉપરાજયપાલ સમક્ષ રજૂ કરવામાં આવશે.

- કેન્દ્ર કે રાજ્ય સરકારના વિવાદને લગતી કોઈપણ બાબત, કે જેના માટે કેન્દ્ર શાસિત પ્રદેશના હસ્તક્ષેપની આવશ્યકતા હોય, તે વહેલી તકે મુખ્ય સચિવ દ્વારા ઉપરાજયપાલ અને મુખ્યમંત્રીના ધ્યાને લેવામાં આવશે.
- કેન્દ્ર તરફથી પ્રાપ્ત તમામ મહત્ત્વપૂર્ણ આદેશો / માર્ગદર્શિકાને લગતી માહિતી વહેલી તકે મુખ્ય સચિવ, પ્રભારી મંત્રી, મુખ્યમંત્રી અને ઉપરાજયપાલની સમક્ષ લાવવામાં આવશે.
- ઉપરાજયપાલ અને મંત્રી વચ્ચે કોઈ મતભેદોની સ્થિતિમાં એક મહિના પછી પણ કોઈ કરાર નહિ થવા પર ઉપરાજયપાલનો નિર્ણય મંત્રી પરિષદ દ્વારા સ્વીકારવામાં આવશે.

## જારવા જનજાતિ

- તાજેતરમાં COVID-19થી ચેપ લાગેલ ગ્રેટ અંડમાનિસ જાતિના નવ લોકોની શોધને કારણે અંડમાન અને નિકોબાર દ્વીપના વહીવટીતંત્રએ જારવા આદિજાતિના લોકો માટે COVID-19 પરીક્ષણ લેવાનું નક્કી કર્યું છે.
- આંદામાન અને નિકોબાર દ્વીપમાં 6 સૂચિત અનુસૂચિત જનજાતિ છે.
- નિકોબારી જનજાતિ સિવાય અન્ય પાંચ જાતિઓ (જરાવા ઓંગાલ ગ્રેટ અંડમાનીઝલ શોમ્પન અને સેન્ટિની) ખાસ કરીને નબળા આદિજાતિ જૂર્થો (Particularly Vulnerable Tribal Groups- PVTGs)માં સૂચિબદ્ધ છે.
- હાલમાં જારવા આદિજાતિ જૂથના 500 જેટલા સભ્યો જારવા રિઝર્વના પશ્ચિમ કાંઠે રહે છે.

### જારવા જનજાતિ અને ખાસ કરીને નબળા આદિજાતિ જૂથો વિશે

■ **જારવા જનજાતિ વિશે :**

- દક્ષિણ અંદમાન અને મધ્ય આંદામાન ટાપુઓ જારવા આદિજાતિનું ઘર છે.
- હાલમાં વિચરતી જારવા જાતિના 500 જેટલા સભ્યો ચડ્ડામાં 40-50 લોકોનાં જૂથોમાં રહે છે જેને તેઓ પોતાનું ઘર કહે છે.
- વ્યવસાય પ્રવૃત્તિઓ : ડુક્કર, કાચબા, માછલી, કરચલા વગેરેનો શિકાર, ફળો, જંગલી મૂળ, કંદ અને મધ એકત્રિત કરવો.

### ખાસ કરીને નબળા આદિજાતિ જૂથો (Particularly Vulnerable Tribal Groups- PVTGs) વિશે

- તમામ આદિજાતિ જૂથોમાં ખાસ કરીને નબળા આદિજાતિ જૂથો સૌથી સંવેદનશીલ છે.
- આ જૂથોની વસ્તી સ્થિર અથવા ઓછી થઈ રહી છે, અને તેમની સાક્ષરતાનું સ્તર ઓછું છે, તેમની તકનીક પૂર્વ કૃષિ સ્તરની છે અને આ જૂથો આર્થિક રીતે ખૂબ પછાત છે.
- આ જૂથો હંમેશાં દૂરસ્થ વિસ્તારોમાં રહે છે જયાં મૂળભૂત સવલતો અને વહીવટી સહાયનો લગભગ અભાવ હોય છે.

### ખાસ કરીને નબળા આદિજાતિ જૂથોની ઓળખ

- 1973માં ઢેબર અયોગ દ્વારા આદિજાતિ જૂથોમાં સૌથી ઓછા વિકસિત આદિજાતિઓને 'આદિમ આદિજાતિ જૂથો (Primitive Tribal Groups–PTG)' ને અલગ શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 1975માં ભારત સરકાર દ્વારા સૌથી સંવેદનશીલ આદિજાતિ જૂથોને ખાસ કરીને નબળા આદિજાતિ જૂથોની ઓળખ નામની એક અલગ શ્રેણી તરીકે ઓળખવા માટે પહેલ કરવામાં આવી હતી અને આવા 52 જૂથોને સૂચિત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 1993માં PVTGS માં બીજા 23 જૂથોને આ શ્રેણીમાં સમાવવામાં આવ્યા હતા.
- હાલની PVTGs શ્રેણીમાં કુલ 75 જૂથો શામેલ છે અને દેશની 2011ની વસતી ગણતરી મુજબ 18થી વધુ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશ (આંદામાન અને નિકોબાર દ્વીપ)માં ફેલાયેલ છે.
- 75 PVTGSમાં સૌથી વધુ ઓડિશા (13)માં છે ત્યારબાદ આંધ્રપ્રદેશ (12)નું સ્થાન છે.
- વર્ષ 2006માં ભારત સરકારે PTGનું નામ બદલીને PVTGS કર્યું હતું.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## આરોગ્ય ડેટા મેનેજમેન્ટ પોલિસી પર ડ્રાફ્ટ

- નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) એ ટિપ્પણીઓ અને પ્રતિસાદ માટે હેલ્થ ડેટા મેનેજમેન્ટ પોલિસીનો ડ્રાફ્ટ બહાર પાડ્યો છે.
- હેલ્થ ડેટા મેનેજમેન્ટ પોલિસીનો ડ્રાફ્ટ આરોગ્ય ક્ષેત્રને લગતા ડેટાની ગોપનીયતા અને સુરક્ષા માટેના લઘુત્તમ ધોરણો નિર્ધારિત કરવા માટે માર્ગદર્શક દસ્તાવેજ તરીકે કાર્ય કરશે.

### પોલિસીનો ઉદ્દેશ

- પૂરતું માર્ગદર્શન પ્રદાન કરવું અને સામાન્ય નાગરિકોના વ્યક્તિગત અને સંવેદનશીલ ડેટાની સલામત પ્રક્રિયા માટે એક માળખું બનાવવું.
- ડિજિટલ રૂપે વ્યક્તિગત અને તબીબી ડેટા પ્રદાન કરવો જેથી તે આરોગ્ય સંભાળ પ્રદાતાઓ અને સામાન્ય નાગરિકો દ્વારા સરળતાથી મેળવી શકાય તેમજ તે સંપૂર્ણ રીતે સ્વૈચ્છિક હશે અને તે ફક્ત કોઈ વ્યક્તિની સંમતિ દ્વારા અને આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરીને એકત્રિત કરવામાં આવશે.
- ડેટાની ગુપ્તતા અને સુરક્ષા અંગે જાગૃતિ પ્રદાન કરવા.
- રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય ઈકોસિસ્ટમનું મૂલ્યાંકન કરવા માટે જરૂરી સંસ્થાકીય પદ્ધતિઓ સ્થાપિત કરવા.
- ભારતીય આરોગ્ય ક્ષેત્રમાં હાલની માહિતી સિસ્ટમોનો લાભ મેળવવા માટે.

### પોલીસીના ડ્રાફ્ટની મુખ્ય જોગવાઈઓ

- આ ડ્રાફ્ટ નીતિ મુખ્યત્વે એવા વ્યક્તિઓથી સંવેદનશીલ ડેટાને સુરક્ષિત રાખવા માટેનું માળખું મૂકે છે જે રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય આરોગ્ય ઈકોસિસ્ટમનો ભાગ છે.
- સંબંધિત દસ્તાવેજ મુજબ રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય ઈકોસિસ્ટમ હેઠળ એકત્રિત કરવામાં આવેલા ડેટાને કેન્દ્રિય સ્તરે, રાજ્ય–કેન્દ્રશાસિત રાજ્ય કક્ષાએ અને આરોગ્ય સુવિધા સ્તર પર ન્યૂનત્તમતાના સિદ્ધાંતને અપનાવીને સંગ્રહિત કરવામાં આવશે.
- સૂચિત ડ્રાફ્ટમાં જણાવાયું છે કે 'હેલ્થ આઈડી' વિકલ્પ પસંદ કરતા દર્દીઓને તેમના વ્યક્તિગત અને સંવેદનશીલ ડેટાના સંગ્રહ અને પ્રક્રિયા પર સંપૂર્ણ નિયંત્રણ અને અધિકાર આપવામાં આવશે.
- તેની સૌથી અગત્યની વિશેષતા એ છે કે દર્દીઓ કોઈપણ સમયે વ્યક્તિગત ડેટા એકત્રિત કરવા માટે તેમની સંમતિ પાછી ખેંચી શકે છે.
- આરોગ્ય માહિતી પ્રદાતાઓ અને વપરાશકર્તાઓ સહિત ડેટાને પ્રોસેસ કરતી બધી સંસ્થાઓએ 'વ્યક્તિગત ડેટા ભંગ વ્યવસ્થાપન મિકેનિઝમ' બનાવવી આવશ્યક છે તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે અનધિકૃત અથવા આકસ્મિક જાહેરાત વહેંચણી ફેરફાર અથવા વ્યક્તિગત ડેટાના ઉપયોગની ઘટનામાં રાષ્ટ્રીય હેલ્થ ઓથોરિટી (NHA) અને અન્ય સંબંધિત સંસ્થાઓને તાત્કાલિક માહિતી મળી શકે છે.
- ડ્રાફ્ટ હેઠળ નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) દર્દીઓના વ્યક્તિગત ડેટા ભંગની ઓળખ ટ્રેકિંગ સમીક્ષા અને તપાસ માટે જરૂરી પ્રક્રિયાઓ બનાવશે.

## રાજીવ કુમારની ચૂંટણી કમિશનર તરીકે નિયુક્તિ

- તાજેતરમાં ચૂંટણી કમિશનર અશોક લવાસા દ્વારા રાજીનામું આપ્યા બાદ રાજીવ કુમારને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- રાષ્ટ્રપતિ દ્વારા ભારતીય બંધારણના અનુચ્છેદ 324(2) મુજબ ચૂંટણી કમિશનર તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી.

### Back to basics : ચૂંટણી પંચ અને ચૂંટણી કમિશનરો વિશે

- ભારતીય બંધારણના અનુચ્છેદ 324 અંતર્ગત સંસદ, રાજ્ય વિધાનમંડળ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિના પદો પરની ચૂંટણીનું આયોજન સંચાલન, નિયંત્રણ, મતદારોની સૂચિ તૈયાર કરવા વગેરે માટે ચૂંટણી પંચની વ્યવસ્થા કરવામાં આવી છે.

## કેન્દ્રીય ચૂંટણી પંચનું માળખું

➤ બંધારણમાં ચૂંટણી પંચની સંરચના/માળખા બાબતે નીચેની બાબતોની જોગવાઈઓ કરવામાં આવી છે :

(1) ચૂંટણી આયોગ એ મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોથી મળીને બનેલું છે.

(2) મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂક એ રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

(3) જ્યારે કોઈ અન્ય ચૂંટણી કમિશનરની નિમણૂક કરવામાં આવે છે, ત્યારે મુખ્ય ચૂંટણી કમિશનર એ ચૂંટણી પંચના અધ્યક્ષ તરીકે કાર્ય કરે છે.

## કેન્દ્રીય ચૂંટણી પંચના ચૂંટણી કમિશનરો સંબંધિત અન્ય બાબતો

➤ મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની સત્તાઓ એ સમાન હોય છે અને પંચની બધી બાબતોમાં નિર્ણય એ બહુમતી દ્વારા લેવામાં આવે છે.

➤ મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય 2 ચૂંટણી કમિશનરોના વેતન અને ભથ્થાઓ સમાન હોય છે.

➤ ચૂંટણી કમિશનરોનો કાર્યકાળ એ 65 વર્ષ / 6 વર્ષ બેમાંથી જે પહેલા આવે તેટલો છે અને તેઓ પોતાનું રાજીનામું કયારેય પણ રાષ્ટ્રપતિને આપી શકે છે.

➤ ચૂંટણી કમિશનરોને તેમના કાર્યકાળ પહેલા પદ પરથી પણ હટાવી શકાય જો કે મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાની પ્રક્રિયાએ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને હટાવવાની પ્રક્રિયાને સમાન છે જ્યારે અન્ય ચૂંટણી કમિશનરોને મુખ્ય ચૂંટણી કમિશનરની સલાહને આધારે હટાવી શકાય છે.

# ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય પરિષદ

➤ તાજેતરમાં "સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય" દ્વારા એક અધિસૂચનાના માધ્યમથી "ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય પરિષદ"નું ગઠન કર્યું છે.

➤ આ પરિષદનું ગઠન "ટ્રાન્સજેન્ડર વ્યક્તિ (અધિકારોનું સંરક્ષણ) અધિનિયમ 2019" અંતર્ગત કરવામાં આવેલ છે.

➤ આ અધિનિયમમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સશક્તિકરણની દિશામાં એક મજબૂત કાર્ય પ્રણાલી ઉપલબ્ધ કરાવવાની જોગવાઈને સામેલ કરવામાં આવેલ છે.

**પરિષદનું માળખું**

| પદ | માહિતી |
|---|---|
| અધ્યક્ષ | સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી |
| ઉપાધ્યક્ષ | રાજ્યમંત્રી, સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય |
| પદના આધારે સભ્યો | સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ગૃહ મંત્રાલય, આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય, અલ્પસંખ્યક બાબતોના મંત્રાલય, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ગ્રામીણ વિકાસ મંત્રાલય, શ્રમ અને રોજગાર મંત્રાલય, કાનૂની બાબતોના વિભાગ, પેન્શન અને પેન્શનભોગવતા કલ્યાણ વિભાગ અને નીતિ આયોગના અધિકારીઓનો સમાવેશ થશે. |
| નામાંકિત સભ્યો | ટ્રાન્સજેન્ડર સમુદાયના 5 નામાંકિત સભ્યો પ્રતિનિધિ રોટેશનના આધાર પર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોથી નામાંકિત કરવામાં આવશે. |

■ **પરિષદનો ઉદ્દેશ્ય**

➤ રાજ્યો સાથે મળીને બધા રાજ્યોમાં "ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડ" સ્થાપનાની દિશામાં કાર્ય કરવું.

➤ ટ્રાન્સજેન્ડર સમુદાયથી જોડાયેલ વિશેષ આવશ્યકતાઓ જેવીકે આવાસ, ભોજન, સ્વાસ્થ્ય કાળજી, શિક્ષા જેવી જરૂરિયાતો પૂરી કરવી.

**પરિષદના કાર્યો :**

➤ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના સંબંધમાં નીતિઓ, કાર્યક્રમો, કાયદાઓ અને પ્રોજેક્ટ નિર્માણ પર કેન્દ્ર સરકારને સલાહ આપવી.

➤ ટ્રાન્સજેન્ડર વ્યક્તિને સમાન અધિકાર આપવા અને પૂર્ણ ભાગીદારી પ્રાપ્ત કરવાની દિશામાં નિર્મિત નીતિઓ અને કાર્યક્રમોની અસરકારકતાનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવું.

➤ ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓની ફરિયાદોનું નિવારણ કરવું.

➤ કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરવામાં આવતા અન્ય કાર્યો કરવા.

## DNA બિલ

- "વિજ્ઞાન અને ટેક્નોલોજી પરની સંસદીય સ્થાયી સમિતિ"ના ડ્રાફટ રિપોર્ટ મુજબ, "DNA ટેક્નોલોજી (ઉપયોગ અને એપ્લિકેશન) વિનિમય બિલ, 2019"નો જાતિ કે સમુદાય આધારિત પ્રોફાઈલિંગ માટે દુરુપયોગ થઈ શકે છે.

### DNA બિલ શું છે ?

- 8 જુલાઈ, 2019ના DNA બિલને લોકસભામાં રજુ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેને સંસદીય સમિતિ પાસે સૂચનો અર્થે મોકલવામાં આવ્યું હતું.

### DNA બિલની મુખ્ય જોગવાઈઓ

- DNA બિલ મુજબ ફકત બિલની સૂચિમાં હોય તેવી બાબતોના DNA પરીક્ષણની મંજૂરી છે.
- સૂચિ અંતર્ગત ભારતીય દંડ સંહિતા-1860ના ગુનાઓ અને પિતૃત્વ નિર્ધારણ મુદ્દાઓ, વ્યકિતગત ઓળખ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- DNA પ્રોફાઈલ તૈયાર કરતી વખતે તપાસ અધિકારી દ્વારા શારીરિક નમૂનાઓ એકત્રિત કરી શકાય છે.
- અમુક સ્થિતિઓમાં નમૂનાઓ એકત્રિત કરવા અધિકારીઓએ મંજૂરી લેવી જરૂરી છે.
- બિલ અંતર્ગત એક રાષ્ટ્રીય DNA ડેટા બેંક અને પ્રત્યેક રાજ્ય કે બે કે તેથી વધુ રાજ્યો માટે ક્ષેત્રીય ડેટા બેંકની સ્થાપનાની જોગવાઈ કરવામાં આવી છે.
- DNA પ્રયોગશાળાઓએ તેમનો DNA ડેટા રાષ્ટ્રીય કે ક્ષેત્રીય બેંકો સાથે વહેંચવાનો રહેશે.
- DNA પ્રોફાઈલના પ્રવેશ, પ્રતિધારણ કે હટાવવા (Entry, Retention or Removal)ના માપદંડો નિયમો દ્વારા સૂચવવામાં આવશે.
- DNA નિયામક બોર્ડની સ્થાપનાની જોગવાઈ કરવામાં આવી છે. જે DNA ડેટા બેંકો અને પ્રયોગશાળાઓનું નિરીક્ષણ કરશે.
- DNAની જાણકારી પ્રકાશિત કરવામાં આવે કે ઓથોરિટીની મંજૂરી વિના DNA નમૂનાઓ એકત્રિત કરવામાં આવે તો તેના સંબંધી સજાની જોગવાઈ પણ છે.

### DNA બિલ સંબંધે સંસદીય સમિતિ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ

- DNA પ્રોફાઈલ કે નમૂના દ્વારા સંવેદનશીલ જાણકારી (દા.ત. ત્વચા, રંગ, વ્યવહાર, બીમારી) વગેરેનો દુરુપયોગ થઈ શકે છે.
- બિલ અંતર્ગત ભવિષ્યમાં અન્વેશણ માટેના શંકાસ્પદ લોકો, વિચારાધીન કેદીઓ, પીડિતો અને તેના સંબંધી વગેરેની DNA પ્રોફાઈલ સંગ્રહીત કરવાનો પ્રસ્તાવ છે. સમિતિ મુજબ ફકત દોષીઓના DNA ડેટાબેઝનો સંગ્રહ થવો જોઈએ.
- બિલમાં ઘણા કિસ્સામાં DNA નમૂના પહેલા વ્યકિતની સહમતિ જરૂરી છે પરંતુ મેજિસ્ટ્રેટ લોકોની સહમતિની બાબતને ઓવરરાઈટ કરી શકે છે. આથી સત્તાનો દુરુપયોગ થવાની સંભાવના છે.
- સમિતિ મુજબ DNA નમૂનાઓને નષ્ટ કરવા અને ડેટાબેઝથી DNA પ્રોફાઈલ હટાવવા સ્વતંત્ર એજન્સી હોવી જોઈએ.
- સમિતિ અનુસાર જો નાગરિક બાબતો (Civil Matters) માં DNA પ્રોફાઈલ સગ્રહિત કરવામાં આવશે તો તેનાથી ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન થશે.

### શા માટે DNA બિલ જરૂરી છે ?

- રાષ્ટ્રીય ગુના રેકોર્ડ બ્યૂરો" મુજબ પ્રતિવર્ષ 1,00,000 બાળકો ગુમ/લાપતા થાય છે. આ બિલ એ લાપતા બાળકોની ઓળખ કરવામાં મદદ કરશે અને અજ્ઞાત લોકોની ઓળખ માટે પણ મદદરૂપ બનશે.
- બળાત્કાર અને હત્યા જેવા કલંકિત ગુનાઓમાં શામેલ ગુનેગારોની ઓળખ કરવામાં મદદ મળશે.
- વર્તમાનમાં ભારતમાં DNA પરીક્ષણ એ કુલ જરૂરિયાતના ફકત 2-3% છે. આથી બિલના માધ્યમથી તેની વ્યાપકતા વધારવામાં મદદ મળશે.

## AFSPA

- તાજેતરમાં ગૃહમંત્રાલય સશસ્ત્ર બલ (વિશેષાધિકાર) અધિનિયમ, 1958 (Armed Forces Special Powers Act-AFSPA)ની કલમ 3 અંતર્ગત પ્રાપ્ત સત્તાનો ઉપયોગ કરી 6 મહિનાના સમય માટે આસામને "અશાંત ક્ષેત્ર" જાહેર કરેલ છે.

## Back to basics : AFSPA વિશે

- AFSPA એ વર્ષ 1958માં એક વટહુકમના માધ્યમથી લાવવામાં આવ્યું હતું ત્યારબાદ તેને કાયદાકીય માન્યતા આપવામાં આવી હતી.
- વર્ષ 1958 પછી પૂર્વોત્તર ભારતમાં બંધારણ લાગુ થયા પછી વધતા અલગાવવાદ, હિંસા અને વિદેશી આક્રમણોથી પ્રતિરક્ષા માટે મણિપુર અને આસામમાં 1958માં AFSPA લાગુ કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ 1972માં અમુક સુધારાઓ પછી આસામ, મણિપુર, ત્રિપુરા, મોઘાલય, અરુણાચલ પ્રદેશ, મિઝોરમ અને નાગાલેન્ડ સહિત સમગ્ર પૂર્વોત્તર ભારતમાં તેને લાગુ કરવામાં આવ્યો હતો.

### ક્યારે કોઈ ક્ષેત્રને અશાંત જાહેર કરવામાં આવે છે ?

- AFSPA અંતર્ગત કેન્દ્ર સરકાર એ રાજ્યપાલના રિપોર્ટના આધાર પર કોઈ રાજ્ય કે ક્ષેત્રને અશાંત જાહેર કરી ત્યાં કેન્દ્રીય સુરક્ષા બળોની ગોઠવણી કરી શકે છે.
- વિભિન્ન ધાર્મિક, ભાષાકીય, ક્ષેત્રીય સમૂહો વચ્ચે મતભેદ કે વિવાદોના લીધે રાજ્ય કે કેન્દ્ર સરકાર કોઈ ક્ષેત્રને અશાંત જાહેર કરી શકે છે.
- AFSPAના અધિનિયમની કલમ 3 રાજ્ય તથા કેન્દ્ર–શાસિત પ્રદેશોના રાજ્યપાલોને ભારતના ગેઝેટ પર એક સત્તાવાર અધિસૂચના જાહેર કરવાની સત્તા આપે છે, જેના દ્વારા કેન્દ્રને અસૈન્ય ક્ષેત્રોમાં સશસ્ત્ર બળોને મોકલવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.
- AFSPA અનુસાર એક વખત ક્ષેત્રને અશાંત જાહેર કર્યા પછી ક્ષેત્રમાં ઓછામાં ઓછા 3 મહિના સુધી તે લાગુ રહે છે.
- રાજ્ય સરકારો એ ભલામણો આપી શકે કે AFSPA લાગુ કરવો કે નહી, પરંતુ અધિનિયમની કલમ 3 મુજબ તેમને ભલામણો ધ્યાનમાં લેવી કે ન લેવાની સત્તા એ રાજ્યપાલ અથવા કેન્દ્ર પાસે છે.

### AFSPA અંતર્ગત સશસ્ત્ર બળોની વિશેષ સત્તાઓ

- અધિનિયમ દ્વારા સશસ્ત્ર બળો, રાજ્ય કે કેન્દ્રીય પોલીસ બળને ઉગ્રવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી સંપત્તિ અથવા ઘરને નષ્ટ કરવાનો, તપાસ કરવાનો તથા ગોળી મારવાનો અધિકાર આપવામાં આવ્યો છે.
- પોતાની વિશેષ સત્તાઓના ઉપયોગના બદલામાં સશસ્ત્ર બળોને કોઈપણ ચુકાદા સામે સુરક્ષા આપવામાં આવેલી છે.

### વર્તમાનમાં કયાં ક્ષેત્રોમાં AFSPA લાગુ છે ?

- વર્તમાનમાં AFSPA એ આસામ, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશ (ફક્ત તિરપ, ચાંગલાંગ અને લોન્ગચિંગ જિલ્લો તથા આસામ સાથેની 20 કિમીની સીમા), મણિપુર (ઈમ્ફાલ નગરપાલિકાના ક્ષેત્ર સિવાય), મેઘાલય (આસામ સાથેની 20 કિમી સીમા સુધી સીમિત) તથા જમ્મુ કાશ્મીરમાં લાગુ છે.

## અવિશ્વાસ પ્રસ્તાવ

- તાજેતરમાં કેરલ વિધાનસભામાં વિપક્ષ દ્વારા પિનરન વિજયન સરકાર વિરુદ્ધ લાવવામાં આવેલ અવિશ્વાસ પ્રસ્તાવ એ 40ની સરખામણીમાં 87 વોટથી પરાજિત થયો હતો.

### અવિશ્વાસ પ્રસ્તાવ શું છે ?

- આ પ્રસ્તાવ એક સંસદીય સાધન છે જે લોકસભા/વિધાનસભામાં મંત્રી પરિષદ વિરુદ્ધ પ્રસ્તુત કરવામાં આવે છે.
- તેના અંતર્ગત વિપક્ષ દ્વારા દાવો કરવામાં આવે છે કે મંત્રીપરિષદ પાસે પર્યાપ્ત બહુમત નથી તથા તે નિર્ધારીત કાર્યોને પૂરા કરવામાં સક્ષમ નથી.
- અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કરવા માટે કોઈ કારણ બતાવવાની આવશ્યકતા નથી.

### અવિશ્વાસ પ્રસ્તાવની પ્રક્રિયા

- સરકાર વિરુદ્ધ "અવિશ્વાસ પ્રસ્તાવ" એ ફક્ત લોકસભાના નિયમ 198 અંતર્ગત લાવવામાં આવે છે.
- ભારતીય બંધારણમાં "વિશ્વાસ પ્રસ્તાવ" અને "અવિશ્વાસ પ્રસ્તાવ"નો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પરંતુ અનુચ્છેદ 75 અંતર્ગત ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, મંત્રીપરિષદ એ સામૂહિક રીતે લોકસભાને જવાબદેહ રહેશે.
- લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ રજુ કરવા માટે ગૃહના ઓછામાં ઓછા 50 સભ્યોના સમર્થનની આવશ્યકતા છે.
- પ્રસ્તાવની પ્રક્રિયાથી સંતુષ્ટ થયા પછી અધ્યક્ષ દ્વારા ગૃહમાં અવિશ્વાસ પ્રસ્તાવની સ્વીકૃતિ માટે પૂછવામાં આવે છે.

➤ નિયમ 198(3) અંતર્ગત અધ્યક્ષ મંજૂરી મળ્યા બાદ તેના પર ચર્ચા માટે એક કે વધુ દિવસો નિર્ધારિત કરે છે.

➤ જો અવિશ્વાસ પ્રસ્તાવ ગૃહમાં પસાર થાય તો સરકારે રાજીનામું આપવું પડે છે.

➤ અવિશ્વાસ પ્રસ્તાવ પસાર કરવા સામાન્ય બહુમતીની જરૂરિયાત રહે છે.

➤ જો કોઈ સભ્ય અથવા દલ મતદાનમાં ભાગ ન લે તો તેમની સંખ્યાને સદનની કુલ સંખ્યાથી બાદ કરી વધતી સંખ્યાના આધારે બહુમતી નક્કી કરવામાં આવે છે.

## ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ 2020

➤ તાજેતરની ગુજરાત સરકારની કેબિનેટની બેઠક અંતર્ગત ભૂ–માફિયાઓ સામે કાર્યવાહી કરવા માટે "ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ 2020"ને મંજૂરી આપવામાં આવી હતી.

### ગુજરાત લેન્ડ ગ્રેબિંગ એક્ટ, 2020ની મુખ્ય બાબતો

➤ એક્ટ મુજબ રાજ્યમાં સરકારી, સ્થાનિક સ્વરાજનો સંસ્થાઓ, જાહેર ટ્રસ્ટ, ખેડૂતોની ખાનગી જમીન વગેરેને ગેરકાયદેસર રીતે પચાવી પાડનાર પર ગુનો દાખલ કરવામાં આવશે.

➤ અકેટ મુજબ આરોપીને 10-14 વર્ષથી કેદની સજા આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

➤ ભૂ–માફિયાઓ સામે કેસ ચલાવવા એક્ટ મુજબ સ્પેશ્યલ કોર્ટની રચના કરવામાં આવશે અને આ કોર્ટ દ્વારા 6 મહિનાની અંતર્ગત કેસનો નિકાલ કરવાનો રહેશે.

➤ આ ઉપરાંત ભૂમાફિયાઓ પાસેથી જમીનની જંત્રી જેટલો દંડ પણ વસુલવામાં આવશે.

➤ એક્ટ મુજબ, લેન્ડ ગ્રેબર પર બર્ડન ઓફ પ્રુફની જવાબદારી રહેશે અને તેના પરના ગુનાની તપાસ એ Dy. Sp કક્ષાના અધિકારી દ્વારા કરવામાં આવશે.



# 2. અર્થતંત્ર

## PURA પહેલ

➤ પુના ગ્રામીણ પ્રશાસન એ COVID-19 મહામારી વચ્ચે "પ્રોવિઝન ઓફ અર્બન અમેનિટીઝ ઈન રૂલર એરિયા" Provision of Urban Amenities in Rural Areas-PURA)ની જોગવાઈઓ/પહેલો લાગુ કરવામાં સક્ષમ છે.

### PURA પહેલની મુખ્ય બાબતો :

➤ PURAને પૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામ દ્વારા જાન્યુઆરી 2003માં તીવ્ર અને સશક્ત ગ્રામીણ વિકાસ માટે પ્રસ્તુત કરવામાં આવી હતી.

➤ ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા PURA યોજનાને ત્રણ વર્ષોના સમય માટે સાત સમૂહોમાં પાયલટ આધાર પર લાગુ કરી હતી.

➤ PURA 2.0ને કેન્દ્રીય ક્ષેત્ર યોજનાના રૂપમાં વર્ષ 2012માં સંભવિત વિકાસ કેન્દ્રો જેમકે શહેરી જનગણનાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતા શરૂ કરવામાં આવી હતી.

### PURAના ઉદ્દેશ્યો :

➤ ગ્રામીણ અને શહેરી વિભાજનને ઓછું કરવા માટે ગ્રામીણ ક્ષેત્રોમાં આજીવિકાના અવસરો અને શહેરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.

➤ ગ્રામીણ ક્ષેત્રોમાં જીવનની ગુણવત્તામાં સુધાર માટે આજીવિકાના અવસર અને શહેરી સુવિધા આપવા જાહેર–ખાનગી–ભાગીદારી (PPP)ના માધ્યમથી એક ગ્રામ પંચાયતમાં એક સંભવિત વિકાસ કેન્દ્રની આજુબાજુના ક્ષેત્રોનો વિકાસ કરવો.

### PURA અંતર્ગતની સુવિધાઓ અને પ્રવૃત્તિઓ :

➤ પાણી અને ગટર વ્યવસ્થા, ગામના રસ્તાઓનું બાંધકામ અને જાળવણી, ઘન કચરો વ્યવસ્થાપન, કૌશલ વિકાસ, ગામડાઓમાં સ્ટ્રીટ લાઈટ, ટેલીકોમ, વીજળી ઉત્પાદન, ગામડાથી જોડાયેલ પર્યટન વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

## વસ્તુ અને સેવા કર(GST)માં ઘટાડો

➤ તાજેતરમાં GSTથી થતી આવકની અછતને પહોંચી વળવા કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યો સમક્ષ બે વિકલ્પો રજૂ કરવામાં આવ્યા છે.

i. રિઝર્વ બેંક સાથે પરામર્શ કર્યા પછી રાજ્યો સરકારી જામીનગીરીઓ (સરકારી સિક્યોરિટીઝ) સાથે જોડાયેલા દરે લોનના રૂપમાં વિશેષ વિકલ્પ તરીકે રૂ. 97,000 કરોડ મેળવી શકે છે.

ii. રૂ. 2,35,000 કરોડના સમગ્ર જીએસટી વળતર અંતરને આવરી લેવા માટે રાજ્યો વિશેષ વિંડો દ્વારા ઋણ લઈ શકે છે. આ માટે RBI તરફથી વ્યવસ્થા ગોઠવી શકાય છે અને કેટલીક સુવિધાઓ પણ આપી શકાય છે. આ રકમની ચુકવણી ઉપકર(સેસ) સંગ્રહમાંથી પાંચ વર્ષ પછી કરી શકાય છે. આ ઉપકરને આગામી નાણાકીય વર્ષની છેલ્લી તારીખથી આવતા એક વર્ષ અથવા તેથી વધુ સમય માટે ડીમેરિટ ગુડ્સ પર લગાવી શકાય છે.

### શા માટે ચર્ચાનો વિષય

➤ GST વળતર અધિનિયમ 2017 મુજબ GST અમલીકરણના પ્રથમ પાંચ વર્ષ એટલે કે વર્ષ 2022 સુધીમાં રાજ્યોને થતી આવકમાં કોઈ નુકસાનની ભરપાઈ સિન અને લક્ઝરી ગુડ્ઝ (Sin and Luxury Goods) પર ઉપકર લગાવીને કરવામાં આવશે.

➤ જો કે, આર્થિક મંદીના કારણે પાછલા વર્ષની તુલનામાં GST અને સેસ કલેક્શન બંનેમાં ઘટાડો થયો છે પરિણામે ચૂકવેલા વળતર અને ગયા વર્ષે ચૂકવેલા સેસ વચ્ચે 40% તફાવત છે.

➤ COVID-19ને કારણે અર્થતંત્રને થયેલા નુકસાનને લીધે રાજ્યોને આ વર્ષે ત્રણ લાખ કરોડના જીએસટી આવકના અંતરનો સામનો કરવો પડી શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારામને ભગવાનનું કૃત્ય (Act of God) ગણાવ્યું છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot
INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વળતર સેસ એટલે શું

- ➤ વળતર સેસનો ઉલ્લેખ GST (રાજ્યોને વળતર) સુધારણા બિલ 2017 અંતર્ગત કરવામાં આવેલ છે.
- ➤ આ કાયદામાં જણાવાયું છે કે જીએસટીમાં તમામ કર શામેલ થયા પછી દરેક રાજ્યની જીએસટીની આવક નાણાકીય વર્ષ 2015-16માં એકત્રિત કરવામાં આવેલી રકમથી દર વર્ષે 14% વધશે.
- ➤ આ રકમ કરતાં ઓછી રકમ વસૂલવામાં રાજ્ય દ્વારા કોઈપણ વર્ષે થયેલા નુકસાનની ભરપાઈ કરવામાં આવશે. આ રકમ દર બે મહિનામાં કામચલાઉ ખાતાના આધારે રાજ્યોને ચૂકવવામાં આવશે અને રાજ્યના ખાતાઓના નિયંત્રક અને ઓડિટર જનરલ દ્વારા ઓડિટ કર્યા પછી દર વર્ષે તેને સમાયોજિત કરવામાં આવશે.
- ➤ આ યોજના પાંચ વર્ષ માટે એટલે કે જૂન 2022 સુધી માન્ય છે.

### વળતર સેસ ફંડ

- ➤ રાજ્યોને મહેસૂલના નુકસાન માટે વળતર આપવા માટે વળતર સેસ ફંડની સ્થાપના કરવામાં આવી છે. કેટલીક વસ્તુઓ પર વધારાના સેસ લાગૂ કરવામાં આવશે અને આ સેસનો ઉપયોગ રાજ્યોને વળતર ચૂકવવા માટે કરવામાં આવશે.
- ➤ આ વસ્તુઓમાં પાન મસાલા સિગારેટ અને તમાકુના ઉત્પાદનો, વાયુયુક્ત પાણી કેફીનવાળા પીણા, કોલસો અને કેટલાક મુસાફરો મોટર વાહનો શામેલ છે.
- ➤ જીએસટી એક્ટ જણાવે છે કે જીએસટી કાઉન્સિલ દ્વારા નિર્ધારિત કલેક્શન સેસ અને આવી અન્ય રકમ વળતર સેસ ફંડમાં જમા કરવામાં આવશે.

## નાણાકીય શિક્ષા માટે રાષ્ટ્રીય વ્યૂહરચના

- ➤ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા નાણાકીય રૂપથી જાગૃત અને સશક્ત ભારતના નિર્માણ હેતુ "નાણાકીય શિક્ષા માટે રાષ્ટ્રીય વ્યૂહરચના : 2020-2025 (National Strategy for Financial Education : 2020-2025) જાહેર કરી છે.
- ➤ નાણાકીય શિક્ષા માટે રાષ્ટ્રીય વ્યૂહરચના (NSFE)ની આ બીજી આવૃતિ છે. પ્રથમ આવૃતિ એ 2013માં જાહેર કરવામાં આવી હતી.

### કોના દ્વારા તૈયાર કરવામાં આવેલ છે ?

- ➤ વર્ષ 2020-2025ના સમય માટે આ NSFEને નેશનલ સેન્ટર ફોર ફાયનાન્સિયલ એજ્યુકેશન દ્વારા નાણાકીય સમાવેશીતા પર તકનિકી સમૂહના નેતૃત્ત્વ હેઠળ બધા નાણાકીય ક્ષેત્ર નિયામકો જેમકે, ભારતીય રિઝર્વ બેંક, SEBI, IRDA, PFRDA વગેરેની સલાહથી તૈયાર કરવામાં આવેલ છે.

### NSFEના વ્યૂહાત્મક ઉદ્દેશ્યો

- ➤ નાણાકીય શિક્ષાના માધ્યમથી જનસંખ્યાના વિભિન્ન વર્ગો વચ્ચે નાણાકીય સાક્ષરતાની અવધારણાને એક મહત્ત્વપૂર્ણ જીવન કૌશલનો ભાગ બનાવવી.
- ➤ સક્રિય બચત વ્યવહારને પ્રોત્સાહિત કરવી.
- ➤ નાણાકીય લક્ષ્યો અને ઉદ્દેશ્યોને પૂરા કરવા માટે નાણાકીય બજારોમાં ભાગીદારીને પ્રોત્સાહિત કરવી.
- ➤ સુરક્ષિત રીતે ડિજિટલ નાણાકીય સેવાઓના ઉપયોગમાં સુધાર કરવો.
- ➤ યોગ્ય વીમા સુરક્ષાના માધ્યમથી વિભિન્ન જીવન ચરણોના જોખમનું વ્યવસ્થાપન કરવું.
- ➤ પેન્શન યોજનાઓના માધ્યમથી વૃધ્ધાવસ્થા અને સેવા નિવૃત્તિની યોજના તૈયાર કરવી.
- ➤ ફરિયાદ નિવારણની રીતો, અધિકાર અને ફરજ વિશે જ્ઞાન આપવું.
- ➤ નાણાકીય શિક્ષામાં પ્રગતિની આકરણી કરવા માટે સંશોધન અને મૂલ્યાંકનની રીતોમાં સુધાર કરવો.
- ➤ અહીં એ પણ ભલામણ કરવામાં આવી છે કે પ્રગતિનું આકલન કરવા એક મજબૂત નિરીક્ષણ અને મૂલ્યાંકનના માળખાને અપનાવવામાં આવે.

### Back to basics : નાણાકીય સાક્ષરતા અને નાણાકીય શિક્ષા એટલે શું ?

■ **નાણાકીય સાક્ષરતા :**

- ➤ આર્થિક સહયોગ અને વિકાસ સંગઠન (OECD) મુજબ, નાણાકીય નિર્ણય લેવા માટે વ્યક્તિગત નાણાકીય કલ્યાણ પ્રાપ્ત કરવા માટે નાણાકીય સાક્ષરતાને નાણાકીય જાગૃકતા, જ્ઞાન, કૌશલ્ય, દષ્ટિકોણ અને આવશ્યક વ્યવહારના સંયોજનના રૂપમાં વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

### નાણાકીય શિક્ષા

- નાણાકીય શિક્ષાને એ પ્રક્રિયાના રૂપમાં વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. જેના દ્વારા નાણાકીય ઉપભોક્તા/રોકાણકારી નાણાકીય ઉત્પાદનો, અવધારણા અને જોખમોથી સંબંધિત પોતાની જાણકારીમાં સુધાર કરે છે, અને સૂચના, નિર્દેશ કે ઉદ્દેશ્યના માધ્યમથી નાણાકીય જોખમો અને અવસરો વિશે વધુ જાગૃત બનવા કૌશલ અને આત્મવિશ્વાસને વિકસિત કરે છે.

## પી-નોટ્સ

- સિક્યોરિટી એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) ના આંકડાઓ મુજબ ભારતીય મૂડી બજારમા પી–નોટ્સ (P-Notes) ના માધ્યમથી રોકાણ વધીને જુલાઈ, 2020ના અંત સુધી રૂ. 63258 કરોડ થયું છે.

### પી-નોટ્સ રોકાણમાં વધારા સંબંધિત અન્ય તથ્યો

- જૂન, 2020ના અંતમાં પી–નોટ્સના માધ્યમથી રોકાણ એ રૂ. 62138 કરોડ હતું.
- મે અને એપ્રિલ 2020ના અંતમાં રોકાણ એ ક્રમશઃ રૂ. 60027 કરોડ અને રૂ. 57100 કરોડ હતું.
- માર્ચ 2020ના અંતમાં રોકાણ એ 15 વર્ષના નીચલા સ્તર પર અર્થાત્ રૂ. 48,006 કરોડ હતું.

### Back to basics : પી-નોટ્સ એટલે શું ?

- પી–નોટ્સ (પાર્ટિસિપેટરી નોટ્સ) અથવા ઓફશોર ડેરિવેટિવ ઈન્સ્ટુમેન્ટ્સ એ નોંધાયેલા વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) દ્વારા વિદેશી રોકાણકારો, હેજ ફંડ અને વિદેશી સંસ્થાઓને જાહેર કરવામાં આવે છે. જેઓ SEBIમાં નોંધાયા વિના ભારતીય શેર બજારમાં રોકાણ કરવા માંગે છે.
- જો કે SEBI એ વિદેશી રોકાણકારો દ્વારા જાહેર કરવામાં આવેલ પ્રત્યેક પી–નોટ્સ માટે 1000 ડોલરનો નિયામક શૂલ્ક લગાવ્યો છે, જેથી સટ્ટા માટે પી–નોટ્સનો ઉપયોગ ન થઈ શકે. હવેથી આ શૂલ્ક પ્રત્યેક પી–નોટ્સ જાહેર કરતા બધા વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI) પર લગાવવામાં આવે છે.

## દિવ્યાંગ વ્યકિતઓ માટે ખાદ્ય સુરક્ષા

- તાજેતરમાં "કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય" દ્વારા રાજ્યો અને કેન્દ્ર–શાસિત પ્રદેશોના બધા પાત્ર દિવ્યાંગ વ્યકિતઓને "રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, 2013" અંતર્ગત સમાવિષ્ટ કરવાનો નિર્ણય કર્યો છે.

### નિર્ણયની મુખ્ય બાબતો

- નિર્ણય અનુસાર "રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, 2013" અંતર્ગત બધા દિવ્યાંગ વ્યકિતઓને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"ની જોગવાઈ મુજબ અનાજ પ્રાપ્ત થશે.
- દિવ્યાંગ વ્યકિતઓને પત્રતાના માપદંડ અનુસાર નવા રાશન કાર્ડ જાહેર કરી સમાવેશ કરવામાં આવશે.
- આ સાથે જ દિવ્યાંગ વ્યકિતને નિર્ધારિત માપદંડો મુજબ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા નિર્ધારિત પ્રાથમિકતા ધરાવતા પરિવારો અંતર્ગત સામેલ કરવામાં આવશે.
- રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, 2013ની કલમ-10માં વ્યકિતને "અંત્યોદય અન્ન યોજના" અંતર્ગત સામેલ કરવાની જોગવાઈ છે. આ અધિનિયમની કલમ-38 અંતર્ગત કેન્દ્ર સરકારને જોગવાઈઓના અમલીકરણ સંબંધિત દિશા–નિર્દેશો જાહેર કરવાનો અધિકાર છે.

### Back to Basics :
### રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ, 2013 વિશે

- રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ દ્વારા મહિલાઓ, બાળકો અને પરિવારોની ખાદ્ય અને પોષણની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે છે.
- તેના અંતર્ગત દેશની કુલ 67% વસતી આવરી લેવામાં આવે છે. તેમાં ગ્રામીણ ક્ષેત્રની 75% વસતી અને શહેરી ક્ષેત્રોની 50% વસતી આવરી લેવામાં આવે છે.
- રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અંતર્ગત લાભાર્થીને પ્રાધાન્યતા ધરાવતા ઘરો અને અત્યોંદય અન્ન યોજના ઘરો એમ બે શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

- પ્રાધાન્યતા ધરાવતા ઘરોને પ્રતિ વ્યક્તિ પ્રતિ માસ 5 કિલો અનાજ સસ્તા ભાવે અર્થાત્ ચોખા રૂ. 3/કિલો, ઘઉં રૂ. 2/કિલો અને પોષક અનાજ રૂ. 1/કિલોના ભાવે આપવામાં આવે છે.
- અત્યોંદય અન્ન યોજના ઘરો (અત્યંત ગરીબ)ને પ્રતિ કુટુંબ પ્રતિ માસ 35 કિલો અનાજ આપવામાં આવે છે.
- 6-14 વર્ષના બાળકો મધ્યાહન ભોજન યોજના અને ICDS યોજના અંતર્ગત નિઃશુલ્ક પોષણયુક્ત ભોજના માટે પણ હકદાર રહેશે.
- સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતાઓને રૂ. 6000નો પ્રસૂતિ લાભ પણ આપવામાં આવશે.

## મુંબઈ ઉપનગરીય રેલવે પ્રણાલીની ક્ષમતા વિસ્તાર પર કરાર

- ભારત સરકાર, મહારાષ્ટ્ર સરકાર, મુંબઈ રેલવે વિકાસ નિગમ અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક (AIIB) એ મુંબઈ ઉપનગરીય રેલવે પ્રણાલી નેટવર્કની ક્ષમતા, સેવા ગુણવત્તા અને સુરક્ષામાં સુધાર માટે 500 મિલિયન ડોલરના ઋણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે.
- મુંબઈ શહેરી પરિવહન પ્રોજેક્ટ-III એ યાત્રીઓને ઉચ્ચ–કાર્બન સડક પરિવહનથી દૂર કરી કાર્બન ઉત્સર્જન ઓછું કરવામાં મદદ કરશે તથા યાત્રીઓને કુશળ અને સુવિધાજનક રેલ–આધારિત ગતિશીલતા તરફ લઈ જશે.

### Back to basics : એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બેંક (AIIB) વિશે

- AIIB એ એશિયામાં સામાજિક અને આર્થિક પરિણામો સુધારવા માટેના મિશન સાથેની એક બહુપક્ષીય વિકાસ બેંક છે.
- AIIBનું વડું મથક બૈજિંગ ખાતે છે અને તેણે તેની કાર્યવાહી 2016થી શરૂ કરી હતી અને તેની કાર્યવાહી 2016થી શરૂ કરવામાં આવી હતી.
- હાલમાં બેંકના કુલ 102 માન્ય સભ્ય દેશો છે.
- AIIB અંતર્ગત એશિયાના ક્ષેત્ર સિવાય અન્ય ક્ષેત્રના દેશો પણ સભ્યો બની શકે છે.
- AIIBની કુલ મૂડી 100 બિલિયન ડોલર છે જેમાં 50 બિલિયન ડોલરનો ફાળો ચીનનો છે. બીજા નંબરે 8.4 બિલિયન ડોલરના ફાળા સાથે ભારતનો ક્રમ આવે છે.
- 26.61% વોટિંગ હિસ્સા સાથે ચીન સૌથી વધુ હિસ્સો ધરાવે છે. ત્યારબાદ 7.6% વોટિંગ હિસ્સા સાથે ભારતનો ક્રમ છે.
- બેંક અંતર્ગત કુલ મતમાં 75% હિસ્સો ક્ષેત્રીય સભ્યોનો છે.

## સંરચિત નાણા અને આંશિક ગેરેંટી કાર્યક્રમ

- તાજેતરમાં “રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક” (National Bank for Agriculture and Rural Development-NABARD) દ્વારા બિન–બેંકિંગ નાણાકીય કંપની (NBFC)- સુક્ષ્મ નાણાકીય સંસ્થાઓ (MFI) માટે સંરચિત અને આંશિક ગેરેંટી કાર્યક્રમ (Structured Finance and Partial Gurantee Programme)ની શરૂઆત કરી છે.

### સંરચિત અને આંશિક ગેરેંટી કાર્યક્રમની મુખ્ય બાબતો

- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય COVID-19થી પ્રભાવિત દેશના ગ્રામીણ ક્ષેત્રોમાં ઋણ/ધિરાણની આપૂર્તિ સુનિશ્ચિત કરવાનો છે.
- કાર્યક્રમ અંતર્ગત નાબાર્ડ દ્વારા નાના અને મધ્યમ આકારની NBFC-MFIને સામૂહિક ઋણ (Pooled Loans) પર આંશિક ગેરેંટી આપવામાં આવશે.
- કાર્યક્રમ અંતર્ગત નાબાર્ડ દ્વારા પ્રાથમિક તબક્કા અંતર્ગત રૂ. 2500 કરોડની નાણાકીય સુવિધા આપવામાં આવશે.
- દેશના 28 રાજ્યો અને 650 જિલ્લામાં 10 લાખથી વધુ પરિવારોને તેનો લાભ મળવાનો અનુમાન છે.
- આ કાર્યક્રમના અમલ માટે વિવૃત્તિ કેપિટલ અને ઉજ્જીવન ફાયનાન્સ બેંક સાથેના એક કરાર પર નાબાર્ડ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવેલ છે.

icerajkot

# ભારતનું બંધારણ MCQ SERIES

## Click to Play




**Continue...**

SUBSCRIBE

YouTube

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 3. આંતરરાષ્ટ્રીય ઘટનાઓ

## બ્રિક્સ એન્ટિ-ડ્રગ વર્કિંગ ગ્રુપની બેઠક

- તાજેતરમાં રશિયાની અધ્યક્ષતામાં બ્રિક્સ એન્ટિ–ડ્રગ વર્કિંગ ગ્રુપ (BRICS Anti-Drug Working Group)ની ચોથી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ બેઠક દરમિયાન ભારતનું નેતૃત્વ એ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોના મહાનિર્દેશક દ્વારા કરવામાં આવ્યું હતું.

### બેઠકની મુખ્ય બાબતો :

- આ બેઠક દરમિયાન બ્રિક્સ દેશોમાં માદક પદાર્થોની સ્થિતિ, માદક પદાર્થોની ગેરકાયદેસર તસ્કરીથી સંબંધિત આંતરરાષ્ટ્રીય અને ક્ષેત્રીય વલણ અને માદક પદાર્થોની તસ્કરીની સ્થિતિ પર વિભિન્ન આંતરિક અને બહારી પરિબળોના પ્રભાવ જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.
- બેઠક દરમિયાન ભારત દ્વારા માદક પદાર્થોની તસ્કરી માટે ડાર્ક નેટ અને આધુનિક તકનિકના દુરૂપયોગ પર ચર્ચા કરવામાં આવી હતી.

### ડાર્ક નેટ અને માદક પદાર્થોની તસ્કરી :

- ઈન્ટરનેટ પર એવી ઘણી વેબસાઈટ છે જે સામાન્ય રીતે પ્રયોગ કરવામાં આવતા સર્ચ એન્જિન (ગૂગલ, યાહુ, બિંગ ...)ના સામાન્ય બ્રાઉઝિંગ ક્ષેત્રથી બહાર હોય છે. તેને ડાર્ક નેટ કે ડીપ નેટ તરીકે ઓળખવામાં આવે છે.
- સામાન્ય વેબસાઈટથી વિરુદ્ધ આ એક એવું નેટવર્ક છે જેના સુધી અમુક સમિતિ વ્યકિતઓના સમૂહની જ પહોંચ હોય છે અને આ નેટવર્ક સુધી વિશિષ્ટ ઓથોરાઈઝેશન પ્રક્રિયા, સોફ્ટવેર અને કન્ફિગ્યૂરેશનના માધ્યમથી જ પહોંચી શકાય છે.
- ડાર્ક નેટની પહોંચ માટે એક વિશેષ બ્રાઉઝર ટોર (TOR) નો ઉપયોગ કરવામાં આવે છે, જેના માટે ઓનિયન રાઉટર (Onion Router) શબ્દનો પણ પ્રયોગ કરવામાં આવે છે, કારણ કે તેમાં એકલ અસુરક્ષિત સર્વરથી વિરુદ્ધ નોડ્સના એક નેટવર્કનો ઉપયોગ કરીને એક સ્તર પછી બીજા સ્તર પર ડેટા એનક્રિપ્ટ થાય છે. જેનાથી તેનો ઉપયોગ કરનારની ગોપનીયતા બની રહે છે.
- આ ડાર્ક નેટનો ઉપયોગ માનવ તસ્કરી, માદક પદાર્થોની ખરીદી અને વેચાણ, હથિયારોની તસ્કરી જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં કરવામાં આવે છે.

### ભારતમાં ગેરકાયદેસર દવાઓની તસ્કરી :

- સંયુકત રાષ્ટ્ર ડ્રગ્સ અને અપરાધ કાર્યાલય (UNODC)નો હાલનો રિપોર્ટ દર્શાવે છે કે ભારત ગેરકાયદેસર દવાઓના વ્યાપારનું મુખ્ય કેન્દ્ર છે.
- રિપોર્ટ મુજબ ભારતમાં ટ્રામાડોલ અને મેથાફેટામાઈન જેવા આધુનિક માદક પદાર્થોની લઈને ભાંગ જેવા માદક પદાર્થોનો સમાવેશ થાય છે.
- ભારત એ બે પ્રમુખ ગેરકાયદેસર અફીણ ઉત્પાદન ક્ષેત્રો વચ્ચે સ્થિત છે, જેમાં પ્રથમ એ પશ્ચિમમાં ગોલ્ડન ક્રિસેન્ટ (ઈરાન–અફઘાનિસ્તાન–પાકિસ્તાન) અને બીજુ એ ગોલ્ડન ટ્રાયંગલ (દક્ષિણ પૂર્વ એશિયા) છે.

### Back to basics : બ્રિક્સ વિશે :

- BRICS એ પાંચ ઉભરતી અર્થવ્યવસ્થાઓ (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને સાઉથ આફ્રિકા)નો સમૂહ છે.
- BRICSની ચર્ચા વર્ષ 2001માં Goldman Sachsના અર્થશાસ્ત્રી જિમ ઓ'નીલ દ્વારા બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીનની અર્થવ્યવસ્થાના વિકાસની સંભાવના પરના એક રિપોર્ટમાં કરવામાં આવી હતી.
- વર્ષ 2006માં ચાર દેશોએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકના અંતમાં વિદેશ મંત્રીઓની બેઠક સાથે અનૌપચારિક સંવાદ શરૂ કર્યો હતો.
- સંવાદની સફળતા બાદ સરકાર અને દેશના વડાઓના સ્તર પર સંમેલન આયોજન કરવાનું નક્કી થયું.
- વર્ષ 2009માં BRICનું પ્રથમ સંમેલન યેકતેરિનબર્ગ (રશિયા) ખાતે યોજાયું.
- વર્ષ 2010માં દક્ષિણ આફ્રિકા સમૂહમાં જોડાયું અને નામ BRICS થયું.
- વર્ષ 2014માં બ્રિક્સની છઠ્ઠી બેઠકમાં સમૂહ દેશો દ્વારા 'ન્યૂ ડેવલપમેન્ટ બેંક'ની સ્થાપના કરવામાં આવી હતી.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## બાળ મજૂરી પર કન્વેન્શન નંબર 182

➤ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (International Labour Organisation-ILO)ના "બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપ પર કન્વેન્શન" જેને કન્વેન્શન નંબર 182ના રૂપમાં પણ ઓળખાય છે તેને કિંગ્ડમ ઓફ ટોંગા દ્વારા અપનાવ્યા પછી તેને સાર્વત્રિક સમર્થન પ્રાપ્ત થઈ ગયું છે.

➤ સાર્વત્રિક સમર્થનનો અર્થ એ છે કે, કોઈ સંગઠનના બધા સભ્યો દ્વારા સમર્થન પ્રાપ્ત થવું. કન્વેન્શન નંબર 182ને ILOના 187 સભ્યો દ્વારા સમર્થન પ્રાપ્ત થયું છે.

### કન્વેન્શન નંબર 182 વિશે :

➤ તેને વર્ષ 1999માં જિનેવામાં ILOના સંમેલનમાં સભ્ય દેશો દ્વારા અપનાવવામાં આવ્યું હતું.

➤ આ કન્વેન્શનનો ઉદ્દેશ્ય બાળકોને બાળ મજૂરીના સૌથી ખરાબ સ્વરૂપથી બચાવવાનો છે, જેમાં ગુલામી, વેશ્યાવૃત્તિ, તસ્કરી, સશસ્ત્ર સંઘર્ષમાં બાળકોની સંડોવણી અને તેમની સંપૂર્ણ સુખાકારીથી સંબંધિત પાસાઓનો સમાવેશ થાય છે.

➤ ભારત દ્વારા પણ કન્વેન્શન નંબર 182ની વર્ષ 2017માં પુષ્ટિ કરવામાં આવી હતી.

### બાળ મજૂરી વિશે :

➤ ILO દ્વારા બાળ મજૂરીને એવા કાર્યના રૂપમાં વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે તેમને બાળકોના બાળપણ, તેમની ક્ષમતા અને તેમની ગરિમાથી વંચિત કરે છે અને તેમના શારીરિક અને માનસિક વિકાસ માટે હાનિકારક છે.

➤ બાળ મજૂરીની નાબૂદી એ ટકાઉ વિકાસ લક્ષ્ય 8.7નો ભાગ છે.

➤ સંયુકત રાષ્ટ્ર મહાસભા દ્વારા વર્ષ 2021ને બાળમજૂરીની નાબૂદી માટેનું વર્ષ જાહેર કરવામાં આવેલ છે.

## આસિયાન-ભારત આર્થિક મંત્રીઓની સલાહ-સૂચન બેઠક

➤ તાજેતરમાં '17મી આસિયાન–ભારત આર્થિક મંત્રીઓની સલાહ–સૂચન બેઠક' (17th ASEAN-India Economic Ministers Consultations) નું એક વિડીયો કોન્ફરન્સ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

➤ 29મી ઓગસ્ટ, 2020ના રોજ 'ભારતીય વાણિજય અને ઉદ્યોગ પ્રધાન' અને વિયેતનામના ઉદ્યોગ અને વેપાર પ્રધાનની સહ અધ્યક્ષતા હેઠળ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

➤ આ બેઠકમાં તમામ 10 આસિયાન (આસિયાન) દેશો (બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામ)ના વેપાર મંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

➤ બેઠકમાં શામેલ તમામ દેશોએ COVID-19 રોગચાળાને લીધે થતાં આર્થિક પડકારોને ઓછું કરવા માટે સાથે મળીને કામ કરવાની પ્રતિબદ્ધતાની પુનઃ રજૂઆત કરી છે.

➤ તે જ સમયે બધા દેશોએ વિશ્વ વેપાર સંગઠન (WTO)ના નિયમો હેઠળ આવશ્યક ચીજવસ્તુઓ અને દવાઓ વગેરેના સરળ પ્રવાહ માટે નાણાકીય સ્થિરતા અને સપ્લાય ચેઈનની જોડાણની ખાતરી આપવાનો સંકલ્પ કર્યો હતો.

### વેપાર કરાર સમીક્ષા :

➤ આ બેઠક દરમિયાન આસિયાન–ભારત બિઝનેસ કાઉન્સિલ અથવા ASEAN-India Business Council(AIBC) નો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

➤ AIBCના અહેવાલમાં તમામ દેશોના પરસ્પર લાભ માટે આસિયાન ઈન્ડિયા ટ્રેડ ઈન ગુડ્ઝ એગ્રીમેન્ટ–AITIGAની સમીક્ષા સૂચવવામાં આવી છે.

➤ બેઠકમાં વરિષ્ઠ અધિકારીઓને સમીક્ષા ચર્ચાઓ શરૂ કરવા સૂચના આપવામાં આવી છે જેથી મુક્ત વેપાર કરારને વ્યવસાયો માટે સરળ અને અનુકૂળ બનાવવામાં આવે.

➤ આ સમીક્ષા દ્વારા સમકાલીન વેપાર સુવિધા પદ્ધતિઓ અપનાવીને અને રિવાજો અને નિયમનકારી પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરીને કરારનું આધુનિકરણ કરવામાં આવશે.

➤ કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ મંત્રીએ પણ કરારને સુધારવા માટે અનેક સુધારાઓની જરૂરિયાત પર ભાર મૂકાયેલ જે નીચે મુજબ છે :

1. બિન–ટેરિફ પ્રતિબંધોને દૂર કરવા.
2. બજારની પહોંચને વધુ સારી બનાવવી સુધારો.
3. રૂલ્સ ઓફ ઓરિજીનની જોગવાઈને મજબૂત બનાવવી.

## કવકાઝ / કાકેશસ - 2020 લશ્કરી કવાયત

- તાજેતરના COVID-19 મહામારીને લીધે ભારતે રશિયામાં 'બહુરાષ્ટ્રીય ત્રિકોણીય સેવા કવાયત' કવકાઝ -2020 થી તેની ભાગીદારી પરત ખેંચી લીધી છે.

### કવકાઝ - 2020 કવાયત વિશે

- તે એક વ્યૂહાત્મક કમાંડ–પોસ્ટ કવાયત છે. જેને કાકેશસ -2020 તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ ત્રિ–સેવા (Tri- Service) કવાયત એ દર ચાર વર્ષે રશિયન આર્મી દ્વારા કરવામાં આવતી કવાયતનો એક ભાગ છે. આ કવાયત અગાઉ 2012 અને 2016 માં યોજાઈ હતી.
- 2020 ની કવાયત દક્ષિણ રશિયાના આસ્તરખાન પ્રાંતમાં યોજાશે.
- શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) અને અન્ય મધ્ય એશિયન દેશોના સભ્યો આ કવાયતમાં ભાગ લેશે.

### શા માટે ભારત કવાયતમાં ભાગ નથી લઇ રહ્યું અને તેના સંભવિત કારણો :

- કવકાઝ 2020માં ચીનલ તુર્કી અને પાકિસ્તાન પણ ભાગ લઈ રહ્યા છે. જેની સાથે તાજેતરમાં ભારતીય રાજકીય સંબંધોમાં ઘણી ઉગ્રતા જોવા મળી છે.
- ચીન સાથેની 'લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ- LAC' પર તણાવ મે-2020 થી ચાલુ છે. અનેક વાટાઘાટો છતાં બંને દેશ તણાવને સમાપ્ત કરવામાં નિષ્ફળ ગયા છે.
- જ્યોર્જિયાના અબખાઝિયા અને દક્ષિણ ઓસેશિયાના વિક્ષેપિત પ્રદેશો પણ આ કવાયતમાં ભાગ લઈ રહ્યા છે. આ ક્ષેત્રોને ફક્ત રશિયા અને કેટલાક અન્ય દેશો દ્વારા માન્યતા આપવામાં આવી છે. ભારત આ ક્ષેત્રોને માન્યતા આપતું નથી.

## આસિયાન-ભારત નેટવર્ક ઓફ થિંક ટૈંક

- તાજેતરમાં ભારતે "આસિયાન–ઈન્ડિયા નેટવર્ક ઓફ થિંક ટૈંક (ASEAN-India Network of Think Tanks- AINTT)ની છઠ્ઠી ગોળમેજી પરિષદમાં ભાગ લીધો હતો.
- AINTTની, સ્થાપના ભારત અને દક્ષિણ પૂર્વ એશિયાઈ દેશોના સંગઠન વચ્ચે સહયોગના ભવિષ્યલક્ષી નિર્દેશો પર નીતિગત ઈનપુટ આપવા માટે કરવામાં આવી હતી.

### બેઠક અંતર્ગત ભારત દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ

- COVID-19 મહામારીનો સામનો કરવાની પ્રક્રિયાઓમાં અવરોધ ઉત્પન્ન કરતી સમસ્યાઓની માહિતી આપી. જે તેના અંતર્ગત જણાવ્યું કે, બહુપક્ષીય સંગઠનોના વ્યક્તિગત વ્યવહારે વૈશ્વિક મહામારી માટે એક સામૂહિત પ્રતિક્રિયામાં અવરોધ ઉત્પન્ન કર્યો.
- ભારત મુજબ, COVID-19 મહામારી પછી દુનિયા સમક્ષ ઉત્પન્ન થતી મોટી સમસ્યાઓમાં ફકત અર્થવ્યવસ્થાની બગડતી સ્થિતિનો સમાવેશ નથી થતો, પરંતુ તેમાં સમાજને પહોચેલ નુકસાન અને શાસન સમક્ષ ઉત્પન્ન પડકારોનો પણ સમાવેશ થાય છે.
- આ મહામારીએ વૈશ્વિક મુદ્દાઓ અને વિશ્વ વ્યવસ્થાના ભવિષ્યની દિશાઓ પર એક ચર્ચાની શરૂઆત કરી છે.

### ભારત દ્વારા આપવામાં આવેલ સૂચનો

- મહામારીથી ઉત્પન્ન પડકારોના સમાધાન શોધવા માટે વ્યાપાર, રાજનીતિ અને સુરક્ષાની વર્તમાન ગતિવિધિથી આગળ જઈને વિચારવાની જરૂરિયાત છે.
- ભારત દ્વારા વધુથી વધુ સહયોગનો આગ્રહ અને સામૂહિક સમાધાનોનું આહવાન કર્યુ હતું.
- આ સહયોગના ભાગના રૂપ્માં ભારતે વૈશ્વિક આપૂર્તિ શ્રેણીના સંદર્ભમાં ઉપયોગ થતી વ્યૂહાત્મક સ્વાયત્તતાનો વિચાર અપનાવવાનો આગ્રહ કર્યો.

### Back to Basics : ASEAN વિશે

- ASEAN એ દક્ષિણ–પૂર્વ એશિયાના દેશોનું એક ક્ષેત્રીય સં ગઠન છે. જે એશિયા–પ્રશાંતના વસાહતી રાષ્ટ્રોમાં વધતા તણાવ વચ્ચે રાજનૈતિક અને સામાજિક સ્થિરતાને પ્રોત્સાહન આપવા સ્થાપિત કરવામાં આવ્યું હતું.
- વર્ષ 1967માં આસિયાન ઘોષણાપત્ર (બેંકોંગ ઘોષણા) પર સંસ્થાપક રાષ્ટ્રો દ્વારા હસ્તાક્ષર કર્યા બાદ આસિયાનની સ્થાપના કરવામાં આવી હતી.
- ઈન્ડોનેશિયા, મલેશિયા, ફિલીપીંસ, સિંગાપુર અને થાઈલેન્ડ તેના સંસ્થાપક રાષ્ટ્રો છે.
- આસિયાનનું મુખ્યાલય જકાર્તા (ઈન્ડોનેશિયા) ખાતે આવેલું છે.
- હાલમાં આસિયાનના સભ્યો નીચે મુજબના છે.

## આસિયાન સભ્ય દેશો (10)

| | |
|---|---|
| 1. ઈન્ડોનેશિયા | 2. મલેશિયા |
| 3. ફિલીપીંસ | 4. સિંગાપુર |
| 5. થાઈલેન્ડ | 6. બ્રુનેઈ |
| 7. વિયેતનામ | 8. લાઓસ |
| 9. મ્યાનમાર | 10. કંબોડિયા |

- આસિયાનનું આદર્શ વાક્ય 'વન વિઝન, વન આઈડેંટિટી, વન કોમ્યુનિટી' છે.
- આસિયાન સમુદાયમાં રાજનૈતિક સુરક્ષા સમુદાય, આર્થિક સમુદાય અને સામાજિક–સાંસ્કૃતિક સમુદાય મુખ્ય છે.

### In depth : આસિયાન અને ભારત

- આસિયાન સાથે ભારતનો સંબંધ તેની વિદેશ નીતિ અને 'એક્ટ ઈસ્ટ નીતિ'નો મુખ્ય આધાર છે.
- ભારત પાસે જકાર્તામાં આસિયાન અને પૂર્વી એશિયા શિખર સંમેલન માટે અલગ–અલગ મિશન છે.
- ભારત અને આસિયાનમાં પહેલેથી જ 25 વર્ષની ડાયલોગ પાર્ટનરશીપ, 15 વર્ષનું સમિટ લેવલ ઈન્ટરેક્શન અને 5 વર્ષની સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ છે.
- આસિયાન ભારતનું વ્યાપારિક ભાગીદાર છે.
- આસિયાન દેશો સાથે ભારતનો લગભગ 10.6% વેપાર છે.
- ભારતની કુલ નિકાસમાં 11.28% (લગભગ) ફાળો આસિયાનનો છે.
- આ ઉપરાંત નીચે મુજબની પહેલો પણ ભારત–આસિયાનનો સંબંધ દર્શાવે છે.

| પહેલ | માહિતી |
|---|---|
| દિલ્લી ઘોષણા | આસિયાન–ભારત વ્યુહાત્મક ભાગીદારી અંતર્ગત સહયોગના પ્રમુખ ક્ષેત્રના રૂપમાં સમુદ્રી ક્ષેત્રમાં સહયોગ કરવો. |
| દિલ્હી સંવાદ | આસિયાન અને ભારત વચ્ચે રાજનૈતિક સુરક્ષા અને આર્થિક મુદ્દો પર ચર્ચા કરવા વાર્ષિક ટ્રૈક 1.5 કાર્યક્રમ |
| આસિયાન–ભારત કેન્દ્ર | ભારત અને આસિયાન સંગઠનો અને થિંક–ટેંકો સાથે સંશોધન રક્ષા તથા નેટવર્કિંગ ગતિવિધિ ચાલુ કરવા. |

- આ ઉપરાંત આસિયાન દેશોને અન્ય 6 દેશો સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ સંબંધે 'પ્રાદેશિક વ્યાપક આર્થિક સહયોગ' (Regional Comprehensive Economic Partnership - RCEP) છે. જો કે તેના પર હસ્તાક્ષર કરવાનો વર્ષ 2019માં ઈનકાર કર્યો હતો.

## ભારત વિયેતનામ સંયુક્ત આયોગની બેઠક

- તાજેતરમાં વ્યાપાર, આર્થિક, વૈજ્ઞાનિક અને તકનિકી સહયોગ પર "ભારત–વિયેતનામ સંયુક્ત આયોગ"ની 17મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ભારતના વિદેશમંત્રી અને વિયેતનામના ઉપ–પ્રધાનમંત્રી દ્વારા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંમેલનની સહ–અધ્યક્ષતા કરવામાં આવી હતી.

### બેઠકની મુખ્ય બાબતો

- ભારત અને વિયેતનામ એ ભારત–પ્રશાંત મહાસાગરીય પહેલના અનુરૂપ પોતાના દ્વિપક્ષીય સહયોગ વધારવા પર સહમત થયા હતા.
- બંને દેશો દ્વારા ભારત–પ્રશાંત ક્ષેત્રમાં સુરક્ષા, સમૃદ્ધિ અને વૃદ્ધિ પ્રાપ્ત કરવા આસિયાન (ASEAN)ના દષ્ટિકોણ પર સહમતિ વ્યક્ત કરવામાં આવી હતી.
- બંને પક્ષો "સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ" સહિત બહુપક્ષીય મંચો પર નિકટ સમન્વય કરવા સહમત થયા છે.
- બંને દેશોએ અસૈન્ય પરમાણુ ઊર્જા, અંતરિક્ષ, સમુદ્રી વિજ્ઞાન અને નવીન ટેક્નોલોજી જેવા ઉભરતા ક્ષેત્રોમાં ઘનિષ્ઠ સહયોગ પર સહમતિ વ્યક્ત કરી છે.

# 4. વિજ્ઞાન અને ટેકનોલોજી

## વિજ્ઞાન અને ટેક્નોલોજી સંકેતક 2018

➤ વિજ્ઞાન અને ટેક્નોલોજી સંકેતક (Science and Technology Indicators-STI), 2018 એ ભારતમાં વૈજ્ઞાનિક સંશોધનની સ્થિતિનું એક સામાયિક સંકલન છે, જેને હાલમાં જાહેર કરવામાં આવ્યું હતું.

### વિજ્ઞાન અને ટેક્નોલોજી સંકેતક, 2018ની મુખ્ય બાબતો :

➤ ભારતમાં સરકાર દ્વારા નાણાકીય પ્રાપ્ત વૈજ્ઞાનિક સંસ્થાઓની સરખામણીમાં ખાનગી ક્ષેત્રની સંશોધન કંપનીઓ દ્વારા "મુખ્ય સંશોધન અને વિકાસ" ગતિવિધિમાં વધુ મહિલાઓને નોકરી આપવામાં આવે છે.

➤ વર્ષ 2020ના સંકેતકોએ ભારતમાં વધુ વૈજ્ઞાનિકો એ પુરુષો હોવાનું સૂચવે છે.

➤ ડોકટરેટ અને પ્રોફેશનલ ચરણોમાં મહિલાઓની સંખ્યામાં ઘટાડા બાબતે નીચેના કારણો પ્રતીત થાય છે.

(i) મહિલાઓ પર પરિવાર બનાવવાનો સામાજિક દબાવ વધુ હોય છે, જે એક પ્રોફેશનલ કરિયર સાથે તાલબધ્ધ રીતે ચાલી શકતુ નથી.

(ii) કામ પર રાખવા દરમિયાન પિતૃતાત્મક વલણને કારણે મહિલાઓ સાથે વધુ ભેદભાવ થાય છે. આ સાથે જ સંસ્થાઓના પ્રશાસકો પોતે જ નિર્ણય કરી લે છે કે મહિલાઓના કરિયરની અપેક્ષાએ પરિવારનો વિકલ્પ પસંદ કરવો જોઈએ.

### વિજ્ઞાન અને ટેક્નોલોજી સંકેતક, 2018 કોણ તૈયાર કરે છે ?

➤ આ સંકેતક એ "રાષ્ટ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી વ્યવસ્થાપન સૂચના પ્રણાલી" જે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અંતર્ગતની સંસ્થા છે. તેના દ્વારા તૈયાર કરવામાં આવે છે.

➤ આ રિપોર્ટ/અહેવાલ એ દેશ ભરમાં સ્થિત વિભિન્ન વૈજ્ઞાનિક સંસ્થાઓ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલા આંકડા પર આધારિત છે.

## એસ્ટ્રોસેટ ટેલિસ્કોપ

➤ તાજેતરમાં ભારતમાં મલ્ટી વેવલેંથ ટેલિસ્કોપ "એસ્ટ્રોસેટ" દ્વારા AUDFSOL નામની એક આકાશગંગામાંથી નીકળતા અલ્ટ્રાવાયોલેટ પ્રકાશની ખોજ કરવામાં આવી હતી.

➤ આ આકાશગંગા એ પૃથ્વીથી 9.3 બિલિયન પ્રકાશવર્ષના અંતર પર સ્થિત છે.

➤ આ શોધ એ ભારત, સ્વિટ્ઝર્લેન્ડ, ફ્રાન્સ અમેરિકા, જાપાન અને નેધરલેન્ડના ખગોળશાસ્ત્રીઓ દ્વારા એક આંતરરાષ્ટ્રીય સહયોગ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવી હતી.

### શોધની મુખ્ય બાબતો

➤ શોધ કરતી ટીમ દ્વારા આકાશગંગામાં "હબલ એકસટ્રીમ ડીપ ફિલ્ડ" નામના ક્ષેત્રને શોધ્યું હતું.

➤ આ આકાશગંગા "હબલ અલ્ટ્રા ડીપ ફિલ્ડ"ના કેન્દ્રમાં સ્થિત છે.

➤ હબલ એકસ્ટ્રીમ ડીપ ફિલ્ડ (HUDF) ફોર્નેકસ તારામંડળમાં એક નાનુ ક્ષેત્ર છે, જેને વર્ષ 2003થી 2004 સુધી હબલ સ્પેસ ટેલિસ્કોપ ડેટાનો ઉપયોગ કરી નિર્ધારિત કરવામાં આવ્યું હતું.

### Back to basics : એસ્ટ્રોસેટ વિશે

➤ એસ્ટ્રોસેટ ભારતનું પ્રથમ સમર્પિત મલ્ટી વેવલેન્થ સ્પેસ ટેલિસ્કોપ છે જેમાં 5 દૂરબીન લગાવવામાં આવ્યા છે. જેના માધ્યમથી એસ્ટ્રોસેટ એક જ સમયમાં ઓપ્ટિકલ, અલ્ટ્રા વાયોલેટ, નિમ્ન અને ઉચ્ચ ઊર્જા વિદ્યુત ચુંબકીય સ્પેકટ્રમના એકસ–રે ક્ષેત્રોમાં બ્રહ્માંડનું અવલોકન કરે છે.

➤ તેમાં લાગેલ અલ્ટ્રાવાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ એ દશ્ય, અલ્ટ્રાવાયોલેટ અને રિમોટ અલ્ટ્રાવાયોલેટ વિદ્યુત ચુંબકીય સ્પેકટ્રમના ક્ષેત્રો પાસે આકાશને અવલોકન કરવામાં સક્ષમ છે.

➤ તેને 28 સપ્ટેમ્બર, 2015ના રોજ ઈસરો દ્વારા પૃથ્વીની નજીક ભૂ–સ્થિર કક્ષામાં પ્રક્ષેપિત કરવામાં આવ્યું હતું.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## પિનાકા રોકેટ

- તાજેતરમાં એક ખાનગી કંપની "ઈકોનોમિક એક્સપ્લોસિવ લિમિટેડ" (EEL) દ્વારા પિનાકા રોકેટનું પોખરણ ખાતે સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- DRDO દ્વારા EEL સાથે ટેક્નોલોજી ટ્રાન્સફર એગ્રીમેન્ટ કરવામાં આવ્યો હતો.
- સફળ પરીક્ષણ બાદ હવે EEL કંપની એ ભારતીય સેના માટે DRDO દ્વારા વિકસિત કરવામાં આવેલ મિસાઈલનું ઉત્પાદન કરશે.
- ખાનગી કંપની દ્વારા બનાવવામાં આવેલ આ પ્રથમ રોકેટ છે.

### Back to basics : પિનાકા રોકેટ વિશે

- પિનાકા રોકેટ એ આર્ટિલરી મિસાઈલ પ્રણાલી છે. તેની બંને બાજુ 6-6 રોકેટ હોય છે. તેનું નિર્માણ એ DRDO દ્વારા કરવામાં આવ્યું હતું.
- તેની મારક ક્ષમતા એ માર્ક 1 માટે 40 કિમી અને માર્ક 2 માટે 65 કિમીની છે.
- પિનાકા અંતર્ગત નૌસંચાલન, નિયંત્રણ અને દિશા પ્રણાલી જોડવામાં આવી છે જેથી તેની સટીકતા અને રેન્જમાં વધારો થઈ શકે.




# 5. યોજના / પોર્ટલ / રિપોર્ટ

## અટલ રેન્કિંગ ઓફ ઈન્સ્ટિટ્યુશન્સ ઓન ઈનોવેશન અચિવમેન્ટ્સ (ARIIA) 2020

- તાજેતરમાં ઉપરાષ્ટ્રપતિ દ્વારા ARIIA 2020 જાહેર કરવામાં આવ્યા હતા.
- ARIIA એ માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD) ની એક પહેલ છે. જેના અંતર્ગત નવીનતાથી સંબંધિત સંકેતકોના આધાર પર દેશમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાનો અને યુનિવર્સિટીઓને પ્રણાલીબદ્ધ રૂપથી રેન્ક આપવામાં આવે છે.

### ARIIA રેન્કિંગના માપદંડો/ધોરણો :

- ARIIA રેન્કિંગમાં મુખ્ય રૂપથી 6 મુખ્ય માપદંડો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આ માપદંડો નીચે મુજબ છે :

(1) બૌદ્ધિક સંપદા અધિકાર (IPR), નવીનતા, સ્ટાર્ટ–અપ અને ઉદ્યમિતા પર કાર્યક્રમ અને ગતિવિધિ.

(2) પ્રી ઈન્ક્યુબેશન અને ઈન્ક્યુબેશન આંતરમાળખું.

(3) નવીનતા અને ઉદ્યમિતા ગતિવિધિને પ્રોત્સાહન આપવા વાર્ષિક ખર્ચ.

(4) નવીનતા, IPR અને ઉદ્યમિતા વિકાસ પર વિભિન્ન અભ્યાસક્રમ

(5) બૌદ્ધિક સંપદા, ટેક્નોલોજી હસ્તાંતરણ અને વ્યાવસાયીકરણ

(6) નવીનતા અને સ્ટાર્ટ–અપ માટે ધિરાણ.

### ARIIA રેન્કિંગ અંતર્ગત વર્ગીકરણ

- વર્ષ 2020માં ARIIAમાં બે વિસ્તૃત શ્રેણીઓ અને છ ઉપ શ્રેણીઓમાં સંસ્થાઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે.
- પ્રથમ વખત વર્ષ 2020 ARIIA રેન્કિંગમાં ફક્ત મહિલાઓ ધરાવતી યુનિવર્સિટી માટે વિશેષ પુરસ્કાર શ્રેણીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### વર્ષ 2020ના ARIIA રેન્કિંગ :

(1) IIT–મદ્રાસને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા, કેન્દ્રીય યુનિવર્સિટી અને કેન્દ્ર દ્વારા નાણાકીય સહાયતા પ્રાપ્ત તકનિકી સંસ્થાની શ્રેણીમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

(2) ઈન્સ્ટિટયૂટ ઓફ કેમિકલ ટેક્નોલોજી, મુંબઈને સરકાર અને સરકારી સહાયતા પ્રાપ્ત યુનિવર્સિટીમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

(3) સરકાર અને સરકારી સહાયતા પ્રાપ્ત કોલેજમાં એન્જિનિયરિંગ કોલેજ, પૂણેને પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું.

(4) કલિંગ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ ટેક્નોલોજીને ખાનગી સ્વ–નિર્ભર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું.

(5) SR એન્જિનિયરીંગ કોલેજ, તેલંગાણાને ખાનગી કોલેજની શ્રેણીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું.

(6) અવિનાશીલિંગમ ઈન્સ્ટિટ્યુટ ફોર હોમ સાયન્સ એન્ડ હાયર એજ્યુકેશન ફોર વુમનને વિશિષ્ટ રૂપથી મહિલાઓ માટેની શૈક્ષણિક સંસ્થામાં ટોચનું સ્થાન પ્રાપ્ત થયું હતું.

## જીવનની ડિજિટલ ગુણવત્તા સૂચકાંક 2020

- તાજેતરમાં બ્રિટિશ વર્જિન દ્વીપ, સમૂહમાં સ્થિત એક વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક પ્રદાતા સર્ફશાર્ક દ્વારા જીવનની ડિજિટલ ગુણવત્તા સૂચકાંક 2020 તૈયાર કરવામાં આવ્યો હતો.
- આ સૂચકાંકમાં ઈન્ટરનેટ ક્ષમતા અને ગુણવત્તા, ઈલેક્ટ્રોનિક આંતરમાળખું, સુરક્ષા અને સરકાર માપદંડો વગેરેના આધારે દેશોને રેંક આપવામાં આવ્યા હતા.

### સૂચકાંક અંતર્ગત વિભિન્ન દેશોનું પ્રદર્શન :

- સૂચકાંક અંતર્ગત ડેનમાર્ક, સ્વીડન અને કેનેડા એ ટોચના ત્રણ સ્થાનો પર રહયા હતા.
- ઈઝરાયેલમાં ઈન્ટરનેટ સૌથી સસ્તી કિંમતો પર ઉપલબ્ધ કરાવવામાં આવે છે.
- કુલ દેશોમાંથી 75% દેશોમાં ઈન્ટરનેટનો ખર્ચ કરવા વૈશ્વિક


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સરેરાશથી વધુ કામ કરવું પડે છે.

- ➢ સિંગાપુર, યૂકે અને અમેરિકાનું ઈ–ગવર્નમેન્ટ સંકેતક પર સૌથી સારું પ્રદર્શન રહયું હતું.
- ➢ યૂકે, ફ્રાન્સ અને લિથુઆનિયા એ સાયબર સુરક્ષા અને વ્યકિતગત ડેટા સુરક્ષામાં ટોચના સ્થાન પર રહયા હતા.
- ➢ સર્વશ્રેષ્ઠ ઈન્ટરનેટ ગુણવત્તામાં સિંગાપુર, સ્વીડન અને નેધરલેંડનું સર્વોચ્ચ પ્રદર્શન રહયું હતું.

### સૂચકાંક અંતર્ગત ભારતનું પ્રદર્શન :

- ➢ 85 દેશોના રેન્કિંગમાં, ભારત ઈન્ટરનેટ સામર્થ્ય સંકેતકમાં 9માં અને ઈ–ગવર્નમેન્ટ સંકેતકમાં 15માં સ્થાન પર રહ્યું હતું.
- ➢ ઈન્ટરનેટની કિંમત સંદર્ભે ભારતે સર્વશ્રેષ્ઠ પ્રદર્શન ખરાબ રહયું હતું અને 57મો ક્રમ પ્રાપ્ત થયો હતો.
- ➢ ઈન્ટરનેટની ગુણવત્તા બાબતે ભારતને 78મો રેન્ક પ્રાપ્ત થયો હતો.
- ➢ ઈલેક્ટ્રોનિક માળખાની બાબતમાં ભારતને 79મો ક્રમ પ્રાપ્ત થયો હતો.

## જનજાતીય સ્વાસ્થ્ય અને પોષણ પોર્ટલ- "સ્વાસ્થ્ય"

- ➢ ભારત સરકારના જનજાતીય કાર્ય મંત્રાલય દ્વારા નવી પહેલોની ઘોષણા કરવામાં આવી હતી.
- ➢ ઘોષણાઓ અંતર્ગત જનજાતીય સ્વાસ્થ્ય અને પોષણ પોર્ટલ "સ્વાસ્થ્ય" અને સ્વાસ્થ્ય તથા પોષણ પર ઈ–ન્યૂઝલેટર "આલેખ", રાષ્ટ્રીય પ્રવાસી પોર્ટલ અને રાષ્ટ્રીય જનજાતીય ફેલોશિપ પોર્ટલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### સ્વાસ્થ્ય પોર્ટલની મુખ્ય બાબતો :

- ➢ સ્વાસ્થ્ય નામનુ ઈ–પોર્ટલ એ એવું પ્રથમ પોર્ટલ છે જે એક જ પ્લેટફોર્મ પર ભારતની જનજાતીય વસતીને સ્વાસ્થ્ય અને પોષણ સંબંધી જાણકારી ઉપલબ્ધ કરાવે છે.
- ➢ પોર્ટલ એ વિશેષજ્ઞો અને અનુભવોના આદાન–પ્રદાનની સુવિધા માટે ભારતમાં વિભિન્ન હિસ્સામાં એકત્રિત કરવામાં આવેલ નવીન પ્રક્રિયાઓ, શોધ રિપોર્ટ, અભ્યાસો અને શ્રેષ્ઠ પ્રક્રિયાઓની વહેંચણી કરશે.
- ➢ જનજાતીય કાર્ય મંત્રાલયે સ્વાસ્થ્ય અને પોષણ માટે જ્ઞાન વ્યવસ્થાપન હેતુ ઉત્કૃષ્ટતા કેન્દ્રના રૂપમાં "પીરામલ સ્વાસ્થ્ય"ને માન્યતા આપી છે.
- ➢ આ કેન્દ્ર સતત જનજાતીય કાર્ય મંત્રાલયથી જોડાયેલું રહેશે અને ભારતની જનજાતીય આબાદીને સ્વાસ્થ્ય અને પોષણ સંબંધિત નીતિ અને નિર્ણય લેવા માટે ઈનપુટ ઉપલબ્ધ કરાવશે.

## સ્વચ્છ સર્વેક્ષણ રિપોર્ટ 2020

- ➢ તાજેતરમાં કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ 2020 રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો.
- ➢ સ્વચ્છ સર્વેક્ષણ 2020માં 4,242 શહેરો, 62 કેન્ટોનમેન્ટ બોર્ડ તથા 92 ગંગા–શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- ➢ સર્વેક્ષણ 28 દિવસમાં પૂરો કરવામાં આવ્યો હતો.
- ➢ આ વર્ષે મંત્રાલય દ્વારા સર્વે એ 28 દિવસના રેકોર્ડ સમયમાં પૂરો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત વર્ષ 2020નો સર્વે એ પ્રથમ ડિજિટલ સર્વે હતો.

### સ્વચ્છ સર્વેક્ષણ રિપોર્ટ, 2020 અંતર્ગત વિવિધ શહેરોનું પ્રદર્શન :

| સ્વચ્છ સર્વેક્ષણ, 2020 અંતર્ગત 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોનું પ્રદર્શન | | સ્વચ્છ સર્વેક્ષણ, 2020 અંતર્ગત 1-10 લાખનીવસતી ધરાવતા શહેરોનું પ્રદર્શન | |
|---|---|---|---|
| ક્રમ | શહેર | ક્રમ | શહેર |
| 1 | ઈન્દોર | 1 | અંબિકાપુર |
| 2 | સુરત | 2 | મૈસુર |
| 3 | નવી મુંબઈ | 3 | નવી દિલ્હી (NDMC) |
| 4 | વિજયવાડા | 4 | ચંદ્રાપુર |
| 5 | અમદાવાદ | 5 | ખારગોને |
| 6 | રાજકોટ | 6 | તિરુપતી |
| 7 | ભોપાલ | 7 | જમશેદપુર |
| 8 | ચંદીગઢ | 8 | ગાંધીનગર |

| | | | |
|---|---|---|---|
| 9 | વિશાખાપટ્ટનમ | 9 | ધુલે |
| 10 | વડોદરા | 10 | રાજનંદગાવ |

| સ્વચ્છ સર્વેક્ષણ, 2020 અંતર્ગત 10 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં ગુજરાતનું પ્રદર્શન | | સ્વચ્છ સર્વેક્ષણ, 2020 અંતર્ગત 1-10 લાખની વસતી ધરાવતા શહેરોમાં ગુજરાતનું પ્રદર્શન | |
|---|---|---|---|
| ક્રમ | શહેર | ક્રમ | શહેર |
| 2 | સુરત | 8 | ગાંધીનગર |
| 5 | અમદાવાદ | 28 | જામનનગર |
| 6 | રાજકોટ | 42 | ભાવનગર |
| 10 | વડોદરા | 69 | આણંદ |
| | | 73 | વાપી |
| | | 77 | ગોધરા |
| | | 98 | ગાંધીધામ |
| | | 125 | નવસારી |
| | | 132 | મહેસાણા |
| | | 145 | ભુજ |
| | | 146 | જેતપુર (નવાગઢ) |
| | | 150 | વેરાવળ |
| | | 151 | દીસા |
| | | 153 | બોટાદ |

### સ્વચ્છ સર્વેક્ષણ, 2020ના અન્ય પુરસ્કાર

- 100થી વધુ શહેરી સ્થાનીય સંસ્થાઓ (Urban Local Bodies-ULB) શ્રેણીમાં છત્તીસગઢે ભારતના સૌથી સ્વચ્છ રાજ્યનો પ્રતિષ્ઠિત પુરસ્કાર જીત્યો હતો.
- અમદાવાદ ભારતનું સૌથી સ્વચ્છ મેગા શહેર રહ્યું હતું.
- છત્તીસગઢનું અંબિકાપુર સૌથી સાફ નાનુ શહેર છે.
- બેંગલુરુને મેગા સિટી શ્રેણીમાં સર્વશ્રેષ્ઠ આત્મનિર્ભર પુરસ્કાર પ્રાપ્ત થયો છે.
- ઝારખંડને 100થી ઓછી શહેરી સ્થાનીય સંસ્થાની શ્રેણીમાં ભારતનું સૌથી સ્વચ્છ રાજ્ય જાહેર કરાયું હતું.
- સૌથી સ્વચ્છ કેન્ટોનમેન્ટ નગર એ જાલંધર કેંટ, પંજાબ હતું.
- ગંગા નદીના કિનારાનું સૌથી સ્વચ્છ શહેર વારાણસી રહ્યું હતું.
- 1 લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોની શ્રેણીમાં મહારાષ્ટ્રના કરાડને સૌથી સ્વચ્છ શહેર ઘોષિત કરવામાં આવ્યું હતું.
- સ્વચ્છતાની બાબતે આત્મનિર્ભર શહેર રાજકોટ (ગુજરાત) રહ્યું હતું. (10 લાખથી વધુ વસતી શ્રેણીમાં)
- સ્વચ્છતાની બાબતે (10 લાખથી ઓછી વસતી શ્રેણીમાં) આત્મનિર્ભર શહેર મૈસુર (કર્ણાટક) રહ્યું હતું.

### Back to basics : સ્વચ્છ સર્વેક્ષણ શું છે ?

- સ્વચ્છ સર્વેક્ષણની શરૂઆત એ ભારતના પ્રધાનમંત્રી દ્વારા વર્ષ 2016માં કરવામાં આવી હતી.
- આ સર્વેક્ષણનું લક્ષ્ય એ ભારતના સૌથી સ્વચ્છ શહેરો બનવાની દિશામાં શહેરો વચ્ચે સ્વસ્થ સ્પર્ધાની ભાવના ઉત્પન્ન કરવાનું છે.
- ભારતીય ગુણવત્તા પરિષદ (Quality Council of India-QCI)ને સર્વેક્ષણમાં ભાગ લેતા શહેરોના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવાની જવાબદારી આપવામાં આવી છે.
- વર્ષ 2020ના રેન્કિંગ એ સ્વચ્છ સર્વેક્ષણની 5મી આવૃતિ હતી.

## સ્વદેશી માઈક્રોપ્રોસેસર ચેલેન્જ

- 18 ઓગસ્ટ, 2020ના રોજ કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક અને સૂચના ટેક્નોલોજી મંત્રી દ્વારા "સ્વદેશી માઈક્રોપ્રોસેસર ચેલેન્જ"ની શરૂઆત કરી હતી.
- આ અભિયાન એ આત્મનિર્ભર ભારત માટે એક નવીનત્તમ સમાધાન છે.
- આ ચેલેન્જનો ઉદ્દેશ્ય એ સ્ટાર્ટ–અપ, નવીનતા અને સંશોધન માટે મજબૂત પારિસ્થિતિકી તંત્રને ગતિ પ્રદાન કરવાનો છે.

### માઈક્રોપ્રોસેસર વિકાસ કાર્યક્રમ :

- કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય અંતર્ગત IIT મદ્રાસ અને "સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પ્યુટિંગ"ના ઓપન સોર્સ આર્કિટેકચરનો ઉપયોગ કરતા "શકિત" (SHAKTI-32 બિટ) અને વેગા (VEGA-64 બિટ) નામના બે માઈક્રોપ્રોસેસર વિકસિત કર્યા છે.
- "સ્વદેશી માઈક્રોપ્રોસેસર ચેલેન્જ" અંતર્ગત નવીનતા, સ્ટાર્ટ–અપ અને વિદ્યાર્થીઓને આમંત્રિત કર્યા છે જેથી


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

આ માઈક્રોપ્રોસેસરો (શકિત અને વેગા)નો ઉપયોગ કરી વિભિન્ન ટેક્નોલોજી ઉત્પાદનો વિકસિત કરે.

### સ્વદેશી માઈક્રોપ્રોસેસર ચેલેન્જની અન્ય બાબતો :

➤ આ ચેલેન્જનો સમયગાળો 10 મહિનાનો છે જે 18 ઓગસ્ટ, 2020થી જૂન, 2021 સુધી ચાલશે.

➤ ચેલેન્જ માટે નોંધણી એ http://innovate.mygov.in પર કરી શકાશે.

➤ સ્પર્ધા અંતર્ગત સેમી–ફાઈનલમાં પોંહચનાર 100 ટીમોને પુરસ્કારના રૂપમાં કુલ રૂ. 1 કરોડ આપવામાં આવશે, જ્યારે ફાઈનલમાં પહોંચનાર 25 ટીમોને પુરસ્કારના રૂપમાં કુલ રૂ. 1 કરોડ આપવામાં આવશે.

➤ ફાઈનલમાં પ્રવેશ કરનાર ટોચની 10 ટીમોને કુલ રૂ. 2.30 કરોડનું સીડ–ફંડ (Seed Fund) પ્રાપ્ત થશે અને 12 મહિના સુધી ઈન્કયુબેશન સમર્થન પ્રાપ્ત થશે.

## રાષ્ટ્રીય ભરતી એજન્સી

➤ તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટ મંત્રીમંડળ દ્વારા નોકરીઓ માટે ભરતી પ્રક્રિયામાં પરિવર્તનકારી સુધાર લાવવા હેતુ ''રાષ્ટ્રીય ભરતી એજન્સી'' (National Recruitment Agency-NRA)ના ગઠનને મંજૂરી આપી છે.

### રાષ્ટ્રીય ભરતી એજન્સીની મુખ્ય બાબતો :

➤ નવી વ્યવસ્થા અનુસાર, સરકારી નોકરી માટે ઈચ્છુક બધા ઉમેદવારો રાષ્ટ્રીય ભરતી એજન્સી (NRA) દ્વારા આયોજિત એક સામાન્ય યોગ્યતા (Common Eligibility Test-CET)માં ફકત એકવાર ભાગ લેશે.

➤ ત્યારબાદ CETના સ્કોર પર ઉચ્ચ સ્તરની પરીક્ષા માટે કોઈપણ ભરતી એજન્સી અંતર્ગત અરજી કરી શકાશે.

➤ NRA એક બહુ–એજન્સી સંસ્થા હશે. જેના અંતર્ગત રેલવે મંત્રાલય, નાણા મંત્રાલય/નાણાકીય સેવા વિભાગ, SSC, RRB તથા IBPSના પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવશે.

➤ દેશના પ્રત્યેક જિલ્લામાં પરીક્ષા કેન્દ્રો સ્થાપિત કરવામાં આવશે જેથી દૂરના ક્ષેત્રોમાં રહેતા ઉમેદવારોને લાભ પ્રાપ્ત થશે.

➤ દેશ ભરના 117 ''આકાંક્ષી જિલ્લા''ઓ (Aspirational Districts)માં પરીક્ષાની સંરચના બનાવવા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. જેથી ઉમેદવારોને પોતાના નિવાસસ્થાનથી નજીક પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચવામાં મદદ મળે.

➤ ઉમેદવારોને CETમાં પ્રાપ્ત થતો સ્કોર એ 3 વર્ષો સુધી માન્ય રહેશે.

➤ CETનો અભ્યાસક્રમ એ સામાન્ય/સમાન હોવાને કારણે ઉમેદવારોનો ભારત ઓછો કરશે, જે વર્તમાનમાં પ્રત્યેક પરીક્ષા માટે વિભિન્ન અભ્યાસક્રમ અનુસાર અલગ–અલગ અભ્યાસક્રમોમાં તૈયારી કરે છે.

### કઈ પરીક્ષાઓ NRA અંતર્ગત આવશે ?

➤ શરૂઆતમાં NRA દ્વારા ગ્રુપ B અને C (બિન–તકનિકી) પદો પર ઉમેદવારોને શોર્ટલિસ્ટ કરવા હેતુ CETનું આયોજન કરવામાં આવશે.

➤ NRA શરૂઆતમાં એ પરીક્ષાઓ માટે CETનું આયોજન કરવામાં આવશે.

➤ NRA શરૂઆતમાં એ પરીક્ષાઓ માટે CETનું આયોજન કરશે, જે મુખ્યત્વે SSC, રેલવે અને IBPS દ્વારા સંચાલિત કરવામાં આવે છે, ત્યારબાદ અન્ય સંસ્થાઓની પરીક્ષાનો પણ સમાવેશ કરવામાં આવશે.

### NRAની આવશ્યકતા અને મહત્વ :

➤ અલગ–અલગ પરીક્ષાઓ માટે NRA પહેલા વિદ્યાર્થીઓને અલગ–અલગ ચૂકવણીઓ ફોર્મ ભરવા કરવી પડતી હતી. આ ઉપરાંત પરીક્ષા એજન્સીઓ ઉપર પણ તેનો બોજ પડતો હતો. આથી આર્થિક ધોરણે અને કાર્યક્ષમતા વધારવા NRA ઉપયોગી છે.

➤ આંકડાઓ અનુસાર ભારતમાં પ્રત્યેક વર્ષે 1.25 લાખ સરકારી નોકરીઓની જાહેરાત આવે છે, જેમાં લગભગ 2.5 કરોડ ઉમેદવારો સામેલ થાય છે. આથી આ વ્યવસ્થા યોગ્ય કરવા NRAની આવશ્યકતા છે.

- CETના માધ્યમથી વિવિધ પરીક્ષાઓમાં ઉપસ્થિત થવાની વિદ્યાર્થીઓના ભારને ઓછો કરી શકાશે.
- પ્રત્યેક જિલ્લામાં પરીક્ષા કેન્દ્રને લીધે ગ્રામીણ ક્ષેત્રના ઉમેદવારો અને વિશેષ રૂપથી મહિલા ઉમેદવારોને વધુ લાભ પ્રાપ્ત થશે.
- CET એ અનેક ભાષામાં ઉપલબ્ધ હશે. આથી દેશના વિભિન્ન હિસ્સાના લોકોને પરીક્ષામાં બેસવા અને નિમણૂક થવા માટે સમાન અવસર પૂરા પાડશે.
- CETના માધ્યમથી પરીક્ષાના આયોજનમાં વિભિન્ન ભરતી એજન્સી દ્વારા થતા ખર્ચમાં ઘટાડો થશે. એક અનુમાન મુજબ, તેના અમલીકરણથી લગભગ રૂ. 600 કરોડની બચત થવાની ઉમ્મીદ છે.

## પોષણ માસ

- વર્ષ 2018થી દર વર્ષે સપ્ટેમ્બરને પોષણ અભિયાન અંતર્ગત પોષણ માસ (પોશન માહ) તરીકે ઉજવવામાં આવે છે.

### પોષણ માસ વિશે

- તેમાં સમગ્ર મહિનાની પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં પ્રિનેટલ કેરલ શ્રેષ્ઠ સ્તનપાન, એનિમિયા વિકાસલક્ષી દેખરેખ, છોકરીઓનું શિક્ષણ, આહાર, લગ્નજીવનની યોગ્ય વયલ સાફ–સફાઈ અને આરોગ્યપ્રદ આહાર (ફૂડ ફોર્ટીફિકેશન) વગેરેનો સમાવેશ થાય છે.
- આ પ્રવૃત્તિઓ સામાજિક અને વર્તન પરિવર્તન સંચાર (Social and Behavioral Change Communication-SBCC) પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તે સમૂહ ચળવળ માર્ગદર્શિકા પર આધારિત છે
- આ વર્ષે માય ગોવ પોર્ટલ પર ફૂડ અને ન્યુટ્રિશન ક્વિઝ તેમજ મીમ સ્પર્ધા યોજવામાં આવશે.
- આ સિવાય સ્ટેચ્યુ ઓફ યુનિટી (ગુજરાત)માં એક વિશેષ પ્રકારનું પોષણ પાર્ક પણ બનાવવામાં આવ્યું છે, જ્યાં આનંદ અને પોષણની માહિતી પણ મેળવી શકાય છે.

### Back to basics :- પોષણ અભિયાન વિશે

- તે રાષ્ટ્રીય ન્યુટ્રિશન મિશન તરીકે પણ ઓળખાય છે, તે બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને સ્તનપાન કરાવતી માતા માટેના પોષણ પરિણામોને સુધારવા માટે ભારત સરકારનો મુખ્ય કાર્યક્રમ છે.
- તેની શરૂઆત વડાપ્રધાને 8 માર્ચ 2018 ના રોજ રાજસ્થાનના ઝુંઝુનુથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે કરી હતી.
- તેનું અમલીકરણ મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે.

### પોષણ અભિયાન અંતર્ગતના લક્ષ્યો

- 2022 સુધીમાં દર વર્ષે સ્ટંટિંગ જન્મ સમયે ઓછું વજન અને ઓછા વજનના બાળકોમાં 2% અને નાના બાળકો, કિશોરો અને સ્ત્રીઓમાં એનિમિયા દરને 3% ઘટાડવાનો લક્ષ્યાંક છે.

## રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન 'એશિયા'

- તાજેતરમાં નીતિ આયોગે રાષ્ટ્રીય નિર્ધારિત યોગદાન (Nationally Determined Contribution-NDC) - ટ્રાન્સપોર્ટ ઈનિશિયેટિવ ફોર એશિયા (TPA) ના ભારત ઘટકની શરૂઆત કરી છે.
- આ કાર્યક્રમ દેશમાં ઈલેક્ટ્રિક ગતિશીલતાને પ્રોત્સાહિત કરવામાં મદદ કરશે.
- આ કાર્યક્રમ નીતિ વિકાસ ઈલેક્ટ્રિક વાહનના માળખાના વિકાસ અને ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોના મોટા પાયે ઉપયોગને સમર્થન આપશે.

### રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન-ટ્રાન્સપોર્ટ ઇનિશિયેટિવ ફોર એશિયા (NDC-TPA)

- રાષ્ટ્રીય સ્તરે નિર્ધારિત યોગદાન–ટ્રાન્સપોર્ટ ઈનિશિયેટિવ ફોર એશિયા (NDC-TPA)નો હેતુ ભારત વિયેતનામ અને ચીનમાં બિન–કાર્બનિકૃત પરિવહનને પ્રોત્સાહિત કરવા માટે એક વ્યાપક અભિગમને પ્રોત્સાહન આપવાનો છે.
- આ પ્રોગ્રામનો સમયગાળો 2 વર્ષનો છે અને આ કાર્યક્રમ ભારત અને અન્ય ભાગીદાર દેશોને વિવિધ હિતધારકો સાથે


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સંકલનમાં વિવિધ હસ્તક્ષેપો દ્વારા તેમના લાંબા ગાળાના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

### કાર્યક્રમનું અમલીકરણ

- તે એક સંયુક્ત કાર્યક્રમ છે જે જર્મનીના પર્યાવરણ પ્રકૃતિ સંરક્ષણ અને પરમાણુ સલામતી મંત્રાલયના આંતરરાષ્ટ્રીય આબોહવા પહેલ (International Climate Initiative-IKI) દ્વારા સમર્થિત છે અને 7 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના જૂથ દ્વારા તેનો અમલ કરવામાં આવશે.
- આ કાર્યક્રમના ભારતીય ઘટકને અમલમાં મૂકવા માટે નીતિ આયોગ ભારત સરકાર વતી અમલના ભાગીદાર તરીકે કાર્ય કરશે.

### કાર્યક્રમના ધ્યેયો

- ગ્રીનહાઉસ ગેસ અને પરિવહન મોડેલિંગની ક્ષમતાને મજબૂત બનાવવી.
- દેશમાં સંગઠિત પરિવહન માટેના હોદ્દેદારો માટે સંવાદ પ્લેટફોર્મ શરૂ કરવા.
- ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઘટાડવા માટે તકનીકી સહાયતા આપવી.
- વાતાવરણમાં પરિવર્તન સાથે વ્યવહાર કરવા પરિવહન સંબંધિત કામોને નાણાં આપવું.
- ઈલેક્ટ્રિક વાહન (Electric Vehicle-EV) માટેની માંગ અને પુરવઠા નીતિ અંગે નીતિ ભલામણો કરવી.

## નિકાસ તત્પરતા સૂચકાંક 2020

- તાજેતરમાં નીતિ આયોગ દ્વારા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્પિટેટીવનેસની સાથે મળીને 'નિકાસ તત્પરતા સૂચકાંક' (Export Preparedness Index-EPI) 2020 પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

### નિકાસ તત્પરતા સૂચકાંક 2020ની મુખ્ય બાબતો

- રાજ્યોની નિકાસ તત્પરતાનું મૂલ્યાંકન કરવા માટે રચાયેલ EPI-2020માં ગુજરાતને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે. આ સૂચકાંકમાં મહારાષ્ટ્ર અને તામિલનાડુ ક્રમશઃ બીજા અને ત્રીજા ક્રમે છે.

**EPI-2020 અંતર્ગત ટોચના 10 રાજ્યો**

| ક્રમ | રાજ્ય |
|---|---|
| 1 | ગુજરાત |
| 2 | મહારાષ્ટ્ર |
| 3 | તામિલનાડુ |
| 4 | રાજસ્થાન |
| 5 | ઓડિશા |
| 6 | તેલંગાણા |
| 7 | હરિયાણા |
| 8 | છત્તીસગઢ |
| 9 | કર્ણાટક |
| 10 | કેરળ |

- એકંદરે ભારતના દરિયાકાંઠાના રાજ્યોએ નિકાસ તત્પરતાના સંદર્ભમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું અને આ સૂચકાંકમાં ટોચના 10 રાજ્યોમાંથી 6 રાજ્યો દરિયાકાંઠાના રાજ્યો છે.
- રાજસ્થાને સંપૂર્ણ રીતે સરહદથી ઘેરાયેલા રાજ્યોમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે ત્યારબાદ તેમાં તેલંગાણા અને હરિયાણાનો સમાવેશ થાય છે.
- હિમાલયના રાજ્યોમાં ઉત્તરાખંડને પ્રથમ સ્થાન મળ્યું છે. જ્યારે ત્રિપુરા અને હિમાચલ પ્રદેશને ક્રમશઃ બીજો અને ત્રીજો ક્રમ મળ્યો છે.
- કેન્દ્રશાસિત પ્રદેશોમાં દિલ્હીએ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું ત્યારબાદ ગોવા અને ચંદીગઢને સ્થાન મળ્યું છે.
- નીતિ પરિમાણો પર મહારાષ્ટ્રે સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું ત્યારબાદ ગુજરાત અને ઝારખંડને સ્થાન મળ્યું છે.
- વ્યવસાયિક વાતાવરણમાં ગુજરાત દિલ્હી અને તમિલનાડુ અનુક્રમે ટોચનાં સ્થાન પર રહ્યા છે.
- નિકાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્ટાન્ડર્ડ પર મહારાષ્ટ્ર ઓડિશા અને રાજસ્થાન ટોચ પર છે.
- નિકાસ કામગીરીના માપદંડ પર મિઝોરમ ટોચ પર છે ત્યારબાદ ગુજરાત અને મહારાષ્ટ્રનું સ્થાન છે.
- અહેવાલમાં જણાવાયું છે કે હાલમાં ભારતની 70 ટકા નિકાસમાં મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, તામિલનાડુ અને તેલંગાણા – પાંચ રાજ્યોનું વર્ચસ્વ છે.

### નિકાસ સંબંધિત મુખ્ય પડકારો

➤ અહેવાલમાં જણાવાયું છે કે ભારતમાં નિકાસ પ્રોત્સાહન મુખ્યત્વે ત્રણ પાયાના પડકારોનો સામનો કરે છે :

1. નિકાસ માળખામાં આંતર–પ્રાદેશિક અસમાનતા
2. રાજ્યો વચ્ચે નીચી વેપાર સહાય અને વિકાસ અનુકૂલન
3. નિકાસને વેગ આપવા માટે સંશોધન અને વિકાસ માટેનું પર્યાપ્ત સુવિધા નહિ.

### નિકાસ સંબંધિત મુખ્ય સૂચનો :

➤ અહેવાલમાં રજૂ કરવામાં અવેલ પડકારોનો સામનો કરવા માટે મોટી વ્યૂહરચનાઓ પર ભાર મૂકવાની જરૂર છે જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે :

1. નિકાસ માટે માળખાગત સંયુક્ત વિકાસ
2. ઉદ્યોગ અને શિક્ષણ ક્ષેત્ર વચ્ચે જોડાણ મજબૂત બનાવવું
3. આર્થિક કૂટનીતિ માટે રાજય કક્ષાની ભાગીદારીમાં વધારો

➤ 'આત્મનિર્ભર ભારત' પર ભાર મૂકીને ભારતને વિકસિત અર્થતંત્ર બનાવવાનું લક્ષ્ય હાંસલ કરવા માટે બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નિકાસને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

### Back to basics :- નિકાસ તત્પરતા સૂચકાંક વિશે

➤ ભારતીય રાજ્યોની નિકાસ તત્પરતાનું મૂલ્યાંકન કરવા માટે નિકાસ તત્પરતા સૂચકાંક બનાવવાનો વિચાર સૌ પ્રથમ 2019માં નીતિ આયોગ સમક્ષ આવ્યો હતો.

➤ સ્પર્ધાત્મક સંઘવાદની ભાવનાને ધ્યાનમાં રાખીને નીતિ આયોગના નિકાસ તત્પરતા સૂચકાંક (EPI) એ બધા પરિબળોનું મૂલ્યાંકન કરે છે જે રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશની નિકાસ કામગીરીને નિર્ધારિત કરવામાં આવશ્યક ભૂમિકા ભજવે છે.

➤ નિકાસ તત્પરતા સૂચકાંકનો મુખ્ય ઉદ્દેશ ભારતીય નિકાસ ક્ષેત્ર માટે પડકારો અને તકો ઓળખવા સરકારની નીતિઓની અસરકારકતા વધારવા અને અનુકૂળ નિયમનકારી માળખાને પ્રોત્સાહન આપવાનો છે.

➤ નિકાસ તત્પરતા સૂચકાંક (EPI)ની રચનામાં કુલ 4 સ્તંભોનો સમાવેશ થાય છે. (1) નીતિ (2) બિઝનેસ ઈકોસિસ્ટમ (3) નિકાસ ઈકોસિસ્ટમ (4) નિકાસ પ્રદર્શન આ ઉપરાંત આ બધા સ્તંભોમાં કેટલાક પેટા સ્તંભો શામેલ છે.

## ઉડાન યોજના

➤ પ્રાદેશિક જોડાણ યોજના–ઉડાન અંતર્ગત સરકારે 78 નવા રૂટને મંજૂરી આપી દીધી છે.

➤ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કહ્યું છે કે આ નવા રૂટોમાં ઉત્તર–પૂર્વના પર્વતીય વિસ્તારો પર્વતીય રાજ્યો અને ટાપુઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. મંત્રાલયે કહ્યું છે કે આ માર્ગો માટે 29 ઓપરેશન, 8 બંધ પડેલા અને બે ખૂબ ઓછા ઉપયોગમાં લેવાતા એરપોર્ટનો ઉપયોગ કરવામાં આવશે.

➤ મંત્રાલયે કહ્યું કે ઉડાન એટલે કે 'ઉડે દેશ કા આમ નાગરિક' યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ 766 રૂટને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં 45 વિમાન મથકો અને ત્રણ હેલિપોર્ટ સહિત 27 274 ફ્લાઈટ રૂટ શરૂ કરવામાં આવી છે.

➤ ઉડાન દેશના પ્રાદેશિક ઉડ્ડયન બજારના વિકાસ તરફ એક નવીન પગલું છે. પ્રાદેશિક કનેક્ટિવિટી યોજના 'ઉડાન' રાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન નીતિ (National Civil Aviation Policy-NCAP)નું એક મહત્ત્વપૂર્ણ ઘટક છે, જે 15 જૂન, 2016 ના રોજ નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા જારી કરવામાં આવી હતી.

➤ તે વૈશ્વિકસ્તરે પ્રથમ પ્રકારની યોજના છે જે પ્રાદેશિક રૂટો પર સસ્તી આર્થિક રીતે સધ્ધર અને નફાકારક ફ્લાઈટ્સને પ્રોત્સાહન આપવામાં આવે છે જેથી સામાન્ય માણસ પોસાય તેવા ભાવે હવાઈ મુસાફરી કરી શકે.

## "ચેલેન્જ" નેક્સ્ટ જનરેશન સ્ટાર્ટ-અપ ચેલેન્જ સ્પર્ધા

➤ તાજેતરમાં કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલય દ્વારા 'ચેલેન્જ' – નેક્સ્ટ જનરેશન સ્ટાર્ટઅપ ચેલેન્જ શરૂ કરવામાં આવ્યું હતું.

### હેતુઓ અને ઉદ્દેશો

➤ ભારતના ટાયર(શ્રેણી)-2 શહેરો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત

કરીને સ્ટાર્ટઅપ્સ અને સોફ્ટવેર ઉત્પાદનોને આગળ વધારવું.

- ચિહ્નિત વિસ્તારોમાં કાર્યરત 300 જેટલા સ્ટાર્ટ–અપ્સની ઓળખ અને તેમને 25 લાખ રૂપિયા (સીડ ફંડ) અને અન્ય સુવિધાઓ સુધી પ્રારંભિક ભંડોળ પૂરૂ પાડવું.
- આ પડકાર સ્પર્ધા અંતર્ગત કાર્યના નીચેના ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ્સને આમંત્રિત કરવામાં આવશે :

i. એજ્યુ.–ટેક, એગ્રી–ટેક અને સામાન્ય લોકો માટે ફિન–ટેક સોલ્યુશન્સ
ii. સપ્લાય ચેઈન લોજિસ્ટિક્સ અને ટ્રાન્સપોર્ટેશન મેનેજમેન્ટ
iii. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિમોટ મોનિટરિંગ
iv. તબીબી આરોગ્ય સંભાળ નિદાન નિવારણ અને માનસિક ચિકિત્સા
v. નોકરીઓ અને કુશળતા ભાષાકીય સાધનો અને તકનીકીઓ

### પસંદ કરેવામાં આવતા સ્ટાર્ટ-અપ માટેના ફાયદાઓ

- દેશભરમાં ફેલાયેલ સોફ્ટવેર ટેક્નોલોજી પાર્ક દ્વારા પસંદગીના સ્ટાર્ટઅપ્સને સરકાર તરફથી વિવિધ સહાય પૂરી પાડવામાં આવશે.
- તેમને ઈન્ક્યુબેશન સુવિધાઓ માર્ગદર્શિકાઓ સુરક્ષા પરીક્ષણ સુવિધાઓ સાહસ મૂડીવાદી ભંડોળની ઉપલબ્ધતા ઉદ્યોગની સાથે જોડાયેલ કાનૂની સલાહ માનવ સંસાધન IPR અને પેટન્ટ બાબતોમાં સલાહ આપવામાં આવશે.
- 25 લાખ રૂપિયા સુધીની પ્રારંભિક રકમ (સીડ ફંડ) ઉપરાંત સ્ટાર્ટઅપમાં અગ્રણી ક્લાઉડ સર્વિસ પ્રોવાઈડર્સ તરફથી ક્લાઉડ ક્રેડિટ પણ આપવામાં આવશે.
- પ્રત્યેક ઈન્ટર્ન (પ્રિ–ઈન્ક્યુબેશન હેઠળ) ને 6 મહિનાના સમયગાળા માટે દર મહિને 10,000 / - આપવામાં આવશે.

## ટ્રાઈબ્સ ઈન્ડિયા ઓન વ્હીલ્સ

- 19 ઓગસ્ટ, 2020 રોજ કેન્દ્રીય જનજાતીય કાર્ય મંત્રીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી દેશના 31 શહેરોમાં "ટ્રાઈબ્સ ઈન્ડિયા ઓન વ્હીલ્સ" મોબાઈલ વૈનને ગ્રીન ફ્લેગ બતાવી રવાના કરી હતી.

### ટ્રાઈબ્સ ઈન્ડિયા ઓન વ્હીલ્સની મુખ્ય બાબતો

- આ મોબાઈલ વૈનને અમદાવાદ, પ્રયાગરાજ, બેંગલોર, ભોપાલ, ચેન્નઈ, કોયંબતૂર, દિલ્હી, ગુવાહાટી, હૈદરાબાદ, જગદલપુર, ખૂંટી, મુંબઈ અને રાંચી જેવા અમુક શહેરોમાં મોકલવામાં આવેલ છે.
- ટ્રાઈફેડ (TRIFED)ની આ નવી પહેલ સુનિશ્ચિત કરે છે કે કોઈપણ વ્યકિતને જૈવિક, પ્રાકૃતિક રૂપથી પ્રતિરક્ષા વધારતા જરૂરી ઉત્પાદનોને ખરીદવાની સાથે એક સતત અને ગુણવત્તાપૂર્ણ જીવનશૈલીને અપનાવવા ઘરથી બહાર નીકળવાની જરૂર ન પડે.
- આ ઉત્પાદનોના વેચાણથી પ્રાપ્ત આવક સીધી જનજાતીય લોકો પાસે જશે, જેનાથી COVID-19 દરમિયાન તેમની આવક ચાલુ રહે.

## હરિત પથ

- તાજેતરમાં કેન્દ્રીય સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ દેશભરમાં હરિત રાજમાર્ગોના નિર્માણની સુવિધા આપવા એક મોબાઈલ એપ "હરિત પથ" લોન્ચ કરી છે.

### "હરિત પથ" મોબાઈલ એપની મુખ્ય બાબતો

- નવી હરિત રાજમાર્ગ નીતિ (વૃક્ષારોપણ)ની સમીક્ષા દ્વારા સડક નિર્માણમાં આધુનિક અને હરિત ટેક્નોલોજીનો ઉપયોગ કરવા પર જોર આપવામાં આવ્યું છે.
- આ એપ વૃક્ષારોપણ પ્રોજેકટ અંતર્ગત પ્રત્યેક વૃક્ષ માટે બધા ક્ષેત્રીય એકમોમાંથી પ્રત્યેકના સ્થાન, પ્રજાતિનો રેકોર્ડ, લક્ષ્ય અને ઉપલબ્ધિનું નિરીક્ષણ વગેરે જેવી બાબતો માટે વિકસિત કરવામાં આવેલ છે.

### હરિત ભારત સંકલ્પ

- તાજેતરમાં NHAI દ્વારા રાષ્ટ્રવયાપી વૃક્ષારોપણ અભિયાન "હરિત ભારત સંકલ્પ" પણ શરૂ કરવામાં આવ્યું હતું. તેના અંતર્ગત રાષ્ટ્રીય રાજમાર્ગોના કિનારા પર 25 દિવસોમાં 25 લાખથી વધુ છોડ લગાવવામાં આવ્યા છે.
- વૃક્ષોની ઉચિત કાળજી અને દેખભાળ માટે રાજમાર્ગોના કોન્ટ્રેકટરોને જવાબદાર બનાવવામાં આવ્યા છે.

## રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર-2020

➤ તાજેતરમાં રમત ક્ષેત્રે આપવામાં આવતા સર્વોચ્ચ પુરસ્કાર "રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર-2020"ની જાહેરાત કરવામાં આવી હતી.

### રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર-2020

➤ નીચે મુજબની કેટેગરી અંતર્ગત વિવિધ રમતોના ખેલાડીઓને વર્ષ 2020 માટે આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

| ખેલાડીનું નામ | કઈ રમત સાથે જોડાયેલ ? |
|---|---|
| રોહિત શર્મા | ક્રિકેટ |
| મનિકા બત્રા | ટેબલ ટેનિસ |
| વિનેશ ફોગાટ | રેસલિંગ |
| રાની રામપાલ | હોકી |
| મરિયપ્પન થંગાવેલૂ | પેરા–એથ્લિટ |

### પુરસ્કાર મેળવનાર ખેલાડીઓ સંબંધિત અન્ય તથ્યો

➤ રોહિત શર્મા એ સચિન તેંડુલકર, એમ. એસ. ધોની અને વિરાટ કોહલી પછી ચોથા ક્રિકેટર હશે, જેને આ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવ્યા હોય.

➤ વિનેશ ફોટગાટ હજી સુધીના એકમાત્ર ભારતીય મહિલા પહેલવાન છે જેમણે ટોકયો ઓલમ્પિંક માટે કવોલીફાય કર્યુ હોય.

➤ દેવેન્દ્ર ઝાઝરીયા અને દીપા મલિક પછી મરિયપ્પન થંગાવેલૂ ત્રીજા ભારતીય પેરા–એથ્લેટ છે, જેમને આ પુરસ્કારથી સમ્માનિત કરવામાં આવ્યા હોય.

### Back to basics : રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર વિશે

➤ રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર એ રમત ક્ષેત્રે ભારતમાં સૌંચ્ચ સમ્માન પુરસ્કાર છે.

➤ પુરસ્કાર એ યુવા બાબતો અને રમત મંત્રાલય દ્વારા આપવામાં આવે છે.

➤ છેલ્લા 4 વર્ષમાં રમત ક્ષેત્રે આપવામાં આવેલા પ્રદર્શનને ધ્યાનમાં રાખીને પુરસ્કાર આપવામાં આવે છે.

➤ આ પુરસ્કાર અંતર્ગત રૂ. 7.5 લાખનું નકદ ઈનામ આપવામાં આવે છે.

➤ આ પુરસ્કારની શરૂઆત એ વર્ષ 1991-92માં કરવામાં આવી હતી.

## ભારતીય રિઝર્વ બેંકનો વાર્ષિક રિપોર્ટ

➤ તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંકે (RBI) નાણાકીય વર્ષ 2019-20 માટે પોતાનો વાર્ષિક રિપોર્ટ જાહેર કર્યો હતો.

### RBIના વાર્ષિક રિપોર્ટની મુખ્ય બાબતો

➤ COVID-19 મહમારીને કારણે દેશની અર્થવ્યવસ્થામાં થયેલો ઘટાડો વર્તમાન નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકમાં પણ જોવા મળી શકે છે.

➤ વર્તમાન નાણાકીય વર્ષની કુલ માંગના આકલનથી ખ્યાલ આવે છે કે COVID-19 મહામારીને કારણે વપરાશમાં ઘટાડો જોવા મળ્યો છે.

➤ RBI મુજબ વપરાશમાં થયેલા આ ઘટાડાને દૂર કરવા અને અર્થવ્યવસ્થામાં COVID-19 પહેલાની ગતિને પુનઃ પ્રાપ્ત કરવામાં સમય લાગી શકે છે.

### (A) આર્થિક સુધારાઓની ગતિ પર લોકડાઉનનો પ્રભાવ

➤ માર્ચ અને જૂન મહિનામાં દેશના અમુક હિસ્સામાં લોકડાઉનમાં ઢીલ સાથે અર્થવ્યવસ્થામાં સુધારો જોવા મળ્યો હતો પરંતુ અમુક ભાગોમાં પુનઃલોકડાઉન લાગુ થવાના કારણે જુલાઈ તથા ઓગસ્ટમાં તેનો પ્રભાવ ઓછો થવા લાગ્યો છે.

➤ જૂન 2020માં ઈ–વે બિલ જાહેર કરવાની બાબતમાં પાછલા મહિનાની સરખામણીમાં 70.3% સુધારો જોવા મળ્યો જો કે જુલાઈ મહિનામાં ફક્ત 11.4% વૃદ્ધિ જોવા મળી હતી.

### (B) અસમાનતા

➤ RBI મુજબ, આ મહામારીએ નવી અસમાનતાઓને ઉજાગર કરી છે.

➤ મહામારી દરમિયાન એક તરફ કાર્યાલયોમાં વ્યવસ્થાપન કે ડેસ્ક સાથે જોડાયેલા કર્મચારી ઘર પર રહી પોતાનું કાર્ય

કરવામાં સક્ષમ હતા જ્યારે અતિ–આવશ્યક સેવા સાથે જોડાયેલ કર્મચારીઓ કાર્યસ્થળથી પોતાનું કાર્ય કરવા મજબૂર હતા જેથી ચેપ લાગવાનું જોખમ વધ્યું હતું.

- હોટેલ, રેસ્ટોરન્ટ અને પર્યટન જેવા અમુક ક્ષેત્રોમાં રોજગારના નુકસાનનો પ્રભાવ અન્ય ક્ષેત્રોની સરખામણીએ ગંભીર રહયો છે.

## (C) શહેરી ક્ષેત્રની અર્થવ્યવસ્થા પર પ્રભાવ

- COVID-19ના કારણે શહેરી વપરાશમાં ઘટાડો જોવા મળ્યો છે.
- નાણાકીય વર્ષ 2020-21ના પ્રથમ ત્રિમાસિકમાં યાત્રી વાહનો અને ઉપભોકતા ટકાઉ વસ્તુઓનું વેચાણ પાછલા નાણાકીય વર્ષની સરખામણીએ ક્રમશઃ 20% અને 30% રહી ગયું છે.

## (D) ગ્રામીણ અર્થવ્યવસ્થા પર પ્રભાવ

- શહેરી ક્ષેત્રોની સરખામણીએ ગ્રામીણ અર્થવ્યવસ્થા પર COVID-19નો પ્રભાવ એટલો ગંભીર નથી.
- ખરીફ પાકની વાવણીની પ્રગતિને લઈને જુલાઈ મહિનામાં ટ્રેકટરનાં વેચાણમાં 38.5%નો વધારો જોવા મળ્યો છે.
- જુલાઈમાં મોટરસાયકલના વેચાણમાં થયેલા ઘટાડામાં સુધારો જોવા મળ્યો છે.
- ગ્રામીણ ક્ષેત્રોમાં દૈનિક મજદૂરીમાં થયેલા ઘટાડાને કારણે માંગમાં થયેલ ઘટાડામાં સંપૂર્ણ સુધારો સંભવ થઈ શકયો નથી.
- લોકોએ આજીવિકા ગુમાવ્યાને કારણે આ પ્રવાસી મજદૂરોની સમસ્યાને કારણે દૈનિક મજદૂરીમાં થયેલ ઘટાડો પણ સંકટ બન્યો છે.

## (E) અર્થવ્યવસ્થામાં સુધારાના પ્રયાસો

- COVID-19ના કારણે અર્થવ્યવસ્થાના નુકસાનને ઓછું કરવા માર્ચથી લઈને RBI દ્વારા બજારમાં લગભગ 10 લાખ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.
- આ સમય દરમિયાન RBI એ વિકાસની ગતિને મજબૂતી અને નાણાકીય પ્રણાલીને સ્થિરતા આપવા માટે રેપો રેટમાં 115 બેસિસ પોઈન્ટનો ઘટાડો કરે 4% સુધી કરેલ છે.

## (F) ઘરેલુ રોકાણમાં ઘટાડો

- RBI અનુસાર, સપ્ટેમ્બર 2019માં સરકાર દ્વારા કોર્પોરેટ ટેકસમાં કરવામાં આવેલ ઘટાડાની અપેક્ષા મુજબ રોકાણ ચક્રને પુનઃ શરૂ કરવામાં સફળ રહી નથી.
- આ છૂટનો ઉપયોગ મોટાભાગની કંપનીઓ દ્વારા તેમનું દેવું ઘટાડવા અને રોકડ સંતુલન અને અન્ય વર્તમાન સંપત્તિ જાળવવા માટે કરવામાં આવેલ છે.
- આ સુધારાઓ પછી પણ નાણાકીય વર્ષ 2019-20માં GDP અને કુલ સ્થિર મૂડી નિર્માણ (Gross Fixed Capital Formation-GFCF) નો ગુણોત્તર ઘટીને 29.8% રહયો હતો, જે નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન 31.9% હતો.

## (G) બેંક છેતરપિંડીના કિસ્સાઓમાં વધારો

- નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન રૂ. 1 લાખથી વધુના બેંક છેતરપિંડીના કિસ્સાઓની સંખ્યામાં બેવડીથી વધુ વૃદ્ધિ જોવા મળી છે.
- વર્ષ 2019-20 દરમિયાન કુલ 8,707 કિસ્સામાં રૂ. 1,85,644 કરોડની નાણાકીય ગડબડી જોવા મળી જ્યારે નાણાકીય વર્ષ 2018-19માં કુલ 6,799 કિસ્સાઓમાં રૂ. 71,543 કોરડની ગડબડી જોવા મળી હતી.
- નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન બેંક છેતરપિંડીની ઘટના થવા પર અને તેની જાણકારી મેળવવામાં સરેરાશ 24 મહિનાનો સમય લાગ્યો હતો.
- RBI મુજબ બેંકો દ્વારા "પ્રારંભિક ચેતવણી સંકેતો" (Early Warning Signal-EWS)ના નબળા અમલીકરણ, આંતરિક ઓડિટ દરમિયાન EWSની જાણકારી ન મેળવવી, ફોરેંસિક ઓડિટ દરમિયાન ઉધાર આપનારનો સહયોગ ન હોવો, અનિર્ણાયક ઓડિટ રિપોર્ટ વગેરેને છેતરપિંડી વિશે જાણકારી મેળવવામાં થતા વિલંબના પ્રમુખ કારણો બતાવ્યા હતા.
- મોટાભાગની છેતરપિંડી લોન/ધિરાણ સંદર્ભે જોવા મળી હતી અને મોટા ભાગના કૌભાંડો/છેતરપિંડી જાહેર ક્ષેત્રની બેંકોમાં જોવા મળ્યા હતા.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

### (H) મોંઘવારી

- RBIની નાણાકીય નીતિ સમિતિ (Monetary Policy Committee-MPC)ના અનુમાન મુજબ, નાણાકીય વર્ષ 2020-21ના બીજા ત્રિમાસિક દરમિયાન હેડલાઈન ફુગાવો (Headline Inflation)ના વૃદ્ધિ ચાલુ રહી શકે છે, પરંતુ ત્રીજા ત્રિમાસિકમાં તેમાં ઘટાડો થવાનો અંદાજ છે.
- જુલાઈ, 2020માં છૂટક ફુગાવો 6.93%ના દર પર હતો, જે 6%ની મહત્તમ સીમા કરતા વધારે રહયો હતો.

### (I) અર્થતંત્રમાં સુધારો કરવા RBIની ભલામણો

- મહામારી પછી સંભવિત નુકસાન ઓછું કરવા અને નાણાકીય સ્થિરતા સાથે અર્થવ્યવસ્થા મજબૂત તથા સતત વિકાસના માર્ગ પર લાવવા હેતુ ઉત્પાદન બજારો, નાણાકીય ક્ષેત્ર, કાયદો અને આંતરરાષ્ટ્રીય બજારોથી જોડાયેલ વ્યાપક માળખાકીય સધુારાની આવશ્કયતા રહેશે.
- સંપત્તિનું મુદ્રીકરણ અને મુખ્ય બંદરોના ખાનગીકરણથી મેળવેલ ભંડોળ દ્વારા જાહેર રોકાણને અર્થતંત્ર પુનઃજીવિત કરવા એક સક્ષમ માર્ગ તરીકે વર્ણવવામાં આવેલ છે.
- માળખાકીય સુધારાઓ અને માળખાકીય પ્રોજેકટના અમલીકરણ માટે "વસ્તુ અને સેવા કર પરિષદ"ની જેમ ભૂમિ, શ્રમ તથા ઊર્જાના ક્ષેત્રમાં પણ સર્વોચ્ચ સંસ્થાની સ્થાપના કરી શકાય છે.

## નેશનલ બેસ્ટ ટીચર્સ એવોર્ડ-2020

- તાજેતરમાં ગુજરાતમાંથી ત્રણ શિક્ષકોની પસંદગીએ વર્ષ 2020ના નેશનલ બેસ્ટ ટીચર્સ અંતર્ગત કરવામાં આવી હતી.
- આ ત્રણ શિક્ષકોમાં સુરેન્દ્રનગરના મહિપાલસિંહ જેતાવત, સાંબરકાંઠાના પ્રકાશચંદ્ર સુથાર અને અમદાવાદની અંધ સ્કૂલના સુધા જોશીની પસંદગી કરવામાં આવી છે.
- દર વર્ષે 5મી સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રપતિ દ્વારા દેશના સર્વશ્રેષ્ઠ શિક્ષકોને નેશનલ ટીચર્સ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.






# 6. પર્યાવરણ અને ભૌગોલિક ઘટનાઓ

## ભાડભૂત પ્રોજેક્ટ

➤ તાજેતરમાં ગુજરાત સરકારે ભરૂચમાં ભાડભૂત પ્રોજેક્ટ માટે કરાર આપ્યો છે. આ પ્રોજેક્ટને ઈનલેન્ડ વોટરવે ઓથોરિટી (Inland Waterway Authority) દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

### ભાડભૂત પ્રોજેક્ટની વિશેષતાઓ :

➤ આ પ્રોજેક્ટ એ નર્મદા નદીને પાર, ભાડભૂત ગામથી 5 કિમી દૂર છે અને નદીના મુખથી 25 કિમી દૂર છે, જયાં નર્મદા નદી ખંભાતના અખાતમાં આવે છે.

➤ આ પ્રોજેક્ટ એ "કલ્પસર પ્રોજેક્ટ"નો ભાગ છે, જે ભરૂચ અને ભાવનગર જિલ્લાની વચ્ચે ખંભાતની ખાડીમાં 30 કિમીના બાંધના નિર્માણ પર બળ આપે છે.

➤ કલ્પસર પ્રોજેક્ટનું લક્ષ્ય ગુજરાતના 25% સરેરાશ વાર્ષિક જલ સંસાધનોને સંગ્રહિત કરવાનું છે.

### ભાડભૂત પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય :

➤ આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય એ પાણીની ખારાશને રોકવાનો છે.

➤ પ્રોજેક્ટ એ સરદાર સરોવર બાંધથી વહેતા વધારાના પાણીને સમુદ્ર સુધી પહોંચતા રોકશે અને નદી પર 600 મિલિયન કયૂબિક મીટર મીઠા પાણીના તળાવનું નિર્માણ કરશે, જેનાથી ભરૂચમાં પાણીની સમસ્યાનું સમાધાન થઈ શકશે.

➤ પ્રોજેક્ટની મદદથી નર્મદા, મહીસાગર અને સાબરમતી નદીઓ ઉપરાંત જળાશયોમાં વધારાના પાણીનો ઉપયોગ થઈ શકશે.

## વિશ્વ સૌર ટેક્નોલોજી સંમેલન

➤ આંતરરાષ્ટ્રીય સૌર સંગઠન (International Solar Alliance-ISA) દ્વારા 8 સપ્ટેમ્બર 2020ના રોજ એક આભાસી મંચના માધ્યમથી પ્રથમ "વિશ્વ સૌર ટેક્નોલોજી સંમેલન" (World Solar Technology Summit)નું આયોજન કરવામાં આવશે.

➤ ભારતના પ્રધાનમંત્રીએ સંમેલનનું ઉદ્દઘાટન કરશે તથા સંબોધિત કરશે તથા IASના બધા સભ્ય દેશો અને વૈશ્વિક સંસ્થાનોને સંમેલનમાં ભાગ લેવાનો આગ્રહ કરશે.

### સંમેલનનો ઉદ્દેશ્ય :

➤ સૌર ઊર્જાના મહત્તમ ઉપયોગ માટેની અત્યાધુનિક ટેક્નોલોજી સાથે આગામી પેઢીની તકનિકોની ચર્ચા.

➤ વૈશ્વિક નવીનતાને વ્યાવસાયિક રૂપથી દુનિયાના બધા ભાગોમાં વ્યાપક ઉપયોગ માટે કેવી રીતે ઉપલબ્ધ કરાવી શકાય. ટોચની સંસ્થાઓના મુખ્ય અધિકારીઓ આ બાબતે પોતાના અભિપ્રાયો આપશે.

### સંમેલનના સત્રો :

➤ આયોજન અંતર્ગત કુલ 4 ટેક્નોલોજી સત્રોનું આયોજન કરવામાં આવશે. આ સત્રો અંગ્રેજી, સ્પેનિશ, ફ્રેંચ અને અરબીમાં ઉપલબ્ધ હશે.

**સંમેલનના સત્રો**

| સત્ર | નામ | મુખ્ય માહિતી |
|---|---|---|
| 1 | વિઝન 2030 અને તેનાથી આગળ | આ સત્ર ફોટોવોલ્ટિક (PV) ટેક્નોલોજીના વિકાસ અને તેના ભવિષ્યના સંદર્ભમાં આયોજીત કરવામાં આવશે. જેથી PV ટેક્નોલોજીને વિશ્વમાં ઊર્જાનો મહત્ત્વપૂર્ણ સ્ત્રોત બનાવી શકાય. |
| 2 | કાર્બનરહિત ગ્રીડ નિર્માણની તરફ | PV મોડયુલ અને સંગ્રહની ટેક્નોલોજી જેવા પ્રમુખ ઘટકોની હાલની પ્રગતિ વિશે ચર્ચા કરવી. |
| 3 | વિઘટનકારી સૌર ટેક્નનોલોજી | આ સત્રમાં ઊર્જાના ગ્રીડ સંબંધી ઉપયોગો, આવાસીય અને વાણિજયક રૂફટોપ સોલાર ઊર્જાને ગ્રીડ સાથે એકીકૃત કરવા જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે. |
| 4 | ઊર્જા ક્ષેત્રથી સિવાય સૌર ઊર્જા | PV ટેક્નોલોજીના પ્રાયોગિક ઉપયોગ, ઓફ-ગ્રીડ ઊર્જા પ્રયોગ, સાર્વભૌમિક ઊર્જા પહોંચ, ઈકો-ફ્રેન્ડલી ઔદ્યોગિક પ્રક્રિયા વગેરેની ચર્ચા. |

### સૌર ઊર્જા પર IAS જર્નલ :

- આ ISA દ્વારા સૌર ઊર્જા પર પત્રિકા પણ લોન્ચ કરવામાં આવશે જે દુનિયાભરના લેખકોને સૌર ઊર્જા પર પોતાના લેખ પ્રકાશિત કરવામાં મદદ કરશે.
- આ પત્રિકામાં પ્રકાશિત લેખોની વૈશ્વિક વિશેષજ્ઞો દ્વારા સમીક્ષા કરવામાં આવશે તથા આ લેખો ISAના "નેશનલ ફોકલ પોઈન્ટ" અને "સૌર ટેક્નોલોજી અને પ્રયોગ સંસાધન કેન્દ્રો"ના વિશાળ નેટવર્કના માધ્યમથી સભ્ય દેશો સુધી પહોંચશે.

### Back to basics : આંતરરાષ્ટ્રીય સૌર સંગઠન વિશે

- આંતરરાષ્ટ્રીય સૌર સંગઠન (ISA)ની શરૂઆત ભારત અને ફ્રાંસ દ્વારા નવેમ્બર, 2015ના રોજ પેરિસ આબોહવા સંમેલન (Paris Climate Summit) દરમિયાન કરવામાં આવી હતી.
- આ સંગઠન એ કર્કવૃત અને મકરવૃત્તની વચ્ચે આંશિક કે પૂર્ણ રૂપથી સ્થિત અને સૌર ઊર્જાની સંભાવના ધરાવતા દેશોનું એક આંતર સરકારી સંગઠન છે.
- હાલમાં 67 દેશો દ્વારા "ISA ફ્રેમવર્ક કરાર" પર હસ્તાક્ષર કરી તેને સમર્થન આપવામાં આવ્યું છે.
- ISAના પ્રમુખ ઉદ્દેશ્યમાં વૈશ્વિક સ્તર પર 1000 ગીગાવોટથી વધુ સૌર ઊર્જાનું ઉત્પાદન અને વર્ષ 2030 સુધી સૌર ઊર્જામાં રોકાણ માટે લગભગ 1000 બિલિયન ડોલરની રકમને એકઠી કરવાનો છે.
- ISA અંતર્ગત વર્તમાનમાં નીચે મુજબના કાર્યક્રમોનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.
  i) કૃષિ માટે સૌર ઊર્જાનો ઉપયોગ
  ii) સસ્તી નાણાકીય સુવિધા
  iii) મિની ગ્રીડ અને સોલાર રૂફટોપ
  iv) સૌર ઈ–ગતિશીલતા અને સંગ્રહ
  v) વ્યાપક સ્તરના સૌર પાર્ક

## સતલુજ-યમુના લિંક નહેર

- તાજેતરમાં એક બેઠક દરમિયાન પંજાબના મુખ્યમંત્રી દ્વારા કેન્દ્ર સરકારને સતલુજ–યમુના લિંક (SYL) નહેરના મુદ્દા પર ચેતવણી આપવામાં આવી હતી.
- બેઠક દરમિયાન મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે જો SYL નહેરનું નિર્માણ પુરુ થશે તો હરિયાણા સાથે પાણી વહેંચવાનો વિવાદ એ રાષ્ટ્રની સમસ્યાનું રૂપ લઈ શકે છે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા 28 જુલાઈ 2020ના રોજ કેન્દ્ર સરકારને બંને રાજ્યો વચ્ચે મધ્યસ્થતા કરવા માટે એક બેઠકનું આયોજન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

### સતલુજ યમુના લિંક (SYL) નહેર તથા સંબંધિત વિવાદ

**ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :**

- વર્ષ 1966માં અવિભાજિત પંજાબથી હરિયાણાને અલગ કરવામાં આવ્યું હતું. આ સાથે જ હરિયાણાને નદીઓના પાણીનો હિસ્સો આપવાની સમસ્યા ઉત્પન્ન થઈ હતી.
- પંજાબ દ્વારા હરિયાણા સાથે પાણી વહેંચવાની બાબતનો વિરોધ કરવામાં આવ્યો હતો.
- જો કે, કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 1976માં અવિભાજિત પંજાબના 7.2 મિલિયન એકર ફીટ (MAF)માંથી 3.5 MAF પાણી હરિયાણાને ફાળવવા બાબતે અધિસૂચના જાહેર કરી હતી.
- સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વી. બાલકૃષ્ણ ઈરાડીની અધ્યક્ષતામાં વર્ષ 1986માં જળ વિવાદ સમાધાન માટે ઈરાડી પંચ(ટ્રિબ્યુનલ)નું ગઠન કરવામાં આવ્યું હતું.
- પંચ દ્વારા વર્ષ 1987માં પંજાબ અને હરિયાણાને મળતા પાણીના હિસ્સામાં ક્રમશઃ 5 MAF અને 3.83 MAF ની વૃદ્ધિની ભલામણ કરી હતી.

### બંને રાજ્યોની પાણી વહેંચણી બાબતે માંગો

| પંજાબની માંગ | હરિયાણાની માંગ |
|---|---|
| હાલના આંતર–રાજ્ય નદી જળ વિવાદ અધિનિયમ અંતર્ગત એક નવા પંચની સ્થાપનામાં પંજાબે દર્શાવેલ સુધારા કરવા જોઈએ, જેથી પંજાબને પોતાની જરૂરિયાતો અને આવનારી પેઢીની આજીવિકા સુરક્ષિત રાખવા પર્યાપ્ત અને ન્યાય સંગત રીતે પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત થઈ શકે. | હરિયાણા પોતાના હિસ્સાના 3.5 MAF પાણી માટે SYL નહેરને પૂરૂ કરવાની માંગ કરી રહ્યું છે. તેમના મુજબ પંજાબે સુપ્રીમ કોર્ટના 2002 અને 2004ના આદેશોનું પાલન કરવું જોઈએ. વર્તમાનમાં હરિયાણાને રાવી–બિયાસ નદીનું 1.62 MAF પાણી પ્રાપ્ત થઈ રહ્યું છે. |

### Back to basics : સતલુજ-યમુના લિંક નહેર વિશે

- હરિયાણાને સતલુજ અને તેની સહાયક બિયાસ નદીના પાણીને પોતાના હિસ્સાનો ઉપયોગ કરવામાં સક્ષમ બનાવવા હેતુ યમુના તથા સતલુજને જોડતી એક નહેરની યોજના બનાવવામાં આવી હતી.
- આ સંબંધે પંજાબ, હરિયાણા અને રાજસ્થાન વચ્ચે એક ત્રિપક્ષીય કરાર પર વાર્તા કરવામાં આવી હતી.
- SYL નહેરએ સતલુજ અને યમુના નદીને જોડવા માટે 214 કિમી. લાંબી પ્રસ્તાવિત નહેર છે.

### સતુલજ નદી વિશે

- સતલુજ નદી 4,630 મીટર ઊંચાઈ પર આવેલ તિબેટમાં કૈલાશપર્વતની દક્ષિણમાં આવેલ માનસરોવરની નજીક "રાક્ષસતાલ"માંથી નીકળે છે.
- સતલુજ નદીની કુલ લંબાઈ 1500 કિમી. છે અને ભારતમાં તેની લંબાઈ 1050 કિમી છે.
- શિપકીલા પાસથી નજીક આ નદી હિમાલયમાં પ્રવેશ કરે છે.
- હરિકેમાં સતલુજ નદી એ બિયાસ સાથે મળે છે. તેની સહાયક નદી સ્થિતિ છે.
- સતલુજ અને બિયાસ નદી પર ઈન્દિરા ગાંધી નહેર બાંધવામાં આવેલી છે.

### યમુના નદી વિશે

- યમુના નદી એ હિમાચલની યમુનોત્રી હિમનદીમાંથી નીકળે. છે.
- યમુના નદી એ ગંગાની મુખ્ય સહાયક નદી છે.
- યમુનાની કુલ લંબાઈ એ 1375 કિમી છે.
- દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશમાંથી નીકળતી નદીઓ ચંબલ, બેતવા, કેન અને સિંધ નદીઓ યમુના નદીને જમણા કિનારે મળે છે.
- યમુના નદી એ અલ્હાબાદમાં ગંગાને મળે છે.
- દિલ્હી, મથુરા, આગ્રા, ઈટાવા એ યમુના નદીને કિનારે વસેલા શહેરો છે.

## તીસ્તા નદી જળ વિવાદ : ભારત અને બાંગ્લાદેશ

- તીસ્તા નદીના વ્યવસ્થાપન સંબંધી એક પ્રોજેક્ટ માટે બાંગ્લાદેશ અને ચીન વચ્ચે લગભગ 1 અબજ ડોલરના ઋણ પર ચર્ચા ચાલી રહી છે.
- જો કે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તીસ્તા નદીના પાણીની વહેંચણી પર લાંબા સમયથી વિવાદ ચાલી રહયો છે.
- ચીન સાથેના ઋણ દ્વારા બાંગ્લાદેશનો ઉદ્દેશ્ય એ તીસ્તા નદીના બેસિનનું કુશળ વ્યવસ્થાપન કરવું, પૂર નિયંત્રિત કરવુ અને ઉનાળાના સમયમાં જળ સંકટનું સમાધાન કરવાનો છે.
- મહત્ત્વપૂર્ણ બાબત છે કે, બાંગ્લાદેશ અને ચીન વચ્ચે ઋણ સંબંધી ચર્ચા એવા સમયે ચાલી રહી છે, જ્યારે ભારત–ચીન વચ્ચેના સંબંધો તણાવપૂર્ણ સ્થિતિમાં છે.

### Back to basics :તીસ્તા નદી જળ વિવાદ વિશે

- હિમાલયથી ઉદ્દભવતી અને સિક્કિમ અને પશ્ચિમ બંગાળથી આસામમાં બ્રહ્મપુત્ર નદી (બાંગ્લાદેશમાં જમુના)માં વિલય થતી તીસ્તા નદીના પાણીની વહેંચણી એ ભારત–બાંગ્લાદેશ વચ્ચેનો વિવાદ રહયો છે.
- તીસ્તા નદી સિક્કિમના મેદાની ક્ષેત્રને આવરી લઈને લગભગ 2800 ચો.કિમીના ક્ષેત્રમાં ફેલાયેલ છે.
- પશ્ચિમ બંગાળ માટે પણ આ નદી જીવનની રેખા માનવામાં આવે છે.
- ભારત–બાંગ્લાદેશ વચ્ચે સપ્ટેમ્બર, 2011મા જળ–વહેંચણી કરાર પરના હસ્તાક્ષર એ અંતિમ તબક્કામાં હતા પરંતુ તે સમયે પશ્ચિમ બંગળાના મુખ્યમંત્રી દ્વારા વિરોધ કરી કરારને રદ્દ કર્યો હતો.

## અટલ બીમિત વ્યક્તિ કલ્યાણ યોજના

- તાજેતરમાં "કર્મચારી રાજ્ય વીમા નિગમ" (Employees' State Insurance Corporation-ESIC)ની 182મી બેઠક દરમિયાન "અટલ બીમિત વ્યક્તિ કલ્યાણ યોજના"ની પાત્રતાના મહત્ત્વપૂર્ણ માપદંડોમાં સુધારો કર્યો હતો.
- ESIC દ્વારા આ સુધારાઓ COVID-19 મહામારી દ્વારા પ્રભાવિત શ્રમિકોને રાહત આપવાની દષ્ટિથી મહત્ત્વૂર્ણ છે.

### ESICની બેઠકમાં લેવામાં આવેલા મુખ્ય નિર્ણયો

- યોજનાને 1 વર્ષના સમય માટે અર્થાત્ 30 જૂન, 2021 સુધી વિસ્તારિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- યોજના અંતર્ગત આપવામાં આવતી છૂટની શર્તો 24 માર્ચ, 2020થી 31 ડિસેમ્બર, 2020 સુધી ઉપલબ્ધ રહેશે.

| પાત્રતા માપદંડોમાં કરવામાં આવેલ સુધારાઓ | |
|---|---|
| મૂળ યોજના અંતર્ગતના માપદંડો | સુધારો કરી શકરવામાં આવેલા માપદંડો |
| યોજના અંતર્ગત પ્રતિદિન સરેરાશ આવકના 25% સુધી રાહત આપવામાં આવે છે. | વધુમાં વધુ 90 દિવસની બેરોજગારી માટે યોજના અંતર્ગત ચૂકવણી રકમને સરેરાશ મંજૂરીના 25%થી વધારી 50% કરવામાં આવેલ છે. |
| બેરોજગારીના 90 દિવસો પછી રાહત ચૂકવણી કરવામાં આવશે. | 90 દિવસોના બદલે હવે 30 દિવસ પછી રાહત ચૂકવણી કરવામાં આવશે. |
| કર્મચારીના સંબંધમાં યોગદાન નિયોક્તા (Employer) દ્વારા ચૂકવવા જોઈએ. | બીમિત વ્યકિત છેલ્લા નિયોક્તા દ્વારા દાવા આગળ ધરી દેવાને બદલે દાવાની સીધી ESIC શાખા કચેરીમાં રજૂઆત કરી શકે છે. અને ચૂકવણી એ સીધી વીમાધારકના બેંક ખાતામાં કરવામાં આવશે. |
| બીમિત વ્યકિતને બે વર્ષના ન્યૂનતમ સમય માટે વીમા યોગ્ય રોજગારમાં હોવા જોઈએ. બીમિત વ્યકિતને અગાઉના 4 યોગદાનના સમય દરમિયાન ઓછામાં ઓછા 78 દિવસનું યોગદાન હોવું જોઈએ. | બીમિત વ્યકિતને તેની બેરોજગારીથી પૂર્વ ઓછામાં ઓછા 2 વર્ષના સમય માટે વીમા યોગ્ય રોજગારમાં હોવું જરૂરી છે. અને તેની બેરોજગારીથી પહેલા યોગદાનના સમયમાં 78 દિવસથી ઓછું યોગદાન હોવું જોઈએ નહી. બેરોજગારીથી 2 વર્ષ પહેલા બાકીના 3 યોગદાન સમયમાંથી એકમાં ન્યૂનતમ 78 દિવસનું યોગદાન હોવું જોઈએ. |

### અટલ બીમિત વ્યકિત કલ્યાણ યોજના વિશે

- આ યોજનાનો પ્રારંભ એ 1 જુલાઈ, 2018નો કરવામાં આવ્યો હતો.
- યોજના અંતર્ગત બીમિત વ્યકિતઓને બેરોજગારીની સ્થિતિમાં રોકડ વળતર પ્રદાન કરવામાં આવે છે.
- યોજનાનું અમલીકરણ એ ''કર્મચારી રાજ્ય વીમા નિગમ'' દ્વારા કરવામાં આવી રહયું છે.

### યોજના અંતર્ગતની અન્ય શર્તો

- બીમિત વ્યકિતને રાહતની રકમનો દાવો કરવાના સમય દરમિયાન બેરોજગાર હોવું જોઈએ.
- બેરોજગારીનું કારણ ગેરવર્તન, સેવાનિવૃત્તિ કે સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ ન હોવી જોઈએ.
- બીમિત વ્યકિતને આધાર કાર્ડ અને બેંક ખાતાથી તેના ડેટાબેઝને જોડવો જોઈએ.
- જો કોઈ બીમિત વ્યકિત એકથી વધુ નિયોકતા માટે કાર્ય કરી રહયો હોય અને તેને કર્મચારી રાજ્ય વીમા યોજના અંતર્ગત કવર કરવામાં આવેલ હોય, તો તેને ત્યારે જ બેરોજગાર માનવામાં આવશે જ્યારે બધા નિયોકતાને ત્યાં એ બેરોજગાર હોય.

## થુંબી મહોત્સવમ 2020

- વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર– ઈન્ડિયા એ થુંબીપુરન સાથે કેરલમાં પ્રથમ વખત આયોજિત થનારા ''ડ્રેગનફલાઈ ફેસ્ટિવલ'' માટે ભાગીદારી કરી હતી.
- તેને થુંબીમહોત્સવમ 2020ના નામથી પણ ઓળખવામાં આવે છે.

### થુંબીમહોત્સવ 2020ની મુખ્ય બાબતો

- આ મહોત્સવ એ રાષ્ટ્રીય જૈવ વિવિધતા બોર્ડ, સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ, સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ અને IUCNના સહયોગથી WWF ઈન્ડિયા, બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી અને ઈન્ડિયન ડ્રેગનફલાઈ સોસાયટી દ્વારા આયોજીત એક રાષ્ટ્રીય ડ્રેગનફલાઈ ઉત્સવનો ભાગ છે.
- આ ઉત્સવનું સત્તાવાર શુભંકર ''પંટાલુ'' છે.
- ડ્રેગનફલાઈને સમર્પિત આ ઉત્સવનો ઉદ્દેશ્ય એ જીવોના સંરક્ષણ પ્રતિ લોકોમાં જાગૃકતા પેદા કરવાનો છે.
- ડ્રેગનફલાઈ ફેસ્ટિવલની શરૂઆત એ વર્ષ 2018માં કરવામાં આવી હતી.
- ડ્રેગનફલાઈ એક જંતુ છે જે ઓડોનેટ વર્ગથી સંબંધિત છે.

## BIS દ્વારા પેયજળ માનકો પર ડ્રાફ્ટ

- તાજેતરમાં ''ભારતીય માનક બ્યૂરો'' (Bureau of India Standards-BIS) દ્વારા પાઈપના માધ્યમથી પેયજળની

આપૂર્તિ માટે માનકો (Standards)નો એક ડ્રાફ્ટ તૈયાર કર્યો છે.

- "પેયજળ આપૂર્તિ ગુણવત્તા વ્યવસ્થાપન પ્રણાલી–પાઈપ દ્વારા પેયજળ આપૂર્તિ સેવા માટેની આવશ્યકતા" નામના આ ડ્રાફ્ટને BISની 'જાહેર પેયજળ આપૂર્તિ સેવા વિભાગીય સમિતિ' દ્વારા તૈયાર કરવામાં આવેલ છે.
- આ ડ્રાફ્ટમાં સ્ત્રોતથી લઈને ઘરના નળ સુધી પાણીની આપૂર્તિ પ્રક્રિયાને રેખાંકિત કરવામાં આવેલ છે.
- આ ડ્રાફ્ટને કેન્દ્ર સરકાર દ્વારા "જલ જીવન મિશન" અંતર્ગત વર્ષ 2024 સુધી નળ કનેકશનના માધ્યમથી બધા ગ્રામીણ ઘરોમાં સુરક્ષિત અને પર્યાપ્ત પેયજળ ઉપલબ્ધ કરાવવાના લક્ષ્યને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે.

## BISના આવશ્યક દિશા-નિર્દેશો

- જળ આપૂર્તિ માટે મહત્ત્વપૂર્ણ બિંદુઓ રેખાંકિત કરાયેલ છે, જેમાં પાઈપ દ્વારા પેયજળ આપૂર્તિ પ્રણાલીની સ્થાપના, સંચાલન, જાળવણી અને તેના સુધારાઓનો સમાવેશ કરાયો છે.
- ડ્રાફ્ટમાં નિર્ધારિત પ્રક્રિયા પાણીના સ્ત્રોતની ઓળખથી શરૂ થયા છે. જે ભૂગર્ભ જળ, નદી, ધોધ અથવા જળાશય જેવા સપાટીના જળ સ્ત્રોત હોય શકે છે.
- જળ પ્રક્રિયા પછી, પાણીની ગુણવત્તા BIS દ્વારા વિકસિત ભારતીય માનક "IS-10500"ની સુસંગત હોવી જોઈએ.
- IS-10500 જલમાં ઉપસ્થિત વિભિન્ન પદાર્થોની સ્વીકાર્યતા માત્રાને રેખાંકિત કરે છે, જેમાં આર્સેનિક જેવી ભારે ધાતુ, પાણીનું Ph મૂલ્ય, રંગ અને ગંધ જેવા ભારતે ધાતુઓ સહિત પાણીમાં હાજર વિવિધ પદાર્થોની સ્વીકાર્ય માત્રાની રૂપરેખા આપે છે.
- આ ડ્રાફ્ટમાં લોકોને વિશેષ ધ્યાન, જવાબદારી, સેવા માટે ગુણવત્તાની નીતિ સ્થાપવી, પાણીની ગુણવત્તાની દેખરેખ અને પરીક્ષણ સંબંધિત લોકોને જરૂરી માર્ગદર્શિકા શામેલ છે.
- ડ્રાફ્ટમાં જાહેર દિશા–નિર્દેશો મુજબ, સારવાર પ્લાન્ટ (Treatment Plant)થી દરેક 4 કલાકમાં, પ્લાન્ટના જળાશયોમાં એકત્રિત પાણીથી પ્રત્યેક 8 કલાકમાં પાણીના નમૂના લઈને નિર્ધારીત માપદંડોની તપાસ કરવી જોઈએ. આ સાથે પ્રક્રિયા અંતર્ગત ઘરોના સ્તર પર પણ પાણીના યાદચ્છિક નમૂનાઓ લઈને તેની તપાસ કરવી જોઈએ.

## પાણી વિતરણ પ્રક્રિયા

- ડ્રાફ્ટ મુજબ, પાણીના સ્ત્રોતને ઓળખ્યા પછી, તે પાણીમાં નિર્ધારિત ધોરણો અનુસાર પીવા યોગ્ય ગુણવત્તા જાળવવા માટે એક ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી પસાર થશે.
- ટ્રીટમેન્ટ પ્લાન્ટથી નીકળ્યા પછી પાણીના સંગ્રહ હેતુ વિતરણ પ્રણાલીમાં જળાશય હોવા જોઈએ. આ સાથે જ પાણીના વિતરણના કોઈપણ સ્તર પર પ્રદૂષણ પાણીને દૂર કરવા જંતુ નાશક સુવિધાઓ હોવી જરૂરી છે.
- વિતરણ પ્રણાલીમાં પર્યાપ્ત દબાણ બનાવી રાખવા માટે આવશ્યકતા હોવા પર પંપિંગ સ્ટેશન કે બૂસ્ટરની વયવસ્થા કરવી જોઈએ.
- વિતરણ પ્રણાલીમાં પાણીના નિયંત્રણ અને નિરીક્ષણ માટે મીટર, વાલ્વ અને અન્ય આવશ્યક ઉપકરણો લગાવવા જોઈએ.
- ડ્રાફ્ટ મુજબ, વિતરણ પ્રણાલીને સ્વચાલિત મોડ પર ચલાવવા પર વિશેષ બળ આપવું જોઈએ.
- જ્યાં પણ સંભવ હોય ત્યાં "ડિસ્ટ્રિક્ટ મીટરિંગ એરિયા"ની અવધારણાને અપનાવવી જોઈએ.

# અર્થ ઓવરશોટ ડે

## અર્થ ઓવરશોટ ડે શું છે ?

- પ્રત્યેક વર્ષે સંસારમાં પ્રાકૃતિક સંસાધનોના વપરાશના સંદર્ભમાં પર્યાવરણીય દષ્ટિથી ઋણાત્મક સ્થિતિનું નિર્માણ થાય છે, ત્યારે અર્થ ઓવરશોટ ડે (Earth Overshoot Day) મનાવવામાં આવે છે.
- આ દિવસનો સંદર્ભ એ બાબતથી છે કે, પર્યાવરણીય દષ્ટિથી અને પ્રાકૃતિક સંસાધનોની પહોંચની દષ્ટિથી જેટલી માત્રામાં માનવે તેનો ઉપયોગ કરવો જોઈએ તેની સીમા પ્રાપ્ત કરી લેવામાં આવી છે. આ સીમા બાદ જે માત્રામાં સંસાધનોને ઉપયોગ થાય તે આપણા ભવિષ્ય માટેના નિર્ધારિત વાર્ષિક કોટાથી વધારાનો ઉપયોગ હશે.

### અર્થ ઓવરશોટ ડે-2020

- વર્ષ 2020માં આ દિવસ એ 22 ઓગસ્ટના રોજ મનાવવામાં આવ્યો હતો.
- મહત્ત્વની બાબત એ છે કે, આ વર્ષનો દિવસ પાછલા વર્ષની સરખામણીએ 24 દિવસ બાદ મનાવવામાં આવ્યો હતો. પાછલા વર્ષે આ દિવસ 29 જૂલાઈના રોજ મનાવવામાં આવ્યો હતો.
- જો કે આ સકારાત્મક સ્થિતિ બનવાનું કારણ એ COVID-19ના લીધે કરવામાં આવેલ લોકડાઉન છે જેનાથી માનવીય પ્રવૃત્તિઓ પર રોક લગાવવામાં આવી હતી.

### અર્થ ઓવરશોટ ડે કોણ નક્કી કરે છે ?

- આ દિવસને નિર્ધારિત કરવાનું કાર્ય એ આંતરરાષ્ટ્રીય થિંક ટેંક "ગ્લોબલ ફૂટપ્રિંટ નેટવર્ક"થી જોડાયેલા શોધકર્તાઓ દ્વારા કરવામાં આવે છે.

## રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ

- તાજેતરમાં પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ પર એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો જેમાં 2024 સુધીમાં વાયુ પ્રદૂષણમાં 20-30% ઘટાડો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.
- નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા આ રિપોર્ટ પર નારાજગી વ્યકત કરવામાં આવી હતી.

### શા માટે રિપોર્ટ પર વિવાદ થઈ રહ્યો છે ?

- તાજેતરમાં પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ (NTG)ને સૂચિત કરેલ છે કે એક સમિતિએ રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ (NCAP) અંતર્ગત પ્રદૂષકોમાં 20-30%ના ઘટાડાને ઉચિત બતાવેલ છે.
- મંત્રાલય અનુસાર એક સીમાથી આગળ પ્રદૂષણને નિયંત્રિત કરી શકાય નહી.
- જો કે NGJ દ્વારા મંત્રાલયના જવાબને નકારી દીધો હતો. અને જણાવ્યું હતું કે આ બાબત એ અનુચ્છેદ 21 અંતર્ગતની બંધારણીય જોગવાઈથી વિરુદ્ધ છે.

### NGT દ્વારા જણાવવામાં આવેલી બાબતો

- "સ્વચ્છ હવાનો અધિકાર"ને "જીવનના અધિકાર"ના રૂપમાં માન્યતા આપવામાં આવી છે, અને પ્રદૂષણની સમસ્યા હલ કરવામાં નિષ્ફળતા એ જીવનના અધિકારનું ઉલ્લંઘન છે.
- સતત/ટકાઉ વિકાસ અને "પબ્લિક ટ્રસ્ટ"ના સિધ્ધાંતોના અમલ માટે અને આંતરરાષ્ટ્રીય કરારો હેઠળના આદેશોને અસરકાર બનાવવા માટે સખત પગલા લેવાની જરૂરી છે. તેના માટે "પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, 1986" અને અન્ય કાયદાઓ બનાવવામાં આવ્યા છે.

### સ્વચ્છ વાયુ કાર્યક્રમ અંતર્ગતના આદેશો

- આ કાર્યક્રમ અંતર્ગત 10 વર્ષમાં બધા માપદંડોને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખવામાં આવેલ છે. જેમાં પ્રથમ 3 વર્ષોમાં પ્રદૂષણ અંતર્ગત 35% નો ઘટાડો કરવામાં આવશે અને ત્યારબાદ અન્ય પ્રદૂષણને સમાપ્ત કરવામાં આવશે.
- તેનો અર્થ એ છે કે, 10 વર્ષો સુધી પ્રદૂષણની સમસ્યા બની રહેશે જે જીવનના અધિકાર અંતર્ગત સ્વચ્છ વાયુથી વંચિત રાખવાનો લાંબો સમયગાળો છે.
- આ ઉપરાંત કાર્યક્રમ અંતર્ગત સ્પષ્ટ કરવામાં આવેલ નથી કે કયાં પ્રકારે પ્રદૂષકોને ઓછા કરવામાં આવશે.
- વર્ષ 2019માં "નોન એટેનમેંટ સિટી"ની સંખ્યા 102થી વધીને 122 થઈ ગઈ છે. નોન એટેનમેંટ સિટી એવા શહેરો છે જે સતત 5 વર્ષો સુધી PM1O અથવા નાઈટ્રોજન ડાયોકસાઈડ માટેના નિર્ધારિત માપદંડો પૂરા કરવામાં નિષ્ફળ રહયા હોય.

### Back to basics : સ્વચ્છ વાયુ કાર્યક્રમ વિશે

- તે કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા વર્ષ 2019માં શરૂ કરવામાં આવેલ કાર્યક્રમ છે.
- હવાના પ્રદૂષણને દૂર કરવા હેતુ રાજ્યો અને કેન્દ્રોને એક રૂપરેખા આપવા યોજનાના રૂપમાં આ કાર્યક્રમની પરિકલ્પના કરવામાં આવી છે.
- કાર્યક્રમનું મુખ્ય લક્ષ્ય એ વર્ષ 2024 સુધીમાં વાતાવરણમાંથી ઓછામાં ઓછા 20% લઘુ તથા સુક્ષ્મ કણોની માત્રા ઓછું કરવાનો છે.
- કાર્યક્રમ દ્વારા PM10 અને PM5 અંતર્ગત 2024 સુધીમાં 20-30% ઘટાડો કરવામાં આવશે. તેના માટે વર્ષ 2017ને આધાર વર્ષ માનવામાં આવશે.

# 7. ઈતિહાસ અને સંસ્કૃતિ

## લિંગરાજ મંદિર

- તાજેતરમાં ઓડિશા સરકાર દ્વારા 11મી સદીના લિંગરાજ મંદિરને તેની 350 વર્ષ જૂની સંરચનાત્મક સ્થિતિ પ્રદાન કરવાની ઘોષણા કરવામાં આવી છે.
- તેનો ઉદ્દેશ્ય લિંગરાજ મંદિર અને તેની આજુબાજુ આધ્યાત્મિક અને પારિસ્થિતિક વાતાવરણનું નિર્માણ કરવાનો છે.

### Back to basics : લિંગરાજ મંદિર વિશે

- લિંગરાજ મંદિર એ, શિવને સમર્પિત એક મંદિર છે જે ઓડિશાના ભુવનેશ્વર જિલ્લામાં સ્થિત સૌથી જૂના મંદિરોમાંથી એક છે.
- આ મંદિર એ કલિંગ વાસ્તુકલાથી શ્રેષ્ઠતાને દર્શાવે છે અને ભુવનનેશ્વરમાં સ્થાપત્ય પરંપરાના મધ્યકાલીન ચરણની પણ શ્રેષ્ઠતાનું પ્રતિનિધિત્વ કરે છે.
- એવું માનવામાં આવે છે કે આ મંદિરનું નિર્માણ એ સોમવંશી રાજવંશના રાજાઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જેનું ત્યારબાદ ગંગ શાસકો દ્વારા નિર્માણ કરવામાં આવ્યું હતું.
- આ મંદિરમાં વિષ્ણુની મૂર્તિઓ સ્થાપિત છે, જે સંભવિત ગંગ શાસકોના સમયે જગન્નાથ સંપ્રદાયના વિકાસ ક્રમને દર્શાવે છે જેમણે 12મી સદીમાં જગન્નાથ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.

### લિંગરાજ મંદિરની વાસ્તકુલા

- આ મંદિરનું નિર્માણ એ દેઉલા શૈલી (Deula Style)માં કરવામાં આવ્યું છે, જેમાં નીચેના 4 ઘટકોનો સમાવેશ થાય છે.

**દેઉલા શૈલીના ઘટકો**

| ઘટક | માહિતી |
|---|---|
| વિમાન | ગર્ભગૃહયુક્ત સંરચના |
| જગમોહન | એસેબલી હોલ |
| નટામંડીરા | ફેસ્ટિવલ હોલ |
| ભોગ | મંડપ–પ્રસાદનો હોલ |

## ઓણમ

- કેરળના મહાન શાસક રાજા મહાબાલીની યાદમાં ઓણમનો ઉત્સવ ઉજવવામાં આવે છે.
- ઓણમ કેરળનો સૌથી પ્રખ્યાત તહેવાર છે, જે ઘણીવાર સપ્ટેમ્બરના પહેલા પખવાડિયામાં ઉજવાય છે.
- તેને રાજ્યનો કૃષિ ઉત્સવ કહેવામાં આવે છે અને મુખ્યત્વે મલયાલી હિન્દુઓ દ્વારા ઉજવવામાં આવે છે.
- ઓણમ મલયાલમ કેલેન્ડરના પ્રથમ મહિના 'ચિંગમ'થી શરૂ થાય છે, તેથી તેને મલયાલી હિન્દુઓનું નવું વર્ષ પણ કહેવામાં આવે છે.
- આ તહેવારનો પ્રથમ અને અંતિમ દિવસ જે લગભગ 10-12 દિવસ સુધી ચાલે છે, તે સૌથી મહત્ત્વપૂર્ણ છે.
- ઓણમના દિવસે પરંપરાગત રમતો, સંગીત અને નૃત્યનું આયોજન કરવામાં આવે છે.
- પુલીકલ્લી અથવા ટાઈગર ડાન્સ કેરળના થ્રિસુરમાં ઉજવવામાં આવતા ઓણમ ઉત્સવનો આવશ્યક ભાગ છે.
- પુલીકલ્લીમાં કેટલાક વિશેષ લોકો ડ્રમ્સ અને તીવ્ર સંગીત સાથે તેમના શરીર પર તેજસ્વી પીળા અને કાળા રંગમાં સિંહને ચિત્રિત કરીને શહેરની આસપાસ ફરતા હોય છે.

## ASIના સાત નવા વહીવટી વર્તુળો

- તાજેતરમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે સ્મારકોના સંચાલનને સુધારવા માટે ભારતીય પુરાતત્વીય સર્વેક્ષણ (ASI)ના સાત નવા વહીવટી વર્તુળોની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી.

### ASIના સાત નવા વહીવટી વર્તુળોની મુખ્ય બાબતો

- આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ પુરાતત્વીય સ્મારકોની જાળવણી અને નોંધણીની પ્રક્રિયાને સુવિધાજનક બનાવવાનો છે.
- આ નવા વર્તુળો જબલપુર (મધ્યપ્રદેશ), ત્રિચી (તમિલનાડુ), ઝાંસી અને મેરઠ (ઉત્તર પ્રદેશ), હમ્પી (કર્ણાટક), રાયગંજ (પશ્ચિમ બંગાળ) અને રાજકોટ (ગુજરાત)માં બનાવવામાં આવશે.

- હમ્પી મીની સર્કલને નવા વર્તુળમાં અપગ્રેડ કરવામાં આવેલ છે અને દિલ્હી મીની સર્કલને દિલ્હી સર્કલમાં જોડવામાં આવેલ છે.
- તમિલનાડુ જેવા વિશાળ રાજ્યમાં જેમાં હજારો મંદિરો છે અને ચોલા સામ્રાજ્યનો મહાન ઈતિહાસ છે ત્યાં ત્રિચીને ચેન્નાઈ વર્તુળની સાથે એક નવું વર્તુળ બનાવવામાં આવ્યું છે.
- કર્ણાટકનું હમ્પી શહેર પુરાતત્વીય વારસોની દ્રષ્ટિએ આંતરરાષ્ટ્રીય મહત્વનું સ્થાન છે, તેથી હમ્પી પેટાવર્તુળને હવે એક નવું સંપૂર્ણ વિકસિત વર્તુળ બનાવવામાં આવ્યું છે.
- પશ્ચિમ બંગાળમાં રાયગંજને કોલકાતા સાથે એક નવું વર્તુળ રચાયું છે જેમાં પશ્ચિમ બંગાળ જેવા વિશાળ રાજ્યમાં ભૌગોલિક અસુવિધાને દૂર કરશે.
- ગુજરાતમાં રાજકોટને વડોદરા સાથે એક નવું સર્કલ બનાવવામાં આવ્યું છે.
- જબલપુર એ મધ્ય પ્રદેશમાં ભોપાલની સાથે રચાયે એક નવું વર્તુળ છે. તેમાં જબલપુર, રેવા, શાહદો અને સાગર વિભાગના સ્મારકોનો સમાવેશ થશે.
- પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં મેરઠ અને બુંદેલખંડમાં ઝાંસીને ઉત્તર પ્રદેશમાં લખનઉ અને આગ્રાની સાથે બે નવા વર્તુળો તરીકે જાહેર કરવામાં આવ્યા છે.
- નોંધનીય છે કે અગાઉ દેશભરમાં 29 ASI વર્તુળો હતા.

## પ્રકાશ પર્વ

- 19 ઓગસ્ટ, 2020ના રોજ ભારતના પ્રધાનમંત્રીએ પવિત્ર ગ્રંથ "ગુરૂ ગ્રંથ સાહિબ"ના પ્રકાશ પર્વ પર દેશવાસીઓને શુભકામનાઓ પાઠવી હતી.

### પ્રકાશ પર્વ અને ગુરુગ્રંથ સાહેબ વિશે

- વર્ષ 1604માં પ્રથમ પ્રકાશ પર્વ ઉત્સવ એ હરમિંદર સાહિબમાં ગુરુ ગ્રંથ સાહિબની સ્થાપનાના રૂપમાં મનાવવામાં આવ્યો હતો, જેને સ્વર્ણ મંદિરના નામથી પણ ઓળખવામાં આવે છે.
- શીખ ધર્મમાં ગુરુ ગ્રંથ સાહિબને શાશ્વત ગુરુનો દરજ્જો આપવામાં આવ્યો છે, તેને કારણે તેને "આદિ ગ્રંથ"ના રૂપમાં પણ ઓળખવામાં આવે છે. આ શીખ ધર્મનો પ્રમુખ ગ્રંથ છે.
- આદિ ગ્રંથને શીખ ધર્મના 10માં ગુરુ "ગુરુ ગોવિંદ સિંહે" પોતાનુ કોઈ ભજન જોડ્યું ન હતું, જો કે તેમણે 9માં શીખ ગુરુ "ગુરુ તેગ બહાદુર"ના બધા 115 ભજનોને જોડયા અને તેના ઉત્તરાધિકારીના રૂપમાં પાઠની પુષ્ટિ કરી હતી.
- ગુરુ ગ્રંથ સાહિબને ગુરૂમુખી લિપિમાં વિભિન્ન ભાષાઓમાં લખવામાં આવેલ છે, જેમાં લાહંડા, બ્રજભાષા, કૌરવી, સંસ્કૃત, સિંધી અને ફારસીનો સમાવેશ થાય છે.
- ગુરુ ગ્રંથ સાહિબની રચના મુખય રૂપથી 6 શીખ ગુરુઓ (ગુરુ નાનક, ગુરુ અંગદ, ગુરુ અમર દાસ, ગુરુ રામ દાસ, ગુરુ અર્જુન દેવ અને ગુરુ તેગ બહાદુર) દ્વારા કરવામાં આવી હતી.
- ગુરુ ગ્રંથ સાહિબની મૂળ ચેતના "કોઈપણ પ્રકારના ઉત્પીડન વિના દૈવીય ન્યાય પર આધારિત સમાજની સ્થાપના" પર આધારિત છે.

## નુઆખાઈ જુહાર

- તાજેતરમાં ભારતીય પ્રધાનમંત્રીએ "નુઆખાઈ જુહાર" ના અવસર પર દેશના ખેડૂતોને શુભકામનાઓ આપી હતી.

### નુઆખાઈ જુહારની મુખ્ય બાબતો

- આ એક કૃષિ ઉત્સવ છે જેને 'નુઆખાઈ પર્વ' કે 'નુઆખાઈ ભેટઘાટ' તરીકે પણ ઓખળવામાં આવે છે.
- નુઆખાઈ એ બે શબદોથી મળીને બનેલ છે જે નવા ચોખા ખાવાના મહત્ત્વને દર્શાવે છે. 'નુઆ' નો અર્થ નવું અને 'ખાઈ'નો અર્થ ખાવું એવો થાય છે.
- તે બદલતા હવામાન સાથે નવા પાકનું સ્વાગત કરવા પશ્ચિમી ઓડિશા, દક્ષિણી છત્તીસગઢ અને ઝારખંડના અમુક ક્ષેત્રોમાં મનાવવામાં આવતો પ્રાચીન તહેવાર છે.
- આ તહેવાર એ ગણેશ ચતુર્થીના એક દિવસ પછી મનાવવામાં આવે છે.
- આ દિવસે ખેડૂતો એ અન્નની પૂજા કરે છે અને વિશેષ ભોજન તૈયાર કરે છે. ઓડિશાના સંબલપુર જિલ્લાની પ્રસિદ્ધ "માતૃ દેવ" દેવી સમલેશ્વરીને ખેડૂતો પોતાની ભૂમિની પ્રથમ ઉપજના રૂપમાં અમુક અન્ન અર્પિત કરે છે.


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

icerajkot

# CURRENT AFFAIRS

## Click to Play




# Continue...

YouTube
SUBSCRIBE

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 8. અન્ય સંક્ષિપ્ત વર્તમાન પ્રવાહો

## ફિટ ઈન્ડિયા યૂથ કલબ

- કેન્દ્રિય યુવા અને ખેલ મંત્રી દ્વારા 74માં સ્વતંત્રતા દિવસ પર નાગરિકો વચ્ચે ફિટનેસને પ્રોત્સાહન આપવા “ફિટ ઈન્ડિયા યૂથ કલબ” નામની દેશવ્યાપી પહેલની શરૂઆત કરી હતી.

### ફિટ ઈન્ડિયા યૂથ કલબની મુખ્ય બાબતો :

- તે પ્રધાનમંત્રી દ્વારા કલ્પના કરવામાં આવેલ “ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ”નો ભાગ છે. તેના અંતર્ગત તંદુરસ્તીના મહત્ત્વ વિશે વ્યાપક જાગૃતિ લાવવા યુવાનોની શકિતનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.
- આ પહેલ અંતર્ગત નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન અને રાષ્ટ્રીય સેવા યોજનાના 75 લાખ સ્વયંસેવકો, સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સ, રાષ્ટ્રીય કૅડેટ કોર અને અન્ય યુવા સંગઠનો સાથે મળીને દેશના પ્રત્યેક જિલ્લાના પ્રત્યેક બ્લોકમાં “ફિટ ઈન્ડિયા યુથ કલબ”ના રૂપમાં નોંધણી માટે જશે.
- આ ફિટ ઈન્ડિયા યૂથ કલબના પ્રત્યેક સદસ્ય પોતાની દૈનિક દિનચર્યામાં સમુદાયના લોકોને 30-60 મિનિટ ફિટનેસ પ્રવૃત્તિ માટે પ્રેરિત કરશે.

## રાકેશ અસ્થાના ‘સીમા સુરક્ષા બલ’ના નવા ડાયરેક્ટર જનરલ

- તાજેતરમાં IPS અધિકારી રાકેશ અસ્થાનાને સીમા સુરક્ષા બલ (Border Security Force-BSF)ના ડાયરેકટર જનરલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.
- તેઓ BSFના 27માં ડાયરેટર જનરલ બન્યા છે અને તેમની નિવૃત્તિ સુધી (આવનારા 2 વર્ષ) સુધી આ પદ પર રહેશે.

## ચેસ ઓલિમ્પિયાડ

- તાજેતરમાં ભારતે પ્રથમ વખત ચેસ ઓલિમ્પિયાડ જીતીને ઈતિહાસ રચ્યો છે.
- ઓનલાઈન ચેસ ઓલિમ્પિયાડની અંતિમ મેચમાં ભારતને રશિયા સાથે સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું.
- ભારતે પ્રથમ વખત આ ઓલિમ્પિયાડમાં ગોલ્ડ મેડલ જીત્યું છે. જ્યારે રશિયાએ 24 વખત જીત મેળવી છે.
- આંતરરાષ્ટ્રીય ચેસ ફેડરેશન વૈશ્વિક રોગચાળા COVID-19 ને ધ્યાનમાં રાખીને પ્રથમ વખત ઓનલાઈન ચેસ ઓલિમ્પિયાડનું આયોજન કર્યુ હતું.
- ભારતની આ જીત પણ વિશેષ છે કારણ કે તે પ્રથમ વખત આ ટૂર્નામેન્ટની ફાઈનલમાં પહોંચી હતી.
- જોકે રશિયા સાથે ભારતની સંયુક્ત રીતે વિજેતા તરીકે પસંદગી કરવામાં આવી છે. રશિયા સામે રમાઈ રહેલી અંતિમ મેચ ઈન્ટરનેટ કનેક્શન તૂટી ગયા પછી પૂરી થઈ શકી ન હતી, જેના કારણે ભારત અને રશિયા સંયુક્ત રીતે વિજેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. અંતિમ મેચમાં રશિયાને ચેસ ઓલિમ્પિયાડના વિજેતા જાહેર કરાયુ હતું, પરંતુ ભારતે અપીલ દાખલ કરી હતી અને તપાસ બાદ ભારત અને રશિયા બંનેને સંયુક્ત વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

## રાણી લક્ષ્મીબાઈ સેન્ટ્રલ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી

- વડાપ્રધાને વિડીયો કોન્ફરન્સ દ્વારા 29 ઓગસ્ટે રાણી લક્ષ્મીબાઈ સેન્ટ્રલ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીની કોલેજ અને વહીવટી બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.
- રાણી લક્ષ્મીબાઈ કેન્દ્રીય કૃષિ યુનિવર્સિટી એ દેશની પ્રથમ કૃષિ યુનિવર્સિટી છે, જે ભારત સરકાર દ્વારા સંસદ અધિનિયમ દ્વારા વર્ષ 2014માં રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા તરીકે સ્થાપિત કરવામાં આવી હતી.
- યુનિવર્સિટીનું મુખ્ય મથક ઉત્તર પ્રદેશ રાજ્યના ઝાંસીમાં સ્થિત છે. યુનિવર્સિટીને કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય ભારત સરકાર નવી દિલ્હી દ્વારા સીધા નાણાં પૂરા પાડવામાં આવે છે.

## માનસિક સ્વાસ્થ્ય માટે હેલ્પલાઈન નંબર

- કેન્દ્ર સરકારે માનસિક આરોગ્ય પુનર્વસન માટે 'કિરણ' હેલ્પલાઈન સેવા શરૂ કરી છે.
- જે લોકો દેશભરમાં માનસિક આરોગ્ય સેવાઓ શોધી રહ્યા છે તેઓ આ સુવિધા 'કિરણ' હેલ્પલાઈન દ્વારા મેળવી શકશે. આ એક મફત હેલ્પલાઈન છે, જે કેન્દ્ર સરકારે શરૂ કરી છે.
- સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય અને તેના સહયોગી દ્વારા તૈયાર કરવામાં આવેલી હેલ્પલાઈન 1800-599-0019 અંતર્ગત પ્રાથમિક તપાસ પ્રાથમિક સારવાર મનોવૈજ્ઞાનિક સમર્થન, તણાવ વ્યવસ્થાપન, માનસિક સ્વાસ્થ્યમાં સુધારણા, મનોવૈજ્ઞાનિક ક્ષેત્રમાં વિકૃત વર્તન અટકાવવા અને સંકટ વ્યવસ્થાપન આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- માનસિક આરોગ્ય પુનર્વસન સેવાઓ પ્રદાન કરવા સાથે હેલ્પલાઈનનો હેતુ તણાવ, અસ્વસ્થતા, હતાશા, પેનિક અટેક, પોસ્ટ ટ્રોમેટિક સ્ટ્રેસ, ડિસઓર્ડર, પદાર્થના દુરૂપયોગ આત્મહત્યાના વિચારો, માનસિક આરોગ્ય કટોકટીઓ સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે.

## આફ્રિકાએ વાઈલ્ડ પોલિયો મુક્ત જાહેર

- તાજેતરમાં આફ્રિકા ખંડને વાઈલ્ડ પોલિયો રોગથી સંપૂર્ણપણે મુક્ત જાહેર કરવામાં આવ્યું છે. સ્વતંત્ર એજન્સી આફ્રિકા રિજનલ સર્ટિફિકેશન કમિશન દ્વારા તેની જાહેરાત કરવામાં આવી છે.
- આફ્રિકામાં હવે માત્ર રસી–ઉત્પન્ન પોલિયો વાયરસ જ જીવીત છે.

### દેશ ક્યારે પ્રમાણિત વાઇલ્ડ પોલિયો મુક્ત જાહેર કરવામાં આવે છે.

- જો કોઈ દેશમાં સતત ત્રણ વર્ષથી વાયરસના કોઈ પુરાવા ન હોય તો, દેશને વાઈલ્ડ પોલિયો મુક્ત પ્રમાણિત કરવામાં આવે છે.
- નાઈજીરીયા એ છેલ્લો આફ્રિકન દેશ હતો જેને વાઈલ્ડ પોલિયોથી મુક્ત જાહેર કરાયો છે.

### કયા દેશોમાં હજી પણ વાઈલ્ડ પોલિયો છે

- પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં હજી પણ વાઈલ્ડ પોલિયો હાજર છે.

## સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર

- દેશની એકતા અને અખંડતામાં યોગદાનના ક્ષેત્રમાં આપવામાં આવતા સર્વોચ્ચ નાગરિક સમ્માન "સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર" માટે ઓનલાઈન નામાંકનની પ્રક્રિયાની સમય–મર્યાદા 31 ઓક્ટોબર સુધી વધારવામાં આવી છે.

### સરદાર પટેલ રાષ્ટ્રીય પુરસ્કાર વિશે

- ભારત સરકારે સરદાર પટેલના નામ પર દેશની એકતા અને અખંડતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે આ સર્વોચ્ચ નાગરિક પુરસ્કારનું ગઠન કર્યું છે.
- ધર્મ, જાતિ, લિંગ, જન્મ–સ્થાન, ઉંમર કે વ્યવસાયને ધ્યાનમાં લીધા વિના બધા જ નાગરિકો/સંસ્થા/સંગઠન આ પુરસ્કાર માટે પાત્ર છે.
- આ પુરસ્કાર અંતર્ગત એક પદક અને પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે. જો કે પુરસ્કાર અંતર્ગત કોઈપણ નાણાકીય અનુદાન કે રોકડ પુરસ્કાર આપવામાં આવતું નથી.

## ગજાનંદ યાદવ

- વિંગ કમાંડર ગજાનંદ યાદવે એર એડવેંચર શ્રેણીમાં "તેનઝિંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસિક પુરસ્કાર 2019" જીત્યો હતો.
- ગજાનંદ યાદવ એ પૈરાશૂટ જંપ ટ્રેનર છે. તેઓ ભારતીય વાયુ સેનાની સ્કાઈડાઈવિંગ ટીમ" આકાશ ગંગા"ના સદસ્ય પણ છે.
- તેમણે આજ સુધી 2900થી વધુ વખત છલાંગ લગાવી છે.
- તેનજિંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસિક પુરસ્કારો એ સાહસિક


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

રમતોમાં ભારતનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર માનવામાં આવે છે.

- આ પુરસ્કારને અર્જુન પુરસ્કારની સમકક્ષ માનવામાં આવે છે.
- સાહસના ક્ષેત્રમાં લોકોની ઉપલબ્ધિઓને ઓળખવા પ્રત્યેક વર્ષે આ પુરસ્કાર આપવામાં આવે છે.
- આ પુરસ્કારો એ 4 શ્રેણીઓ અર્થાત્ વાયુમાં સાહસ, ભૂમિ પર સાહસ, પાણીમાં સાહસ અને જીવન ભરની ઉપલબ્ધિઓ માટે આપવામાં આવે છે.
- રાષ્ટ્રીય પસંદગી સમિતિ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ ભલામણોના આધાર પર કેન્દ્ર સરકાર દ્વારા આ પુરસ્કાર આપવામાં આવે છે.

## રોપ વે

- તાજેતરમાં આસામ સરકાર દ્વારા બ્રહ્મપુત્રા નદી પર નિર્મિત ભારતના સૌથી લાંબા યાત્રી રોપ વે (Roopway)નું ગુવાહાટીમાં અનાવરણ કર્યું હતું.
- 1.82 કિમી. લાંબો "બાઈ–કેબલ જિગ–બૈક રોપવે" બ્રહ્મપુત્રા નદીના દક્ષિણી તટ પર ગુવાહાટી શહેરમાં સ્થિત છે.
- રોપ વેના નિર્માણથી એક કિનારાથી બીજા કિનારે માત્ર 8 મિનિટમાં પહોંચી શકાશે.

## માય IAF એપ

- વાયુ સેનાના પ્રમુખ એર ચીફ માર્શલ રાકેશ કુમાર સિંહ ભદૌરિયા દ્વારા ડિજિટલ ઈન્ડિયા પહેલ અંતર્ગત "માય IAF એપ"ની શરૂઆત કરી હતી.
- સી–ડેક (C-DAC)ના સહયોગથી વિકસિત આ એપ વાયુ સેનામાં ભરતી થવા ઈચ્છુક યુવાઓને કરિયર સંબંધી જાણકારી આપશે.
- આ ઉપરાંત એપ અંતર્ગત વાયુ સેનાના ઈતિહાસ અને તેમની શોર્ય ગાથાઓ વિશેની જાણકારી આપવામાં આવી છે.

## INS વિરાટ

- 3 વર્ષ પહેલા સેવામુક્ત થયેલ વિમાન–વાહક જહાજ "વિરાટ" (INS વિરાટ)ને આવતા મહિને મુંબઈથી ગુજરાતના અલગ ખાતે સ્થિત શિપયાર્ડમાં લઈ જઈને કચરા (Scrapped)માં પરિવર્તિત કરવામાં આવશે.
- ભારતીય નૌ–સેના મુજબ, "ધાતુ સ્કેપ વ્યાપાર નિગમ લિમિટેડ" (MSTC) દ્વારા INS વિરાટને ઈ–નીલામીના માધ્યમથી ગુજરાતના "શ્રી રામ ગ્રીન શિપ રિસાયકલિંગ ઈન્ડસ્ટ્રીઝ"ને વેચી દેવામાં આવ્યું હતું.
- INS વિરાટ એ વિશ્વમાં સૌથી વધુ સમય સુધી સેવામાં રહેનાર યુદ્ધ જહાજ છે.

## ફાસ્ટૈગ

- સરકારે પૂરા દેશના રાજમાર્ગો પર ટોલ પ્લાઝા પર કોઈપણ છૂટ માટે ફાસ્ટૈગને અનિવાર્ય કરેલ છે.
- ડિજિટલ ચૂકવણીને પ્રોત્સાહન આપવા અને રાષ્ટ્રીય રાજમાર્ગો પર અવરોધ વિના યાત્રા સુનિશ્ચિત કરવા આ નિર્ણય કરવામાં આવ્યો છે.
- સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે કાયદેસર ફાસ્ટૈગ ધરાવતા વાહનોની 24 કલાકની અંદર રિર્ટન યાત્રા પર છૂટ આપવા "રાષ્ટ્રીય રાજમાર્ગ શૂલ્ક નિયમ, 2008"માં સુધારો કર્યો છે.

### Back to basics : ફાસ્ટૈગ વિશે

- ફાસ્ટૈગ એક રેડિયો ફિકવન્સી આઈડેન્ટીફિકેશન (RFID) કાર્ડ હોય છે જેને વાહનની વિંડસ્કીન પર લગાવવામાં આવે છે.
- વાહનોને RFID કાર્ડના રૂપમાં એક રેડિયો ફિકવન્સી ટૈગ આપવામાં આવે છે.
- પ્રત્યેક ટોલ પ્લાઝા પર એક RFID રીડર લગાવવામાં આવે છે જે એક સેન્સરના રૂપમાં કાર્ય કરે છે અને રેડિયો ફીકવન્સી દ્વારા કાર્ડની માન્યતા અને રકમની તપાસ કરે છે.
- જો કાર્ડમાં રકમ ઉપલબ્ધ હોય તો તેની ચૂકવણી કાર્ડમાંથી રકમ કપાઈને જ થઈ જાય છે અને ટોલ પર વાહનને ઊભુ રાખવાની જરૂર પડતી નથી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMO)

- રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ ઓપન માર્કેટ ઓપરેશન્સ (OMO)ના માધ્યમથી કુલ રૂ. 20,000 કરોડના મૂલ્યની સરકારી જામીનગીરીઓનું એકસાથે ખરીદ–વેચાણ કરશે.
- OMOનું સંચાલન એ બે ચરણોમાં કરવામાં આવશે. RBIની હરાજી 2 તબક્કામાં 27 ઓગસ્ટ અને 3 સપ્ટેમ્બરના રોજ આયોજીત કરવામાં આવશે.
- 27 ઓગસ્ટના આયોજીત થનાર OMO અંતર્ગત વર્ષ 2024થી વર્ષ 2032 વચ્ચે પરિપકવ થતી લાંબા સમયની સરકારી જામીનગીરીને ખરીદવામાં આવશે.
- આ સાથે જ RBI દ્વારા વર્ષ ઓક્ટોબર અને નવેમ્બરમાં પરિપકવ થતી જામીનગીરીનું વેચાણ કરવામાં આવશે.

## સંસદીય અધ્યક્ષોનું વૈશ્વિક સંમેલન

- તાજેતરમાં લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલા દ્વારા પાંચમાં "સંસદીય અધ્યક્ષોનું વૈશ્વિક સંમેલન" (World Conference of Speakers of Parliament-WCSP) માં વર્ચ્યુલ ધોરણે ભાગ લેવામાં આવ્યો હતો.
- તેનું આયોજન જિનીવા સ્થિત ઈન્ટર પાર્લિમેન્ટરી યુનિયન અને પાર્લામેન્ટ ઓફ ઓસ્ટ્રિયા દ્વારા સંયુકત રાષ્ટ્રના સહયોગથી કરવામાં આવ્યું હતું.
- પાંચમાં સંસદીય અધ્યક્ષોના વૈશ્વિક સંમેલનની થીમ "Poarliamentary Leadership for More Effective Multilateralism that delivers Peace and Sustainable Development for the Poepole and Planet."

## નિંજા UAV

- તાજેતરમાં ભારતીય રેલવે દ્વારા સુરક્ષા માટે ડ્રોન આધારિત નિરીક્ષણ પ્રણાલી "નિંજા UAV (Unmanned Aerial Vehicle)નો શુભારંભ કર્યો હતો.
- આ ડ્રોન રિયલ ટાઈમ ટ્રેકિંગ અને વીડિયો સ્ટ્રીમિંગમાં સક્ષમ છે, અને તેને ઓટોમેટિક સેફ મોડ પર સંચાલિત કરી શકાય છે.
- એક ડ્રોન કેમેરો એટલા મોટા ક્ષેત્રને કવર કરી શકે છે જેના માટે 8-19 RPF કર્મીઓની આવશ્યકતા હોય છે.
- આ ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ આપત્તિ સ્થળોએ બચાવ, પુનઃપ્રાપ્તિ અને પુનઃસ્થાપન કામગીરીમાં પણ કરવામાં આવશે.

## વૈશ્વિક માનવતાવાદી દિવસ

- તાજેતરમાં 19 ઓગસ્ટના રોજ સંયુકત રાષ્ટ્ર દ્વારા 11માં "વૈશ્વિક માનવતાવાદી દિવસ" (World Humanitarian Day)ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ દિવસ એ વૈશ્વિક સ્તરે માનવતાવાદી બાબતોને ઊજવવા મનાવવામાં આવે છે અને અન્યને મદદ કરવા પોતાનું જીવન આપનારનો આભાર માનવામાં આવે છે.
- આ દિવસે સંયુકત રાષ્ટ્ર દ્વારા #RealLifeHeroes નામનો હેશટેગ જાહેર કરવામાં આવ્યો હતો.

## લેબર બ્યૂરોનો નવો લોગો

- તાજેતરમાં શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી દ્વારા લેબર બ્યૂરોનો નવો લોગો લોન્ચ કરવામાં આવ્યો હતો.
- નવો લોગો એ લેબર બ્યૂરોના ત્રણ સિદ્ધાંતો ચોકસાઈ, માન્યતા અને વિશ્વસનીયતાને દર્શાવે છે.
- લોગો અંતર્ગતનું બ્લૂ વ્હીલ એ કામનું પ્રતિનિધિત્વ કરે છે અને વાદળી/બ્લૂ રંગ એ બ્લૂ કોલર કામદારો સાથે લેબર બ્યૂરો કાર્ય કરે છે, તેનું સૂચન કરે છે.
- લોગો અંતર્ગત "ત્રણ કલરનો આલેખ" એ રાષ્ટ્રધ્વજના રંગોનું સૂચન કરે છે.

## IBM અને NSDC વચ્ચે કરાર

- તાજેતરમાં ટેક્નોલોજી કંપની IBM દ્વારા નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન સાથે મફત ડિજિટલ શિક્ષા આપવા ઉભરતી ટેક્નોલોજી અને પ્રોફેશનલ ડેવલપમેન્ટ સ્કીલ


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

આધારિત પ્લેટફોર્મ શરૂ કરવા કરાર કર્યો છે.

- IBM એ 60 કલાકથી વધારે સમયના 30થી વધુ કોર્સ શરૂ કરશે જેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બ્લોકચેઈન, મશીન લર્નિંગ, કલાઉડ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવશે.
- ભારતના યુવાઓને આ કોર્સ NSDCના ઈ–સ્કીલ ઈન્ડિયા પોર્ટલ પરથી મળશે.
- પ્રોફેશનલ ડેવલપમેન્ટ સ્કીલ જેમકે ડિઝાઈન થિંકિંગ એ 18-22 વર્ષની ઉંમરના લોકોને ફ્રીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ કોર્સ હિંદી, અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ હશે.

## બ્રિટન દ્વારા ભારતમાં ઈનોવેશન ચેલેન્જ ફંડ

- તાજેતરમાં યુનાઈટેડ કિંગ્ડમ દ્વારા ભારતમાં 3 મિલિયન પાઉન્ડનું ઈનોવેશન ફંડ લોન્ચ કર્યું હતું.
- COVID-19 અને આબોહવા પરિવર્તનથી નિપટવા માટે ઉદ્યોગો અને શિક્ષણવિદો અને ભારતીય વૈજ્ઞાનિકોને સમર્થન કરવા આ ફંડ લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ ફંડને કર્ણાટકમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કલસ્ટર્સ અને મહારાષ્ટ્રમાં ભવિષ્યના ગતિશીલતા કલસ્ટર સાથે જોડાવા ઈનોવેટર્સને આમંત્રિત કર્યા છે.
- આ પહેલ એ યૂકે–ભારત ટેક ભાગીદારીના નિર્માણમાં મદદ કરશે. આ ભાગીદારી વર્ષ 2018માં શરૂ કરવામાં આવી હતી.

## રમેશચંદ્ર ટાસ્ક ફોર્સ

- તાજેતરમાં નીતિ આયોગની રમેશ ચંદ્ર ટાસ્ક ફોર્સે શેરડીની કિંમતોને ખાંડના દરો સાથે જોડવાની ભલામણ કરી હતી.
- ટાસ્ક ફોર્સ મુજબ ઉદ્યોગને એક સારા નાણાકીય સ્વાસ્થ્યમાં રાખવાની જરૂરિયાત છે.
- ટાસ્ક ફોર્સ ન્યૂનત્તમ ખાંડની કિંમતોમાં રૂ. 33 પ્રતિકિગ્રા વધારવાની ભલામણ કરી છે.

### શેરડીના મૂલ્ય પર રમેશચંદ્ર ટાસ્ક ફોર્સનો રિપોર્ટ

- ટાસ્ક ફોર્સ દ્વારા શેરડીની કિંમતોને ખાંડ સાથે જોડવાની ભલામણ કરી છે.
- શેરડીની ખેતી કરતા ક્ષેત્રના ખેડૂતોનો પ્રોત્સાહન આપી ઓછા પાણીની જરૂરિયાતવાળા પાકમાં સ્થાનાંતરિત કરવા જોઈએ.
- ઓછા પાણીના પાકો માટે પ્રોત્સાહન તરીકે રૂ. 6000 પ્રતિ હેકટર આપવા જોઈએ.
- ખેડૂતોને તેમની શેરડીના ઉત્પાદનનું ઉચિત મૂલ્ય પ્રાપ્ત કરવાની મદદ કરવા માટે રેવન્યુ શેરિંગ ફોર્મૂલા શરૂ કરવી જોઈએ.
- એક મૂલ્ય સ્થિરતા કોષ પણ શરૂ કરવું જોઈએ 6 મહિનામાં શેરડીના ન્યૂનત્તમ સમર્થન મૂલ્યની સમીક્ષા કરવી જોઈએ.
- ટાસ્ક ફોર્સ 3 વર્ષના સમય માટે ખાંડ પર રૂ. 50 પ્રતિ કિવન્ટલના દરથી ઉપકર લગાવવાની ભલામણ કરી છે, જેનો ઉપયોગ ખેડૂતોની નાણાકીય સ્થિતિ સારી બનાવવા માટે કરી શકાય છે.

## ઈન્ટરનેશનલ બુકર પુરસ્કાર

- ડચ લેખક મૈરીકે લુકાસ રિઝનેવેલ્ડ એ આંતરરાષ્ટ્રીય બુકર પુરસ્કાર જીતનાર સૌથી નાની વયના લેખક બન્યા છે.
- તેમને પોતાની પ્રથમ નવલકથા “ધ ડિસ્કમ્ફર્ટ ઓફ ઈવનિંગ” માટે પુરસ્કાર આપવામાં આવેલ છે.
- ઈન્ટરનેશનલ બુકર પુરસ્કાર એ યુનાઈટેડ કિંગ્ડમ દ્વારા આપવામાં આવતો સાહિત્યક પુરસ્કાર છે.
- પુરસ્કાર અંતર્ગત 64000 ડોલર અથવા 50000 પાઉન્ડનું નકદ ઈનામ આપવામાં આવે છે.

## આંતરરાષ્ટ્રીય મહિલા વ્યાપાર કેન્દ્ર

- કેરલમાં સંયુકત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્યોના સંદર્ભમાં પ્રથમ “આંતરરાષ્ટ્રીય મહિલા વ્યાપાર કેન્દ્ર” સ્થાપિત કરવામાં આવશે.
- આ પ્રકારનું ભારતમાં પ્રથમ કેન્દ્ર સ્થાપવામાં આવશે.
- આ કેન્દ્ર મહિલા એન્ટરપ્રિન્યરશિપને પ્રોત્સાહન / ગતિ આપશે. આ ઉપરાંત વ્યવસાય શરૂ કરવા, વિસ્તાર કરવા અને વૈશ્વિક સ્તર પર એ સુરક્ષિત સ્થાન આપવા માટેની મદદ કરવામાં આવશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT